# પ્રકરણ-2

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

# પ્રકરણ-2

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

2.1.0 પ્રસ્તાવના

2.2.0 સંબંધિત સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ

2.3.0 અભ્યાસની સૈદ્ધાંતિક માહિતી

- 2.3.1 શૈક્ષણિક સિદ્ધિની સૈદ્ધાંતિક માહિતી
- 2.3.2 અભ્યાસટેવોની સૈદ્ધાંતિક માહિતી
- 2.3.3 શબ્દભંડોળની સૈદ્ધાંતિક માહિતી

2.4.0 પૂર્વે થયેલાં સંશોધનોનો સારાંશ

2.5.0 પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

2.6.0 પ્રસ્તુત અભ્યાસનું ઔચિત્ય

2.7.0 ઉપસંહાર

# પ્રકરણ-2

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

## 2.1.0 પ્રસ્તાવના

કોઈપણ સંશોધન માટે સંદર્ભ સાહિત્યનો અભ્યાસ અતિ મહત્વનો છે.સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધક પોતાની સમસ્યાને વધારે સ્પષ્ટ રીતે ઓળખવા, પોતે પસંદ કરેલી સમસ્યાની સૈદ્ધાંતિક બાબતો વિશે જાણવા માટે પોતે પસંદ કરેલ સમસ્યા દ્વારા હવે શું નવીન આપી શકાય તે જાણવા માટે કરે છે. આ સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધક સંદર્ભ સાહિત્યના વિવિધ સ્ત્રોતમાંથી કરે છે આવા સંદર્ભ સાહિત્યના સ્ત્રોતમાં પ્રાથમિક સ્ત્રોત તરીકે પીએચ.ડી કક્ષાએ થયેલાં સંશોધનો ખૂબ મહત્વનાં છે. આ સંશોધન માટેની યાદી Dissertation Abstract International (DAI) માંથી મળી શકે છે.યુ.એસ.એ. તથા કેનેડામાં દર વર્ષે આ એબસ્ટ્રેક્ટ્સ બહાર પાડે છે.તેમાં દરેક અંકમાં 375થી વધારે શોધનિબંધો અંગેની માહિતી આપવામાં આવે છે.

ભારતમાં એમ.બી.બુચના સંપાદન હેઠળ 1974માં Center for Advance Studies in Education (CASE) તરફથી પ્રસિદ્ધ A Survey of Research in Education માં 1972 સુધી ભારતની વિવિધ યુનિવર્સિટીઓમાં થયેલ એમ.એ., એમ.એડ્.,પીએચ.ડી., અને પોસ્ટ ડોક્ટરલ કક્ષાએ થયેલાં સંશોધનોના સારાંશ આપવામાં આવ્યા છે.

ગુજરાત ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી એમ.એસ.યુનિવર્સિટી, બરોડાએ કેટલાંક સંશોધનો અંગે અહેવાલ પ્રગટ કર્યા છે. જેવા કે Baroda Studies in Mental Measurement, Empirical Studies in Examinations વગેરે સંદર્ભ સાહિત્યનો અભ્યાસ ક્ષેત્રની સમસ્યા જાણવા, સંશોધનોનો વિષય જાણવા, વિષય પર દિશાસૂચન મેળવવા જેવી જરૂરિયાતોના સંદર્ભમાં કરવો જરૂરી બને છે. સંદર્ભ સાહિત્યના અભ્યાસ દ્વારા સંશોધક સંશોધનકાર્યના હેતુઓ,ઉત્કલ્પનાઓનું આયોજન, નિદર્શની પસંદગી, કાર્ય પદ્ધતિ, મર્યાદાઓ,

પૃથક્કરણ પદ્ધતિ, સંશોધનકાર્યના હેતુઓ ઉત્કલ્પનાઓનું આયોજન, નિદર્શની પસંદગી, કાર્યપદ્ધતિ,મર્યાદાઓ,પૃથક્કરણ પદ્ધતિ અને સંશોધનની સમગ્ર રૂપરેખાની સ્પષ્ટતા મેળવી શકે છે.

શૈક્ષણિક સંશોધનોમાં જર્નલ્સ,પુસ્તકો, અભ્યાસના અહેવાલ, જ્ઞાનકોષો, સંબધિત સંશોધનો, લઘુશોધ નિબંધ, કેળવણી ક્ષેત્રે થયેલાં સર્વેક્ષણો વગેરે સંદર્ભ સાહિત્યની ભૂમિકા પૂરી પાડે છે. તેના દ્વારા ભૂતકાળમાં થયેલાં અભ્યાસનુ પુનરાવર્તન ન થાય અને દરેક પાસાંઓની સૂક્ષ્મ રજૂઆત કરવાની માહિતી મળી શકે છે.

આમ, આવા પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતોનો અભ્યાસ સંશોધક માટે ખૂબ મહત્વનો સાબિત થાય છે.તેના દ્વારા સંશોધક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ થયેલાં સંશોધનો વિશે ઊંડાણથી માહિતી મેળવી શકે છે.આ ઉપરાંત સંબધિત સાહિત્યના અભ્યાસ દ્વારા સંશોધકને પૂર્વે થયેલાં સંશોધનો ક્યા ક્ષેત્રમાં થયાં છે, કેટલા ઊંડાણથી થયાં છે અને હવે તે ક્ષેત્રોમાં શાનો અવકાશ છે તે બાબતોની માહિતી મેળવી શકે છે.સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધકને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ પૂરો પાડે છે અને દિશાસૂચક તરીકે માહિતી પૂરી પાડે છે.

## 2.2.0 સંબંધિત સાહિત્યના અભ્યાસનું મહત્ત્વ

ભૂતકાળમાં થયેલાં સંશોધનોનો અભ્યાસ વર્તમાન અને ભવિષ્ય માટે એક  નવી દિશા પૂરી પાડે છે.સંદર્ભ સાહિત્યના અભ્યાસ દ્વારા સંશોધક પોતે હાથ ધરેલ અભ્યાસને યોગ્ય માર્ગે લઇ જઇ શકે છે. આ જ બાબત પ્રત્યે ધ્યાન દોરતાં **શ્રી સુખિયા અને મેહરોત્રા જણાવે છે કે,**

"અન્ય ક્ષેત્રોની માફક શિક્ષણના ક્ષેત્રે પણ સંશોધનકર્તા જે ક્ષેત્રમાંથી પોતાની સમસ્યા પસંદ કરવા ઈચ્છતા હોય એ ક્ષેત્રે જે કંઇ વિચારવું હોય, આકારિત થયેલુ હોય તેના વિશે અદ્યતન માહિતી મેળવવી જરૂરી છે"[1]

સંબધિત સાહિત્યનો અભ્યાસ પસંદ કરેલ સંશોધનના વિષયને વધુ વિશ્વસનિય બનાવે છે.સંશોધનના વ્યાપવિશ્વમાંથી નમૂનો કેટલો પસંદ કરવો, કેવી રીતે પસંદ કરવો, ઉપયોગ માટે કઇ

સંશોધન પદ્ધતિ અસરકારક નિવડશે, માહિતીનું આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ શી રીતે કરવું વગેરે બાબતોની સ્પષ્ટતા સંબધિત સાહિત્યના અભ્યાસ દ્વારા મળે છે.

આ ઉપરાંત સંબધિત સાહિત્યના અભ્યાસ દ્વારા અગાઉ થયેલાં સંશોધનોમાં કઇ બાબતોને મહત્ત્વ આપ્યુ છે. હવે તેમાં શેનો અવકાશ છે તેમજ પ્રસ્તુત અભ્યાસ અગાઉ થયેલાં સંશોધનો કરતાં કઇ રીતે જુદો પડે છે એ દર્શાવવા માટે પણ ઉપયોગી છે.સંદર્ભ સાહિત્યનો અભ્યાસ માહિતીનું પૃથક્કરણ તથા તારણોની તાર્કિક સમજ મેળવવા તેમજ તેનુ વૈજ્ઞાનિક અર્થઘટન કરવા માટે ઉપયોગી બને છે.

- સંક્ષિપ્તમાં જોઇએ તો સંદર્ભ સાહિત્યના અભ્યાસથી સંશોધકને પોતાના સંશોધન માટે પ્રમાણભૂત માહિતી મેળવવાની સમજ પ્રાપ્ત થાય છે.
- પોતાના સંશોધનોનો વ્યાપ જોતાં તેને અનુરૂપ મર્યાદા નક્કી કરવાનો ખ્યાલ આવે છે.
- સંશોધકને પોતે અપનાવેલી કાર્ય પદ્ધતિની જાણ થાય છે અને આ પદ્ધતિની વિશેષતા,વિશિષ્ટતાઓ અને ખામીઓ તથા તેના નિરાકરણ માટેની રીતોનો પણ ખ્યાલ આવે છે.
- સંશોધન કાર્યની યોજના કેવી રીતે ઘડવી કે જેથી સમય અને નાણાંનો ઓછામાં ઓછો દુર્વ્યય થાય તેની જાણકારી મળે છે.
- પૂર્વે થયેલાં અભ્યાસની સમીક્ષાને કારણે સંશોધક હાથ ધરેલ સંશોધનમાં ખ્યાલ બહાર રહી ગયેલી શક્યતાઓ પ્રત્યે પહેલેથી જ સચેત બને છે.

આમ, ભૂતકાળનાં સંશોધનોના આધારે વર્તમાન સંશોધનમાં પ્રકરણોની સાંકળ રચવામાં આવે તો તે સાંકળ વધુ અર્થપૂર્ણ બને છે અને વધુ ઉપયોગી થાય છે.સંશોધકને પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કર્યાનો સંતોષ મળે છે અને પોતે ભાવિ સંશોધન માટેનાં જરૂરી સૂચનો કરી શકે છે.ટૂંકમાં સંદર્ભ સાહિત્ય સંશોધન માટે પાયાનું કાર્ય છે.

## 2.3.0 અભ્યાસની સૈદ્ધાંતિક માહિતી

## 2.3.1 શૈક્ષણિક સિદ્ધિની સૈદ્ધાંતિક માહિતી

**વિષય શિક્ષણના ચોક્કસ હેતુઓના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સફળતા જે શૈક્ષણિક સિદ્ધિ.**

**એચ.ઈ. ગેરેટના મત મુજબ,**

"Actual performance often used in a reference to sure on education test or to school grades"[2]

કસોટીમાં ગ્રેડ આપવામાં આવતા હોય છે. જેમ કે, A, B, C, D જેમાં A ગ્રેડ એટલે કે ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તાંકો 70 થી 80 સુધીની ટકાવારી હોય, B ગ્રેડ એટલે કે 60 થી 70 સુધીની ટકાવારી જે મધ્યમ સિદ્ધિ પ્રાપ્તાંકો તથા, ગ્રેડ જેમાં નિમ્ન સિદ્ધિ પ્રાપ્તાંકો 50 થી 60 સુધીની ટકાવારી હોય અને D ગ્રેડ જે નાપાસ થાય કે કૃપાગુણથી ચઢાવવામાં આવે છે.

## 2.3.2 અભ્યાસટેવોની સૈદ્ધાંતિક માહિતી

**2.2.1 અભ્યાસટેવની ઐતિહાસિક ભૂમિકા :-**

એનસાયકલોપીડીયા અને શૈક્ષણિક સંશોધન ગ્રંથમાં અભ્યાસટેવ વલણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

વર્ષો પહેલાં શિક્ષણશાસ્ત્રીઓને વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારની અભ્યાસટેવ પ્રવર્તે છે. તેનું સંશોધન કરવાનું સૂઝ્યું. ઈ.સ. 1926 થી 1941 માં આ બધી સંશોધનીઓનો અભ્યાસ કરીને તેનું સંશોધન કર્યું. નબળા અને તેજસ્વી વિદ્યાર્થીઓને જુદા પાડતી એક સંશોધની કફે 1937 માં પ્રયોજી હતી. આ કાર્ય તેણે કેન્ટકી સ્કૂલના વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખીને કર્યું હતું. વારેન અને લાર્સને 1942 માં પ્રયોજાયેલી અભ્યાસટેવ અંગેની સંશોધની આજે પણ ઉપયોગમાં લેવાય છે.

બર્નાટે 1952માં અભ્યાસટેવ વિશેની સંશોધનાવલિ પ્રયોજી હતી. 1943માં ટાઈબોટે એક સંશોધનાવલિ પ્રયોજી હતી. તેને માલૂમ પડ્યું કે આળસુ વિદ્યાર્થીઓમાં નીચેનાં ચાર સર્વ સામાન્ય લક્ષણો જોવા મળ્યાં હતાં.

- ➢ પ્રમાદી અને કેટલાક એશ - આરામી વિચારો
- ➢ ચંચળ મનોવૃત્તિ
- ➢ અભ્યાસમાં જીવંત રસનો અભાવ
- ➢ અભ્યાસનો આરંભ કરવામાં તેમને બળવાન અને તીવ્ર પ્રેરણાની જરૂરિયાત.

1961માં પ્રગટ થયેલી રોબિન્સનની અસરકારક અભ્યાસ કેમ કરવો એ અંગેની વાચનની ટેવો માટે નીચે પ્રમાણે મુદ્દાઓ સૂચવ્યા છે.

- ➢ અભ્યાસ એટલે સમયનું સમર્પણ અને જ્ઞાન મેળવવા માટેનો વિચાર. તેનો અર્થ એ કે વસ્તુ કે બાબતની ઝીણવટથી સંભાળપૂર્વક અને વિવેકપૂર્ણ તપાસ થવી જોઇએ.
- ➢ જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુ, પુસ્તકો, કલા અને કોઇપણ વિષય પ્રત્યે મગજને કાર્યરત કરવું.
- ➢ સાવધાનીપૂર્વક ગંભીર વિચારણા કરી કોઇ પણ કાર્ય કરવું.
- ➢ વિચારો કરવા અને યોજના ઘડવી
- ➢ સમજવા માટે થઇને વાંચન અને પરીક્ષણ કરવું.

**2.2.2 અભ્યાસટેવનો અર્થ અને વ્યાખ્યા :-**

વારંવાર વાંચન કરવું, અભ્યાસ કરવો અને નિયમિત રીતે અભ્યાસ કરવાની ટેવને અભ્યાસટેવ કહે છે.

**કે.જી.દેસાઇ અને શાહ આર.પી.**

**“વિષયવસ્તુ કે લોકો વિશે જાણવા માટે શીખનાર કેવી તરેહને અનુસરે છે અને સમસ્યા કે વિષય પરત્વે પોતાનું ધ્યાન કેવી રીતે પરોવે છે તેની લાક્ષણિકતાઓ કે ખાસિયતો”[3]**

**2.2.3 અભ્યાસટેવનું મહત્ત્વ :**

આપણે ઘણા વિદ્યાર્થીઓને પોતાના પરીક્ષાના પરિણામ બાબતમાં અફસોસ વ્યક્ત કરતાં સાંભળીએ છીએ. તેઓ ક્યારેક શિક્ષકને દોષ દે છે તો ક્યારેક પ્રશ્નપત્ર રચનારને ક્યારેક ઘણા વિષયના ફરજિયાત અભ્યાસકાર્યને અને છેલ્લે પ્રશ્નપત્ર ચકાસનારને દોષ દે છે. વિદ્યાર્થીઓ પોતાની નિષ્ફળતાઓ માટે ઉપરોક્ત કારણો જણાવે છે જે જવલ્લેજ સાચાં હોઇ શકે. તેની માઠી અસર તેમની શૈક્ષણિક સિદ્ધિઓ પર પણ જોવા મળે છે.

આ માટે વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવ કેળવવી અનિવાર્ય ગણાય કારણ કે પ્રત્યેક વિષયલક્ષી અભ્યાસનું વિષયવસ્તુ વિશેષ હોય છે તેની રજૂઆત પણ માહિતી, વર્ણન જેવી જુદી જુદી હોય છે. જેથી તેના અભ્યાસ માટે સામાન્ય અને વિશેષ કૌશલ્યોની પ્રાપ્તિ પણ જરૂરી છે. અભ્યાસટેવ કેળવાય તો અભ્યાસકાર્ય સરળ અને સાહજિક બનાવી શકાય છે. અભ્યાસકાર્યમાં રસ જળવાઇ રહે છે અને અભ્યાસકાર્ય ઝડપથી કરી શકાય છે. અભ્યાસકાર્યમાં ચોકસાઇ જળવાય છે.

- અભ્યાસટેવ વિદ્યાર્થીના જીવનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે અને તેના દ્વારા વિદ્યાર્થીનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થી પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરી શકે છે.
- નિયમિત અભ્યાસ કરવાથી સારી ટેવ વિકસે છે.
- નવું નવું જાણી શકાય છે તેમજ જાણવાની જિજ્ઞાસા જાગે છે.
- જ્ઞાનનું ભાથું મેળવી સમૃદ્ધ થઇ શકે છે.
- શબ્દભંડોળ વધે અને તેના યોગ્ય ઉપયોગનો ખ્યાલ આવે.
- લખાણ કે તેની વિગતોને ઝડપથી ગ્રહણ કરી શકાય છે.
- સાહિત્યના હાર્દ સુધી પહોંચી તેનો રસાસ્વાદ જાણી શકાય.
- તર્કશક્તિ, વિચારશક્તિ, કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- પોતાના અનુભવોને નવા જ્ઞાન સાથે જોડવાનો પ્રયત્ન કરે છે.

- સ્વલેખન માટે પ્રેરણા મળે છે.
- સંદર્ભ સાહિત્ય વાંચવા પ્રેરાય છે.
- અભ્યાસટેવથી અભ્યાસ કઠિન હોવા છતાં સાહજિક અને સરળ અનુભવાય છે.
- વિદ્યાર્થીઓની શક્તિઓનો દુરુપયોગ થતો નથી.
- અભ્યાસ સિદ્ધિ સાથે સાથે રસ વધતો જાય છે.
- અભ્યાસકાર્ય માટેનું મનોધૈર્ય કેળવાય છે.

**2.2.4 અભ્યાસટેવોને ઘડતાં કેટલાંક પરિબળો :**

વિદ્યાર્થી પોતાની અભ્યાસટેવના આધારે અભ્યાસ કરે છે પણ તે અભ્યાસ કરવા માટે બધાને ઉપયોગી કોઇ સમીકરણ નથી. અલબત્ત શિક્ષણ મનોવિજ્ઞાનીઓએ પ્રક્રિયાઓ શોધી છે. જે બધા અભ્યાસીઓને ઉપયોગી બને છે. આ સંજોગોમાં વિદ્યાર્થી પોતે અભ્યાસ પ્રક્રિયાને ટેવ સ્વરૂપે આત્મસાત કરે તે માટે અભ્યાસટેવો ઘડવામાં શિક્ષક મદદરૂપ બની શકે. વળી, વિદ્યાર્થી ગમે ત્યારે અભ્યાસ શરૂ કરી દેતો નથી. કેટલીકવાર અભ્યાસ માટે પણ થોડું મનોભારણ કે તનાવ ઉપરાંત એકાગ્રતા અને અભ્યાસની સ્પષ્ટ દિશા હોવી જરૂરી છે. વિદ્યાર્થી યોગ્ય સમજપૂર્વક પ્રયત્ન ન આદરે તો સમય વેડફાય અને અભ્યાસ સિદ્ધિ પ્રાપ્ત થાય નહીં. આમ, અભ્યાસટેવ કેળવવા માટેના પ્રયત્નોને સાર્થક અને ફળદાયી બનાવવા માટે પણ અભ્યાસટેવનાં કેટલાંક પાસાની વિચારણા કરવી જોઇએ. અભ્યાસટેવને ઘડતાં કેટલાંક પરિબળો નીચે મુજબ ગણાવી શકાય.

- ઘરનું વાતાવરણ
- ધ્યાનની એકાગ્રતા
- વિષયોનું આયોજન
- વાંચનટેવ
- પરીક્ષાની તૈયારી

## 2.3.3 શબ્દભંડોળની સૈદ્ધાંતિક માહિતી

### 2.3.1 શબ્દની સંકલ્પના અને વ્યાખ્યા :

જ્યારે પણ આપણે શબ્દ ભંડોળ વિષે ચર્ચા કરતા હોઈએ ત્યારે શબ્દનો તેના ભાગ રૂપે ઉલ્લેખ કરીએ છીએ. શબ્દ એ ભાષાના સૌથી અગત્યના ઘટકો પૈકીનો એક છે. શબ્દની સંકલ્પનાને વ્યક્તિગત ભાષાના ખાસ રચનાકીય લક્ષણના સંદર્ભે વ્યાખ્યાયીત કરવામાં આવે છે. કે શબ્દ એ અજોડ અને વ્યક્તિગત ભાષામાં વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. તે પણ હકીકત છે કે ભાષા બોલનાર ભાષકોમાં શબ્દની સંકલ્પનાના શાશ્વત લક્ષણો વિષે સાહજિક ખ્યાલ હોય છે. આમ સાહજિક હોવા છતાં તેઓ શબ્દમાં તફાવત કરી શકે છે. ભલે તે ભાષા તેઓ સારી રીતે જાણતા ન હોય.

શબ્દની એક શાશ્વત અને નિશ્ચિત વ્યાખ્યા પ્રાપ્ય નથી કે ઘણા કારણોસર શક્ય નથી. દરેક ભાષાને તેની એકમોની ખાસ ગોઠવણી હોય છે. જે અન્ય ભાષાના માળખા સાથે ચોક્કસ રીતે સમાન હોતી નથી. દરેક શબ્દ એક ભાષાકીય અને ભાષા સિવાય પણ જુદા જુદા પાસાંની જટીલ રચના ધરાવે છે.

શબ્દની વ્યાખ્યા કરવાના તમામ પ્રયાસોમાં જણાયેલા અને સમાવિષ્ટ સામાન્ય લક્ષણો સરખા રહે છે. પરંતુ વ્યાખ્યામાં આવેલ આ દરેક લક્ષણ અને તેની ઘટકીય રચના જુદી પડે છે.

કેમ્પસ ફી (1969) એ શબ્દની વ્યાખ્યા આપી જે વિશ્વની મોટા ભાગની ભાષાઓને લાગુ પડે છે. જો કે વ્યાખ્યાની મર્યાદાને કારણે આપણે તેને સાર્વત્રિક વ્યાખ્યા કહી નહી શકીએ. તેણે નોંધ્યુ કે,

"શબ્દ એ કેટલીક ભાષાકીય સાચા સ્વરૂપ ને અથવા આવા તથ્યના સંબંધનો નિર્દેશ કરે છે. અને કેટલાક ઔપચારિક લક્ષણોવાળી લાાક્ષણિકતા ધરાવે છે જે વાસ્તવિક પણે (સંદર્ભના સ્વતંત્ર ઘટક રૂપે) અથવા સંભાવ્યતા રૂપે (શબ્દોના આયોજનના એકમ તરીકે) હોય, નોંધ સૂચવે છે કે શબ્દ એ ભાષાનો શક્તિશાળી અને જાદુકીય ઘટક છે."[4]

ધ હિન્દુસ્તાન ટાઈમ્સ (જુલાઇ, 1991) ના ખાસ રૂપક લેખમાં નીતી પૌલ મહેતા (1991) એ જણાવ્યું છે કે,

> “શબ્દો એ વાહનો છે જે આપણા માટે વિવિધ કાર્યો કરે છે. તે આપણા અસ્તિત્વ માટે ખૂબ મહત્વના છે. આપણે શબ્દો વગર વિચારી શકતા નથી. શબ્દો એ જ વિચારો છે. આપણે આયોજન, ચિત્ર, તારણો, રૂપરેખા, ગોઠવણીઓ, નિર્ણયો પસાર કરવા, પ્રાર્થના કરવી કે સંગીત રચના કરવી જેવા કોઇ કાર્યો શબ્દો વગર કરી શકીયે નહી.” [5]

લિયોન્સ (1968) અને પાલ્મર (1971) શબ્દના ધ્વનિશાસ્ત્ર અને પદવિન્યાસની ચર્ચા કરતાં કહે છે કે,

> “શબ્દને કોશરચનાનો મુખ્ય એકમ તરીકે વર્ણવવામાં આવે છે.” [6]

## 2.3.2 શબ્દની રચના :

શબ્દની વ્યાખ્યા અને સંકલ્પનાની ચર્ચા કર્યા પછી શબ્દ રચનામાં સમાવિષ્ટ પ્રક્રિયાનું વર્ણન નીચે પ્રમાણે છે.

### 2.3.2.1 શબ્દરૂપ વિચાર

ઘણી ભાષાઓમાં, શબ્દનું દેખાતુ માત્ર એકજ રૂપ તેની સાથે તેના જેવા મોટી સંખ્યામાં શબ્દ જેવા દેખાતા તત્વો ધરાવતું હોય છે. ઉદાહરણ તરીકે એક ભાષા સ્વહીલી (સમગ્ર પૂર્વ આફ્રિકામાં બોલાતી ભાષા) માં એક શબ્દ નીતાકુપેન્ડા છે જેનો અર્થ અંગ્રેજીમાં કંઇક જો હું તેને ચાહતો હોઉ એવો  થાય છે. આમ તે એવો શબ્દ છે જેમાં અંગ્રેજીમાં હોય તેવાં સંખ્યાબંધ તત્વો ભરેલા છે જે અલગ શબ્દો દ્વારા વ્યક્ત થાય છે.

એવું લાગે છે કે આ સ્વહીલી શબ્દ, આપેલ અંગ્રેજી શબ્દ વિચારતા હોય તેનાથી જુદો હોય અને છતાં ભાષાઓ વચ્ચે તે સમગ્ર અર્થનાં તત્વો સમાન રીતે જોવા મળતાં હોય. જુદી જુદી ભાષાઓમાં ભાષાકીય સ્વરૂપોને માત્ર શબ્દ સ્વરૂપના વિચાર કરતાં તેમાં રહેલ તત્વોના ખ્યાલનો ઉપયોગ કરવો વધુ યોગ્ય ગણાશે.

આપણે જોયેલ આ ઉદાહરણ સામાન્ય રીતે શબ્દ સ્વરૂપ વિચાર તરીકે જાણીતુ છે. તે શબ્દોના આંતરિક માળખાનો અભ્યાસ સૂચવે છે.

**2.3.1.2 રૂપાત્મક તત્વ**

આપણે સ્વહીલી જેવી અન્ય ભાષા તરફ સંખ્યાબંધ તત્વો સમાવેશ કરતા શબ્દ સ્વરૂપને શોધવા માટે જવું પડે તેમ નથી. આપણે અંગ્રેજી શબ્દનાં રૂપો ઓળખી શકીએ છીએ જેમ કે talks, talker, talked, talking વગેરે એક તત્વ talk થી બનેલા છે અને સંખ્યાબંધ અન્ય તત્વો જેવા કે -s, -er, -ed, -ing વગેરે ધરાવે છે. આ બધા તત્વો રૂપાત્મક તત્વ તરીકે વર્ણવ્યા છે.

- રૂપાત્મક તત્વ એટલે
- અર્થ અથવા વ્યાકરણીય કાર્યનો નાનામાં નાનો એકમ,

ચાલો આપણે આ વ્યાખ્યાને કેટલાક ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરીએ. એક વાક્ય “The police reopened the investigation” માં શબ્દ ‘reopened’ ત્રણ રૂપાત્મક તત્વો ધરાવે છે. એક નાનામાં નાનું એકમ ‘open’ નો અર્થ છે. બીજો એકમ ‘-re’ નો અર્થ છે અને ત્રીજો એકમ વ્યાકરણીય કાર્ય ‘-ed’ (ભૂતકાળ દર્શાવે છે) નો છે. ઉપરના ઉદાહરણ અનુસાર, અંગ્રેજી ભાષામાં રૂપાત્મક તત્વની મદદથી હજારો નવા શબ્દોની રચના કરી શકાય છે. રૂપાત્મક તત્વના પ્રકારો નીચે મુજબ છે.

- **મુક્ત રૂપાત્મક તત્વ**

આ પ્રકારનું રૂપાત્મક તત્વ એકજ સ્વતંત્ર શબ્દ તરીકે આવી શકે છે. દા.ત. શબ્દો જેવા કે ‘open’ અથવા ‘tour’ વગેરે સ્વતંત્ર રૂપાત્મક તત્વ સામાન્ય રીતે અંગ્રેજી શબ્દ સ્વરૂપોના અલગ જૂથ તરીકે ગણાય છે. તેમને બે વર્ગોમાં વહેંચી શકાય.

- **શબ્દાત્મક તત્વ**

તે સામાન્ય રીતે સંજ્ઞાઓ, વિશેષણો અને ક્રિયાપદો નો સમૂહ છે જે સંદેશનું વિષયવસ્તુ રજૂ કરે છે. A boy, a man, a house, sincere, open, look, follow, break વગેરે આવા શબ્દાત્મક તત્વોના ઉદાહરણો છે.

આપણે ભાષામાં નવા શબ્દાત્મક તત્વો સરળતાથી ઉમેરી શકીએ છીએ તેથી તેમને શબ્દોનો ખુલ્લો વર્ગ કહી શકાય.

- **વ્યાવહારૂ તત્વ**

આમાં મુખ્યત્વે ભાષાના વ્યાવહારૂ શબ્દોનો સમાવેશ થાય છે. જેવા કે સંયોજક, નામયોગી, આર્ટીકલ્સ, સર્વનામ વગેરે. 'and; but, when, that, it, or, near, above વગેરે આવા વ્યાવહારૂ તત્વો ના ઉદાહરણ છે.ભાષામાં નવા વ્યાવહારુ તત્વો સરળતાથી ઉમેરી શકતા નથી તેથી તેમને શબ્દોનો બંધ વર્ગ કહી શકાય.

- **મર્યાદિત રૂપાત્મક તત્વ**

પ્રત્યયોનો સમૂહ આ મર્યાદિત રૂપાત્મક તત્વમાં સમાવિષ્ટ છે. જેના બે પ્રકારો પડે છે.

વ્યુત્પત્તિ સંબંધી રૂપાત્મક તત્વ

આ પ્રકારનાં રૂપાત્મક તત્વો ભાષામાં નવા શબ્દો બનાવવા અને જુદા જુદા વ્યાકરણીય વર્ગોના શબ્દો બનાવવા ઘણીવાર ઉપયોગમાં આવે છે. દા.ત. વ્યુત્પત્તિ સંબંધી તત્વ '-ness' ઉમેરવાથી 'good' વિશેષણ માંથી 'goodness' સંજ્ઞા બની શકે છે. એજ રીતે 'care' સંજ્ઞા માંથી 'careful' અથવા 'careless' વિશેષણો બનાવી શકાય છે.

આ પ્રકારના વ્યુત્પત્તિસંબંધી રૂપાત્મક તત્વો ની યાદીમાં પ્રત્યયોનો સમાવેશ થાય છે. જેમ કે 'foolish' માં -ish, badly માં -ly, payment માં -ment વગેરે. તેમાં ઉપસર્ગો જેવા કે re-, pre-, ex-, co-, unt- અને ઘણાનો સમાવેશ થાય છે.

## ● વિભક્તિ પ્રત્યય તત્વ

આ પ્રકારના રૂપાત્મક તત્વ અંગ્રેજી ભાષામાં નવા શબ્દો બનાવવા વપરાતા નથી પરંતુ શબ્દના વ્યાકરણીય વ્યાવહારૂતાના પાસાંનો નિર્દેશ કરવા વપરાય છે.

વિભક્તિ પ્રત્યય તત્વો દર્શાવે છે કે શબ્દ એકવચન છે કે બહુવચન, તે ભૂતકાળમાં છે કે નહિ, અને તે સરખામણી સૂચક છે કે સબંધક સ્વરૂપમાં છે.

અંગ્રેજીમાં આઠ વિભક્તિ પ્રત્યય તત્વો છે જેવા કે is, es, -ing, ed, est, ev, eg વગેરે.

આમાં આપણે જોઇ શકીએ છીએ કે -s (સંબંધક) અને -s (બહુવચન) આ બે પ્રત્યયો સંજ્ઞા સાથે જોડાયેલા છે. જ્યારે ચાર વિભક્તિ પ્રત્યયો જેવા કે -s (ત્રીજો પુરૂષ, વર્તમાન કાળ અકવચન), -ing (વર્તમાન - કૃદંત), -ed (ભૂતકાળ) અને -en (ભૂતકૃદંત) એ ક્રિયાપદ સાથે જોડાયેલ હોય છે. તથા બે વિભક્તિ પ્રત્યયો -er (શ્રેષ્ઠતા દર્શક) અને -est (તુલના) દર્શાવવા ઉપયોગમાં આવે છે.

આમ અંગ્રેજીમાં ઉપર દર્શાવેલ વિભક્ત રૂપાત્મક તત્વો એ પ્રત્યયો છે.

મર્યાદિત રૂપાત્મક તત્વોના પ્રકારમાં આગળ શબ્દરૂપાત્મક તત્વ અને વિભક્તિ રૂપાત્મક તત્વોની ચર્ચા આગળ કરવી જોઇએ કારણકે શબ્દ રૂપાત્મક તત્વ એ ઉચ્ચ શ્રેણીની ઉત્પાદિત પ્રક્રિયા છે જેમાં અધ્યેતા તેના શબ્દભંડોળનો વિસ્તાર કરે છે. આ પ્રક્રિયાને મૂળ શબ્દના સ્વરૂપ કે વર્ગમાં પરિવર્તન કરવાની પ્રક્રિયા તરીકે વર્ણવવામાં આવે છે. અહીં આપણે શબ્દ 'friend' નું ઉદાહરણ લઇએ. તે શબ્દ સંજ્ઞા છે. પરંતુ જ્યારે તેની સાથે -ly ઉમેરાય ત્યારે તે 'friendly' બને છે જેનો વ્યાકરણીય વર્ગ વિશેષણ બને છે. આપણે તેને નીચેના કોષ્ટક (અ) અને (બ) દ્વારા વધુ સારી રીતે સમજી શકીએ.




ઉત્પત્તિ અનુસાર શબ્દો બે પ્રકારના હોય છે.




ઉપરની બંને આકૃતિઓ શબ્દને પ્રત્યયની મદદથી કેવી રીતે બદલી શકાય અને નવો શબ્દ બનાવી શકાય તે દર્શાવે છે. બીજી આકૃતિ પ્રત્યય કે ઉપસર્ગ પ્રકાર દર્શાવે છે. જે શબ્દની શરૂઆતમાં અને અંતે ઉપયોગમાં લેવામાં આવે છે.

શબ્દ રચના અને નવા શબ્દ બનાવવાની પ્રક્રિયા શબ્દ રૂપાત્મક તત્વોની પ્રક્રિયા પર આધાર રાખે છે.

ઉપસર્ગ અને પ્રત્યયની યાદી મૂક્યા પહેલાં શબ્દ રૂપાત્મક તત્વો સાથે વિભકિત રૂપ તત્વોની ચર્ચા કરવી વધુ યોગ્ય રહેશે. વિભક્તિ પ્રત્યય તત્વ એ શબ્દં બદલવાની પ્રક્રિયા છે જે મુક્ત શબ્દ રૂપોમાં વ્યાકરણીય અર્થ ઉમેરે છે.**લીયોન્સ (1968) વિભક્તિ પ્રત્યયની આ પ્રમાણે વ્યાખ્યાવિત કરે છે.**

"વિભક્તિ પ્રત્યય એ વાક્યમાં શબ્દ સ્વરૂપનું અન્ય શબ્દ સંબંધ રજૂ કરવા કરાયેલ બદલાવ છે. તે પસંદ કરેલ રચના પ્રતિમાન અથવા શબ્દ રૂપાવલી અનુસાર સંજ્ઞા, વિશેષણ, સર્વનામ અને ક્રિયાપદના વિલયન દ્વારા નક્કી થતા વર્ગ તરીકે જાણીતા છે." [7]

અગાઉ ચર્ચા કરી છે તે રીતે શબ્દ રચનાના નિયમ મૂળ શબ્દને લાગુ કરવામાં આવે છે. એક વાર મૂળ શબ્દને શબ્દ રચવાનો નિયમ લાગુ પાડ્યો તો નવો શબ્દ અન્ય શબ્દ તત્વો માટે અર્થ દર્શાવતો થઈ જાય છે. આમ શબ્દ રચનાની પ્રક્રિયા ખૂબ જટીલ છે. એ બાબત આપણે 'friendliness' શબ્દના ઉદાહરણ દ્વારા જોઈ શકીએ છીએ.

- **મૂળ શબ્દ સાથે શબ્દ રચના**

કેટલાક ભાષાકીય અભ્યાસો અનુસાર, આપણા અંગ્રેજી ભાષાના શબ્દોમાં અંદાજે 60 ટકા શબ્દો લેટીન અને ગ્રીક ભાષામાંથી ઉતરી આવ્યા છે. એક વિશ્વસનીય અભ્યાસે દર્શાવ્યુ છે કે પસંદગીના 20 ઉપસર્ગો અને તેના મૂળ તત્વો એક વિસ્તૃત શબ્દકોષમાં 1,00,000 થી વધુ શબ્દો સાથે સંબંધ ધરાવે છે. અવું કહેવાય છે કે ભાષા શીખવાનો શ્રેષ્ઠ અને સૌથી ટૂંકો માર્ગ તેના મૂળ શબ્દો જાણવાનો છે. જેમાંથી અન્ય શબ્દોની રચના કરવામાં આવે છે. તેથી મૂળ તત્વો ઘણા અંગ્રેજી શબ્દો માટે ઈમારતની અગત્યની ઈંટ સમાન છે. એવું કહેવાયું છે કે મૂળ તત્વ એ પાયાનું તત્વ અથવા શબ્દોનો જરૂરી ભાગ છે.

આગળ આપણે કહ્યું છે તેમ મૂળ શબ્દ એ શબ્દનો પાયાનો ભાગ છે. આગળ ઉપર ઉપસર્ગ અને પ્રત્યયની ઉંડાણથી સ્પષ્ટ કરવા અને સમજવા તેની ચર્ચા કરવામાં આવી છે.

## શબ્દ જોડાણ

શબ્દ જોડાણમાં ઉપસર્ગ અને પ્રત્યય ઉમેરી શબ્દની રચના કરવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં તે શબ્દની આગળ (ઉપસર્ગ) અથવા શબ્દની પાછળ (પ્રત્યય) કંઇક જોડવાની પ્રક્રિયા છે. આ અંગ્રેજી શબ્દ રચનામાં સૌથી મજબૂત અને ઉત્પાદક શબ્દ સ્વરૂપ છે. અંગ્રેજી ઉપસર્ગો અને પ્રત્યયો વિવિધ ભાષાઓ જેવી કે પ્રાચીન અંગ્રેજી, પ્રાચીન ફ્રેન્ચ, લેટીન અને ગ્રીક વગેરેના સ્ત્રોતો દ્વારા રચાય છે. આપણે ઉપસર્ગ અને પ્રત્યય વિશે વધુ જાણીએ.

## ઉપસર્ગ

ઉપસર્ગો સામાન્ય રીતે શબ્દની પહેલા આવે છે. બે પ્રકારના ઉપસર્ગો છે. ઉત્પાદક અને અનુત્પાદક. ઉત્પાદક ઉપસર્ગો સ્પષ્ટ રીતે શબ્દના અર્થમાં ફાળો આપે છે. (દા.ત. Unfair, Unclean, Unkind) જે ઉપસર્ગો શબ્દના અર્થમાં સ્પષ્ટ રીતે ફાળો આપતા નથી તેમને અનુત્પાદક ઉપસર્ગો કહે છે. (દા.ત. Anagram, Anatomy, Analysis). **ઉપસર્ગોની નીચેની ટૂંકી યાદી તેના ઉપયોગમાં વિવિધતા દર્શાવે છે.**

- નકારાત્મક ઉપસર્ગો :- un, non, dis, a
- આરક્ષિત ઉપસર્ગો :- un, de, dis
- નિંદાત્મક ઉપસર્ગો :- mis, nal, psendo
- પ્રમાણ કે કદ ના ઉપસર્ગો :- arch, super, out, sur, over, under, hyper, ultra, mint
- વલણોના ઉપસર્ગો :- co- , counter-, anti, pro-
- અધિકરણ ઉપસર્ગો :- super, sub, inter, trans-m
- સંખ્યા દર્શક ઉપસર્ગો :- uni, mono-, multi, poly
- પરિવર્તક ઉપસર્ગો:- be-, en, a-
- અન્ય ઉપસર્ગો :- antom, neo, pan, proof, semi, vice

નીચેની યાદી ઉપસર્ગોનું સ્પષ્ટ ચિત્ર તેના ઉદાહરણ સાથે આપે છે.

**ઉપસર્ગોની યાદી**

| પ્રકાર | ઉપસર્ગ | અર્થ | ઉદાહરણ |
|---|---|---|---|
| નકારાત્મક | Un- | નકાર, નો વિરોધી | Un+fair (વિશેષણ) |
| નકારાત્મક | Non- | નકાર | non-smoker (સંજ્ઞા) |
| વિરોધી | De- | વિરોધી ક્રિયા | de+frost (ક્રિયાપદ) |
| વિરોધી | dis- | વિરોધી ક્રિયા | dis+connect (ક્રિયાપદ) |
| નિંદાત્મક | mal | ખરાબ રીતે | mal+treat (ક્રિયાપદ) |
| | | | mal+function (સંજ્ઞા) |
| પ્રમાણ કે કદ | arch- | સૌથી ઉંચુ | arch+enemy (સંજ્ઞા) |
| | | સૌથી ખરાબ | Arch+duke (સંજ્ઞા) |
| પ્રમાણ કે કદ | sur- | ઉપર | sur+tax (સંજ્ઞા) |
| પ્રમાણ કે કદ | hyper- | અત્યંત | hyper+critical (વિશેષણ) |
| વલણ | counter- | ના વિરોધમાં | counter+act (ક્રિયાપદ) |
| અધિકરણ | inter- | બેની વચ્ચે | inter+national (વિશેષણ) |
| | | વધુની વચ્ચે | Inter+marry (ક્રિયાપદ) |
| અધિકરણ | trans- | એક સ્થળેથી બીજે સ્થળે | trans+plant (ક્રિયાપદ) |
| સમય અને ક્રમ | fore- | પહેલાં | fore-tell (ક્રિયાપદ) |
| સમય અને ક્રમ | ex- | અગાઉનું | ex+husband (સંજ્ઞા) |
| સંખ્યા | tri- | ત્રણ | tri+practice (વિશેષણ) |
| અન્ય | proto- | પ્રથમ, મૂળ’ | proto+type (સંજ્ઞા) |

## ⭘ પ્રત્યયો

પ્રત્યયો મૂળ શબ્દ, જેના માટે તે ઉમેરાયો હોય છે તેના વર્ગને વારંવાર બદલે છે. પ્રત્યયોને બે દ્રષ્ટિબિંદુથી વર્ગીકૃત કરી શકાય. (1) અર્થના દ્રષ્ટિ બિંદુથી (2) શબ્દના વર્ગના દ્રષ્ટિબિંદુથી જે પ્રત્યયના ઉમેરણ પરિણામે રચાય છે. પ્રત્યય સામાન્ય રીતે શબ્દને અંતે આવે છે. અહી પ્રત્યયોના પ્રકારોની યાદી છે.

- વ્યવસાયને લગતા પ્રત્યયો :- -ster, -ette
- નારીજાતિ માટેના પ્રત્યયો :- -let, tte, ess, -y, -ie
- મોભા કે અધિકારને લગતા પ્રત્યયો :- -ship, dom, -cracy, -ee, -ry
- સંજ્ઞા કે વિશેષણ પ્રત્યયો :- -ite, -ian, -se, -ist, -ism
- સંજ્ઞા રચનારા પ્રત્યયો :- -ev, -or, -ant, -age, -ee, -ation, -ment, -al, -ing
- ક્રિયાપદ પ્રત્યયો :- -fly, -ize, -ise, -en
- વિશેષણ પ્રત્યયો :- -ful, -less, -ly, -like, -y, -ish, -ish, -ian, -al, -ic, -ive, -ous
- વિશેષણ રચનાર પ્રત્યયો :- -able, -ible, -ish, -ed
- ક્રિયા વિશેષણ રચનાર પ્રત્યયો :- -ly, -ward, -wise

**પ્રત્યયની યાદી**

| **પ્રત્યયનો પ્રકાર** | **પ્રત્યય** | **અર્થ** | **વર્ગ જેમાં તે ઉમેરાયો છે** | **ઉદાહરણ** |
|---|---|---|---|---|
| વ્યવસાયને લગતા | -ster | વ્યવસાયમાં રોકાયેલ વ્યક્તિ | સંજ્ઞાઓ | -gang+ster |
| નારીજાતિ માટેના | -ette | નાનું | સંજ્ઞાઓ | kitchen+ett |
| નારીજાતિ માટેના | -ess | સ્ત્રીલીંગ | સંજ્ઞાઓ | waiter+ess |

| પ્રત્યયનો પ્રકાર | પ્રત્યય | અર્થ | વર્ગ જેમાં તે ઉમેરાયો છે | ઉદાહરણ |
|---|---|---|---|---|
| મોભા | -hood | મોભો | સંજ્ઞાઓ | boy+hood |
| અધિકારને લગતા | -dom | અધિકાર | સંજ્ઞાઓ | king+dom |
| સંજ્ઞા કે વિશેષણ | -ese | રાષ્ટ્રીયતા | સંજ્ઞાઓ | Chna+ese = chinese |
| સંજ્ઞા કે વિશેષણ | -ise | વલણ | સંજ્ઞાઓ | idea+ism |
| સંજ્ઞા | -ee | પરોક્ષ | ક્રિયાપદો | employ+ee |
| સંજ્ઞા | -ment | સ્થિતિ, કાર્ય | ક્રિયાપદો | amaze+ment |
| સંજ્ઞા | -ness | ગુણ, લક્ષણ | વિશેષણ | happy+ness = happiness |
| ક્રિયાપદ | -fy<br>-ize | કારક<br>કારક | વિશેષણ<br>વિશેષણ | simple+fly = simplify<br>Popular+ize |
| વિશેષણ | -ful<br>-ly | હોવુ | સંજ્ઞાઓ<br>સંજ્ઞાઓ | use+ful<br>Coward+ly |
| બીજા વિશેષણ | -able<br>-ish | સક્ષમ | ક્રિયાપદો<br>વિશેષણ | Read+able<br>Young+ish |
| ક્રિયા વિશેષણ | -wise<br>-ward(s) | ની રીતે | સંજ્ઞાઓ<br>વિશેષણ | money+wise<br>Back+ward(s) |

ઉપસર્ગ અને પ્રત્યયની મદદથી શબ્દ રચનાની ઉપરની ચર્ચા પછી આપણે શબ્દ રચનાની ગૌણ યોજનાઓની ચર્ચા કરીએ.

## ⊙ રૂપાન્તર

રૂપાન્તર વિશે સમજવા નીચેમાં બે ઉદાહરણો જુઓ

- They released / V the prisoner.
- We have appealed to the judge for his release / N

અહીં શબ્દનો વર્ગ બદલાય છે. પરંતુ બાહ્ય દેખાવ નહિ. આવા વર્ગ બદલનારા ઉદાહરણોને રૂપાન્તર કહેવાય છે.

## ⊙ સંયુક્તીકરણ

સંયુકત શબ્દમાં બે કે વધુ પૂર્ણ રૂપાત્મક તત્વો કે બે થી વધુ મૂળ શબ્દોનો સમાવેશ થાય છે. તે શબ્દ સમૂહ પણ કહેવાય છે. સંયુક્ત શબ્દ નિર્ધારક કારક અને નિર્ધારણ ભાગથી બનેલો હોય છે.

સંયુક્ત શબ્દને કેવી રીતે લખવો એ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેમાં બે શબ્દો વચ્ચે સંયોગી ચિન્હ મૂકવામાં આવે છે. નીચેનાં ઉદાહરણો સંયુક્ત શબ્દોની જોડણીનો ખ્યાલ આપે છે.

**સંયુક્તીકરણ લખવાની રીત**

| એક શબ્દમાં લખાતા સંયુક્ત શબ્દ | બે કે વધુ શબ્દમાં લખાતા સંયુક્ત શબ્દ | સંયોગી ચિહન થી લખાતા સંયુક્ત શબ્દ | મિશ્ર શબ્દો |
|---|---|---|---|
| Playboy | Drug store | Call-girl | |
| Sunrise | Side street | Bee-sting | |
| Flashlight | Washing machine | Air-conditioning | Tightrope walker |
| Bookstore | Brain washing | Story-telling | |
| Sidewalk | Cooking apple | Record-player | |
| Songwriter | Typing paper | Window-cleaner | |
| Handwriting | Hydrogen bomb | Birth-control | |
| Daydreamer | | Sun-bathing | |
| Ashtray | | Factory-worker | |
| blockhead | | Pot-belly | |

### ⊙ સંયુક્ત શબ્દોની ઉત્પત્તિ

| સંયુક્ત શબ્દનો પ્રકાર | ઉદાહરણ | વાક્યરચના સંબંધમાં પ્રથમ ઉદાહરણની ઉત્પત્તિ |
|---|---|---|
| સંજ્ઞા | Sunrise dancing girl | the sun rises<br>કર્તા + ક્રિયાપદ |
| સંજ્ઞા | Sightseeing taxpayer<br>Songwriter window cleaner<br>Blood test | Sees sights<br>ક્રિયાપદ + કર્મ |
| સંજ્ઞા | Swimming pool, day dreaming, baby-sitter, homework, search light, walking stick, dance-hall | (John) Swims in the pool<br>(કર્તા) ક્રિયાપદ ક્રિયા વિશેષણ |
| સંજ્ઞા | Windmill, toy factory, bloodstain, doorknob, darkroom, snowflak, ashtray, blackboard | The wind (powers) the mill<br>કર્તા ક્રિયાપદવિહિન કર્મ |

### ⊙ દ્વિરુક્તિ (પુનરુકિત)

આ શબ્દ રચના પ્રક્રિયા છે જેમાં ભાષાની ધ્વનિ યોજના સંયુક્ત શબ્દોમાં ઉપયોગ કરવામાં આવે છે. પુનરુકિત સામાન્ય રીતે અનૌપચારિક કે પરિચિત શૈલીમાં લખાય છે. કેટલાક પુનરુકિત શબ્દો લખવાની રીત નીચેના ટેબલમાં દર્શાવવામાં આવી છે.

**અંગ્રેજીમાં પુનરુક્તિ**

| ઉદાહરણ | અર્થ અને શૈલી | અનુસરણ પધ્ધતિ |
|---|---|---|
| Goody-goody | અસરકારક રીતે સારુ, અનૌપચારીક | બે ભાષાકીય શબ્દો |
| Walkie-talkie | દ્વિમાર્ગી રેશીયો, અનૌપચારીક | શરૂઆતનો વ્યંજન જુદો |
| Criss-cross | ક્રોસ રેખા દ્વારા દર્શાવાય | મધ્યના સ્વરો અલગ |
| Tick-tock | ઘડિયાલના અવાજનુ અનુકરણ | મધ્યના સ્વરો અલગ |
| See-saw | વૈકલ્પિક હલચલ સૂચવે | મધ્યના સ્વરો અલગ |
| Wishy-washy | નિષ્ઠાહીનતા સૂચવે | મધ્યના સ્વરો અલગ |
| Tip-top | અસરની તીવ્રતા | મધ્યના સ્વરો અલગ |

**⦿ કતરણ**

બોલનારાઓનાં શબ્દના સ્વરૂપો ટૂંકા કરવાનું વલણ પણ જોવા મળે છે. ત્યારે શબ્દમાં શરૂઆતમાં, વચ્ચે કે છેવટે એક કે વધુ પદો કાઢી નાખવામાં આવે છે.

દા.ત. ટેલીફોન ને બદલે ફોન (શરૂઆનું પદ કાઢી નાખ્યુ.)

ફોટોગ્રાફ ને બદલે ફોટો (અંતનું પદ કાઢી નાખ્યુ.)

ઈન્ફલુએન્ઝાને બદલે ફલુ (શરૂના બે અને છેવટના પદને કાઢી નાખ્યુ.)

અંગ્રેજી ભાષામાં આવા ઘણા ઉદાહરણો છે જે ઉપરની જેમ વપરાય છે.

**⦿ એકીકરણ**

આ પ્રકારના શબ્દો કેટલાક ઉચ્ચારણ એક શબ્દમાંથી અને કેટલાક અન્ય શબ્દમાંથી લઇ રચવામાં આવે છે. દા.ત. brunch - (br (eak fast) (l)unch)

motel - (mo(tpr) + (ho) + el)

આવા ઘણા ઉદાહરણો અંગ્રેજી ભાષામાં વપરાય છે.

**⊙ આદ્યાક્ષરો દ્વારા શબ્દો**

કેટલાક શબ્દો જેવા કે સંસ્થાઓના નામ વગેરે તેના પહેલા અક્ષરના ઉપયોગથી રચવામાં આવે છે. કેટલાક મિતાક્ષરો અક્ષરોના ક્રમ તરીકે ઉચ્ચાર પામે છે. જેમ કે

- UN - United Nations
- C.O.D - Cash on Delivery
- TV - Television

આવા ઘણા ઉદાહરણો અંગ્રેજી ભાષામાં વપરાય છે.

**⊙ સમાનરૂપ પણ ભિન્ન અર્થ વાળા શબ્દો.**

સમાનરૂપ પણ ભિન્ન અર્થવાળા શબ્દોના બે ભાગ પડી શકે. સમલેખ શબ્દ સમાન ઉચ્ચાર પણ ભિન્નાર્થ શબ્દ.સમલેખ શબ્દોએ આવા શબ્દો છે જે સમાન રીતે લખવામાં આવે છે પણ દરેકનો અર્થ ભિન્ન હોય છે. સમાન ઉચ્ચાર વાળા ભિન્નાર્થ શબ્દોનો ઉચ્ચાર સમાન હોય છે. પરંતુ તેની જોડણી અલગ રીતે લખાતી હોય છે. દા.ત. I live in North of Gujarat. I am watching live show of A.R. Rehman on TV tonight.

**More examples:**

| | | |
|---|---|---|
| (1) | Advice- | the noun (He gives advice) |
| | Advice- | the verb (He advices) |
| (2) | Bare- | empty or uncovered |
| | Bare- | strong, furry animal |
| (3) | Cheap- | low priced |
| | Cheap- | bird sound |

શબ્દના સ્વરૂપની ચર્ચા જરૂરી છે કારણકે સ્વરૂપના અભ્યાસ કર્યા સિવાય શબ્દભંડોળમાં વૃધ્ધિ કે વિસ્તરણ શક્ય નથી.શબ્દ ભંડોળના ભાગ રૂપે શબ્દના વિવિધ અર્થો નીચે પ્રમાણે છે.

**⦿ શબ્દનો સંકલ્પનાત્મક અર્થ**

સંરચનાકીય શબ્દ સહિત ભાષાકીય વિગત એક સંકલ્પના ધરાવે છે. આપણે કહી શકીએ કે શબ્દના સંકલ્પનાકીય અર્થો પર જ બધા અન્ય અર્થો આધારિત હોય છે.

**⦿ શબ્દનો સંદર્ભક્રમ**

આ એવો સંબંધ ધરાવે છે જે શબ્દ અને વસ્તુ વચ્ચે હોય છે. શબ્દો દ્વારા વસ્તુનો બોધ થાય છે. આપણે કહી શકીએ કે શબ્દ સીધો જ વસ્તુને દર્શાવતો નથી પરંતુ સંકલ્પનાના માધ્યમથી દર્શાવે છે. તે પ્રસંગ, વર્તન, ક્રિયા, લક્ષણો વગેરે દર્શાવે છે.

**⦿ શબ્દનો સાંદર્ભિત અર્થ**

પૂર્વા પર સંબધ બે પ્રકારનો હોય છે.

1. ભાષાકીય સંદર્ભ 2. પરિસ્થિતીનો પૂર્વાપર સંબંધ

ભાષાકીય સંદર્ભ એ શબ્દોનો સમાવેશ કરે છે જે એક બીજાની સાથે રહેતા હોય છે.આપણે table શબ્દને નીચે પ્રમાણે જુદી જુદી રીતે ઉપયોગ કરી શકીએ.

- He is sitting on the table.
- There is a table of contents in the books.

**⦿ શબ્દનો વ્યાકરણીય અર્થ**

સંજ્ઞા, ક્રિયાપદ, વિશેષણ અને ક્રિયાવિશેષણ ને ભાષાકીય અર્થો હોય છે. જ્યારે અન્ય રચનાકીય શબ્દો (આર્ટીકલ, સંયોજક, નામયોગી વગેરે) ને વ્યાકરણીય અર્થ હોય છે.

**⦿ ધ્વનિતાર્થ અને સૂચક ચિત્ર અર્થ**

દરેક શબ્દને પાયાના અર્થ અને અનેક અન્ય અર્થો હોય છે જે સાંવેગિક અને વલણના ગર્ભિતાર્થ રજૂ કરે છે.દાખલા તરીકે આપણે એક શબ્દ radio લઇએ જે ઇલેક્ટ્રીકલ મોજા દ્વારા હવામાંથી ધ્વનિ પકડવાનું અથવા મોકલવાનું કામ કરે છે.

ઉપરની વ્યાખ્યામાં મોકલવું, મેળવવું અને મોજા વગેરે શબ્દો ચોક્કસ સ્પષ્ટ માહિતી રજૂ કરવાના અર્થમાં પાયાના અર્થોમાં સૂચક રીતે વપરાય છે.

શબ્દને કેટલાક અર્થ હોય છે જે સંદર્ભિત હોય છે. જો આપણે આ શબ્દોને નીચેની રીતે ઉપયોગ કરીએ તો તેને ધ્વનિતાર્થમાં ઉપયોગ કર્યો ગણાય.

The news sent waves of anger in his heart, and it is with great difficulty that he could contol himelf.

અહી શબ્દ 'send' 'arouse' ના અર્થમાં વપરાયો છે. અને 'Waves' ને અચાનક ઉત્પન્ન થતી લાગણીઓના અર્થમાં વપરાયો છે.

**⦿ ભાષામાં શબ્દોની લંબાઇ અને સંખ્યા.**

વિવિધ ભાષાઓના અવલોકનો એ સત્યનો નિર્દેશ કરે છે કે કોઇપણ બે ભાષાઓમાં શબ્દની લંબાઇ કે કુલ શબ્દોની સંખ્યા એક બીજા સાથે સુસંગત હોતી નથી.

**કોમ લેવ (1976) આ બાબતને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે...**

"ભાષાના શબ્દભંડોળની કદ ભાષાના નિકટવર્તી રચનાઓ અને અન્ય ભાષાકીય કારણો પર આધાર રાખે છે." [8]

**⦿ શબ્દ અને શબ્દ ભંડોળ**

શબ્દ અને શબ્દભંડોળ બે ઘણીવાર સમાનાર્થી તરીકે વપરાય છે. વિશાળ અર્થમાં આ બંન્ને વચ્ચે માત્ર તફાવત કદાચ ન કરીએ પણ જ્યારે તે સ્પષ્ટ રીતે અને તકનીકી અર્થમાં વપરાય ત્યારે બે અલગ સંકલ્પનાઓ વચ્ચે તફાવત પૂરાવો બને છે.

આપણે જોયુ તેમ શબ્દ એ વૈકલપિક અસ્તિત્વનો સંદર્ભ આપે છે. જ્યારે શબ્દ ભંડોળ સામૂહિક સંકલ્પનાનો સંદર્ભ દર્શાવે છે. તે ઘણી બધી બાબતોનો સમૂહ છે જેને શબ્દો કહીએ છીએ. શબ્દભંડોળ શબ્દોનો કુલ અથવા આંશિક જથ્થો દર્શાવે છે જે વ્યક્તિ કે ભાષા પાસે હોય છે. જ્યારે

શબ્દ વ્યાપક રીતે ભાષાશાસ્ત્ર વિશે છે. શિક્ષણના ક્ષેત્રમાં શબ્દભંડોળ સૈધ્ધાંતિક સ્તરોમાંનું એક છે. જ્યારે શબ્દ એ ઉપયોગ કરવાનું પ્રાયોગિક સ્તર છે.

અગાઉ કહ્યુ તેમ, શબ્દ અને શબ્દસમૂહ એક સિક્કાની બે બાજુઓ છે. જેમાંના એકેય વિના આપણે ભાષાને વર્ગીકૃત કરી શકીયે નહિ. શબ્દભંડોળની વ્યાખ્યા અને પ્રકારોની ચર્ચા કર્યા પહેલા આપણે અંગ્રેજી ભાષાના ઐતિહાસિક પરિપ્રેક્ષને તપાસીએ.

**⦿ અંગ્રેજી શબ્દભંડોળનું ઐતિહાસિક પરિપ્રેક્ષ**

આપણે દેશમાં રહીએ છીએ જ્યાં બદલાવની અપેક્ષા ખાસ કરીને માનસિક બદલાવની અપેક્ષા રહે છે. આપણે એ હકીકતને સમજવાનું વલણ ધરાવીએ છીએ કે લગભગ હજારેક વર્ષથી અંગ્રેજીના ધોરણોમાં ભાષાકીય બદલાય છે. જેનાથી ભાષાની સ્થિતીના નિષ્ણાંતો પ્રભાવિત થયા હોય. પરંતુ જોડણીમાં વ્યાકરણમાં, બાહ્ય રચનામાં અશાશ્વતતાથી નિરાશ થયા હોય.

અંગ્રેજી ઇતિહાસના ભૂતકાળનો સુવર્ણયુગ સામાજિક, આર્થિક અને રાજકીય માળખાના બદલાવનો અને અંગ્રેજી બોલતા લોકોને સજ્જ કરવાનો સાક્ષી છે.

ભાષાશાસ્ત્રનો પ્રવાહ સામાન્યીકરણ અથવા શબ્દાર્થના વિસ્તારનો હશે કારણકે શબ્દભંડોળ અર્થનાં વધુને વધુ સ્વરૂપો ધારણ કરે છે. જો કે આવી સાદી બાબત શબ્દભંડોળ માટે નથી કારણકે અંગ્રેજી સમૃધ્ધ રીતે વિજાતીય, અને અર્થોમાં બદલાવમાં અગ્રસ્થાને છે. અને તે છેલ્લા હજાર વર્ષના મૂળ સામાજિક તત્વોને આકર્ષક અને તલસ્પર્શી રીતે પ્રતિબિંબિત કરે છે.

આપણે આમાં ઘણા ઉદાહરણો ઉમેરી શકીએ પણ આપણે કહી શકીએ કે મૂળ શબ્દ અર્થની રીતે પરિણામરૂપ મર્યાદિત બને છે. અને તેનું સ્થાન ગુમાવે છે. અંગ્રેજી ભાષાનો શબ્દભંડોળ જુદા જુદા યુગોથી પસાર થયો છે. જેવા કે એગ્લો - સેકસન, મધ્ય યુગ, ઓગસ્ટીયન, વિકટોરીયન, પુનરૂજીવન અને નૂતન આધુનિક પણ.

બે ભાષાઓ એંગ્લો - સેકસશન અને અંગ્રેજી બે કે ત્રણ સદીઓ સુધી કેટલાક પ્રદેશોમાં સાથે સાથે ચાલતી રહી. પછીથી મધ્ય અંગ્રેજી વિવિધ બોલીઓ સાથે બોલાતી અને લખાતી રહી જેમાં

ઉચ્ચારોના અભાવ પણ હતા. આ સમાન સમય ગાળા દરમિયાન અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા પણ સાથે સાથે અસ્તિત્વ ધરાવતી હતી જે ધીમે ધીમે પરસ્પર એવા સૂક્ષ્મ જોડાણથી જોડાઇ રહી જેમ કે એક પ્રમાણિત ભાષા બરાબર રીતે શરૂ થઇ રહી હોય અંગ્રેજી આઠમી સદીમાં પરિવર્તનની શરૂઆતમાં લેટીન અને ગ્રીકો લેટીન શબ્દોની ભરમાર વધવા લાગી. લગભગ 1500 શબ્દોનું એકાએક વિસ્તૃતી કરણ થયો જેનું કારણ ભૌગોલિક  શોધો હતી અને પછીનો સમયગાળો અન્ય યુરોપિયન ભાષાઓ અને વિધિના ઓછા જાણીતા અંતરિયાળ પ્રદેશોમાંથી શબ્દો ઉમરવાનો રહયો. ઓગણીસમી અને વીસમી સદીઓમાં વિજ્ઞાનની પ્રગતિને લીધે નવા શબ્દભંડોળની જરૂરત ઉભી થઇ જે મોટે ભાગે ગ્રીક સાહિત્યમાંથી રચવામાં આવ્યા. જે યુરોપિયન ભાષામાં મોટા ભાગમાં સામાન્ય હતા.

આમ શબ્દભંડોળનો વિકાસ ઉપરની ચર્ચામાં સ્પષ્ટ થાય છે જે શબ્દભંડોળમાં દર વર્ષે સરાસરી 1500 થી 3500 શબ્દો અને અર્થમાં વધારો થતો રહ્યો જે અસામાન્ય વધારો હતો.

**⊙ શબ્દભંડોળની વ્યાખ્યા**

શબ્દભંડોળ ભાષામાં કેન્દ્રીય સ્થાન ધરાવે છે. દરેક ભાષામાં તે ભાષાનો શબ્દભંડોળ જરૂરી છે.અંગ્રેજીના શબ્દભંડોળ વિવિધ પરિપ્રેક્ષમાં વ્યાખ્યાયિત કરી શકાય છે. નીચે કેટલીક વ્યાખ્યાઓ છે જે **અંગ્રેજી શબ્દભંડોળનો અર્થ સ્પષ્ટ કરે છે.લોન્ગમેન શબ્દકોશ (1985) અનુસાર**

"ભાષા, જૂથ, વ્યક્તિ અથવા જ્ઞાનના ક્ષેત્રમાં ઉપયોગમાં લીધેલ શબ્દો." [9]

**વેબસ્ટરના નવા શબ્દ કોશની બીજી આવૃત્તિમાં શબ્દ ભંડોળને આ પ્રમાણે વ્યાખ્યાયિત કર્યુ છે.**

"કક્કાવારીના ક્રમમાં ગોઠવેલ શબ્દો તથા શબ્દસમૂહ, સંક્ષેપો, શબ્દ સ્વરૂપો વગેરેની યાદી અને વ્યાખ્યાયિત કે શબ્દકોષ અને ઓળખાયેલ શબ્દોની યાદી." [10]

**કોન્સાઇઝ શબ્દકોશ (1964) અનુસાર,**

"કોઇ ભાષા, કોઇ ખાસ પુસ્તક કે વિજ્ઞાનની શાખામાં ઉપયોગમાં લીધેલ મુખ્ય શબ્દની વ્યાખ્યાઓની કક્કાવારીના ક્રમમાં ગોઠવેલ યાદી." [11]

**વેબસ્ટરની આંતરરાષ્ટ્રીય શબ્દકોશની ત્રીજી આવૃત્તિ (1986) અનુસાર**

"શબ્દભંડોળ એટલે સ્પષ્ટ કરેલ કે વ્યાખ્યાયિત કરેલ શબ્દો કે શબ્દસમૂહોનો સંગ્રહ કે યાદી જે હમેશાં કક્કાવારીના ક્રમમાં ગોઠવેલ હોય છે. "[12]

**ભાષાકીય શબ્દની વ્યાખ્યાના શબ્દકોશ (1985) માં શબ્દભંડોળની વ્યાખ્યા છે કે,**

"કક્કાવારીના ક્રમમાં ગોઠવેલ કેટલાક મર્યાદિત શબ્દોની યાદી. [13]

**ભાષાશાસ્ત્રની ડિક્શનરી (1954) માં શબ્દભંડોળનો અર્થ છે કે,**

"વ્યક્તિમાં રહેલ કુલ સંયમિત શબ્દોનો ભંડોળ"[14]

**અંગ્રેજી ભાષાની યુનિવર્સલ ડિકશનરીમાં (1989) શબ્દભંડોળની વ્યાખ્યા છે કે,**

"કોઇ વિશિષ્ટ કાર્ય કે ભાષામાં જોવા મળતા અથવા કેટલીક ખાસ અભ્યાસ શાખામાં અન્ય ભાષામાં અનુવાદિત થયેલ અથવા અર્થ સમજૂતી સાથે આપેલ મુખ્ય શબ્દોની મુખ્ય યાદી." [15]

ઉપરની બધી જ વ્યાખ્યાઓનો એક સૂર છે કે શબ્દભંડોળ એ વ્યાખ્યાયિત અને કોઇ પ્રકારે કક્કાવારીના ક્રમમાં ગોઠવેલ શબ્દો છે. અને તે એકજ ગ્રંથમાં મોટી સંખ્યામાં શબ્દો રજૂ કરે છે. અંગ્રેજી શબ્દભંડોળના પ્રકારો નીચે પ્રમાણે છે.

**⊙ શબ્દભંડોળના પ્રકારો**

દરેક શબ્દને તેના અર્થ અને વ્યાકરણીય કાર્યમાં પોતાના લક્ષણો હોય છે. બાળકમાં શબ્દભંડોળની પ્રાપ્તિ 12 માં મહિનાના અંત સુધીમાં શરૂ થઇ જાય છે. અને તે ચાલુ રહે છે. જે માનવના મૃત્યુ પછીજ પૂર્ણ થાય છે.

શબ્દભંડોળને આપેલ મુખ્ય બે પ્રકારોમાં વર્ગીકૃત કરી શકીએ.

1. બાળકોનો શબ્દભંડોળ
2. પુખ્તોનો શબ્દભંડોળ

### ⊙ બાળકોનો શબ્દભંડોળ

બાળકોના શબ્દભંડોળના વર્ગીકરણ માટે કેટલાક માપદંડોનો ઉપયોગ થાય છે. આ માપદંડોમાં બાળકના વકતવ્યમાં શબ્દની ઉત્પત્તિની રીત અને સ્થિતી, શબ્દભંડોળનો સંગ્રહ બાળકની ઉત્પાદક અને ગ્રહણ શક્તિ, ધારણ શક્તિ અને બાળકે શીખેલ શબ્દને ગુમાવવાનું પ્રમાણ અને ક્ષેત્ર જ્યાં બાળક શબ્દનો ઉપયોગ કરે છે. વગેરેનો સમાવેશ થાય છે.

બાળકોના શબ્દભંડોળને ચાર પ્રકારમાં વિભાજીત કરી શકાય.

**(1) મધ્યવર્તી અને ખુલ્લુ**

મધ્યવર્તી વર્ગના શબ્દોને બંધ વર્ગના શબ્દો પણ કહી શકાય. મધ્યવર્તી અને ખુલ્લા વર્ગના શબ્દભંડોળ ના મહત્વનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

- મધ્યવર્તી વર્ગના શબ્દો સંખ્યામાં ઓછા છે.
- તે સ્વતંત્ર વાક્યમાં ઉચ્ચારીત કરી શકતા નથી.
- તેમનું ચોકકસ સ્થાન હોય છે.
- તેઓ અન્ય વર્ગના કોઇ શબ્દ સાથે ઉચ્ચાર વખતે જોડાઇ શકે છે. પરંતુ તેજ વર્ગના અન્ય શબ્દ સાથે જોડાઇ શક્તા નથી.

ખુલ્લા વર્ગના શબ્દોને મુક્ત વર્ગના શબ્દો પણ કહી શકાય. મુક્ત વર્ગના શબ્દોના મહત્વના લક્ષણો નીચે મુજબ છે.

- મુક્ત વર્ગના શબ્દોની સંખ્યા વધુ છે.
- તેઓ સ્વતંત્ર વાક્યમાં શબ્દો તરીકે ઉચ્ચારી શકાય છે.
- ભાષા પ્રાપ્તિના શરૂઆતના તબક્કામાં તે ઓછા પ્રમાણમાં વપરાય છે.
- મુક્ત વર્ગના શબ્દો બાળકના શબ્દભંડોળમાં નિયમિત રીતે કે આંતરે ઉમેરી શકાય છે.

- મુક્ત અને મધ્યવર્તી શબ્દો તેમનું સ્થાન અને રચનામાં ઉચ્ચારણના સંદર્ભે સામાન્ય રીતે એકબીજાના પૂરક છે.

(2) **ગ્રહણશીલ અને ઉપયોગી શબ્દભંડોળ**

બાળક જે શબ્દો સાંભળે છે તેને કેટલાક પ્રમાણમાં હકારાત્મક પ્રતિસાદ આપે છે. પરંતુ તેમાંનાં થોડાક શબ્દોનો તે પોતે ઉપયોગ કરી શકે છે. તદઅનુસાર બાળકના શબ્દભંડોળને ગ્રહણશીલ અને ઉપયોગી શબ્દભંડોળમાં વર્ગીકૃત કરી શકાય.ગ્રહણશીલ શબ્દભંડોળની બાબતમાં..

- બાળક શબ્દનો અર્થ જાણશે.
- તે શબ્દ જ્યારે બોલશે ત્યારે બાળક યોગ્ય રીતે તેનો પ્રતિચાર આપશે.
- તે પોતે જ પોતાના શબ્દનો ઉપયોગ નહી કરે.
- ઉપયોગી શબ્દભંડોળ એ એવા બધાજ શબ્દો છે જે બાળક ખરેખર તેના ઉચ્ચારોમાં ઉપયોગ કરે છે.

(3) **સંગ્રહિત અને અસંગ્રહિત શબ્દભંડોળ**

ભાષા પ્રાપ્તિ એ બાળક દ્વારા થતી સંગ્રહિત પ્રક્રિયા છે અને તે જ ક્ષણે ભાષાની રજુઆત કેટલાક વ્યાકરણના પોઈન્ટ બાળકની ભાષામાં ઉમેરાય છે. એવું જ બાળકના શબ્દભંડોળ પ્રાપ્તિમાં પણ હોય છે.

શબ્દભંડોળની પ્રાપ્તિ પછી ગ્રહણ કરવા કે ઉપયોગ કરવા બાળકની ભાષામાં તેનો ઉપયોગ ચાલુ રહે તેને સંગ્રહિત શબ્દભંડોળ કહેવાય જ્યારે કેટલાક પ્રસંગોએ શબ્દભંડોળનો ઉપયોગ પછી સ્થગિત થઇ જાય તેને અસંગ્રહિત શબ્દભંડોળ કહેવાય.

(4) **સામાન્ય અને વિશિષ્ટ શબ્દભંડોળ**

ખાસ પ્રકારનો શબ્દભંડોળનો સમાવેશ પુષ્નોના શબ્દભંડોળમાં થાય છે. સામાન્ય શબ્દભંડોળમાં શબ્દો જેવા કે man, mice, and, or  વગેરેનો સમાવેશ થાય છે જે વિવિધ

પરિસ્થિતિમાં વપરાય છે. જ્યારે વિશિષ્ટ શબ્દભંડોળમાં ખાસ અર્થ ધરાવતા શબ્દોનો સમાવેશ થાય છે જે ફક્ત ખાસ પરિસ્થિતિઓમાં ઉપયોગમાં લેવાય છે. **હરલોક (1972)** [17] **વિશિષ્ટ શબ્દભંડોળ જૂથો નીચે પ્રમાણે આપે છે.**

- રંગ શબ્દભંડોળ
- સંખ્યા શબ્દભંડોળ
- અશિષ્ટ શબ્દભંડોળ
- સમય શબ્દભંડોળ
- નાણાં શબ્દભંડોળ

● પુષ્નોનો શબ્દભંડોળ

પુષ્નોના શબ્દભંડોળના પ્રકારો નીચે મુજબ છે.

**(i) પ્રત્યક્ષ અને પરોક્ષ શબ્દભંડોળ**

આ ખૂબજ લોકપ્રિય અને સગવડભર્યા પ્રકાર છે. પરંતુ તે જ સમયે તેને વર્ગીકૃત કરવું તે નિરર્થક બાબત છે. પરોક્ષ શબ્દભંડોળમાં અને પ્રત્યક્ષ શબ્દભંડોળને તફાવત કરવા માટે ઉપયોગમાં આવતો માપદંડ તે શબ્દભંડોળ કયા વર્ગનો છે. તેના ઉપયોગના પ્રયોગના પ્રકાર પર અવલંબે છે. **ચાઈલ્ડ (1973) અનુસાર પ્રત્યક્ષ અને પરોક્ષ શબ્દભંડોળ એટલે**

"સંખ્યાબંધ શબ્દો જે આપણે પ્રત્યક્ષ શબ્દો તરીકે ખરેખર ઉપયોગ કરીએ છીએ અને મોટી સંખ્યામાં શબ્દો જેને સમજી શકીએ છીએ તે પરોક્ષ શબ્દભંડોળ છે." [18]

પ્રત્યક્ષ શબ્દભંડોળ છે કે જેને સ્વરૂપ અને અર્થ સંદર્ભે ઉંડાણ પૂર્વક રાખવામાં આવે અને અધ્યેતા તેનો શ્રવણ, કથન, વાચન અને લેખનમાં સક્રિય રીતે ઉપયોગ કરે છે. જ્યારે પરોક્ષ શબ્દભંડોળ એ છે જેનો વ્યક્તિ કથન અને લેખન સંદર્ભે સમજી શકે છે. પણ પોતે તેનો તેજ રીતે ફરીવાર ઉપયોગ કરી શકતો નથી.

ઉપરની વ્યાખ્યા પ્રત્યક્ષ અને પરોક્ષ શબ્દભંડોળને શૈક્ષણિક વ્યાખ્યા બક્ષે છે. પરંતુ આ પ્રકારનું શબ્દભંડોળ વર્ગીકરણ શૈક્ષણિક સમસ્યાઓને ઉકેલવા વધુ મદદ કરી શકતું નથી. એકજ શબ્દ આજે પ્રથમ હોય તે આવતી કાલે પરોક્ષ બનતો હોય છે અને જે આજે પરોક્ષ શબ્દભંડોળ હોય તે આવતી કાલે પ્રત્યક્ષ શબ્દભંડોળ ન પણ બની શકે.

એ નોંધવુ મહત્વનું છે કે વ્યક્તિના શબ્દભંડોળમાં પ્રત્યક્ષ શબ્દ ભંડોળના પ્રમાણ કરતાં પરોક્ષ શબ્દભંડોળની માત્રા ખૂબ વધુ હોય છે. આનું કારણ એ છે કે પરોક્ષ શબ્દભંડોળ પ્રત્યક્ષ શબ્દભંડોળને પણ સમાવે છે. ભાષામાં પ્રત્યક્ષ શબ્દભંડોળનો ઉપયોગ પરોક્ષ શબ્દભંડોળના સરખામણીમાં વ્યક્તિ દ્વારા વારંવાર થતો હોય છે.

**(ii)સ્વીકાર પ્રાપ્ત અને પુનઃઉત્પાદક શબ્દભંડોળ**

સ્વીકાર પ્રાપ્ત શબ્દભંડોળ એ છે જે શ્રવણ અને વાચનની પ્રતિક્રિયાઓ દ્વારા ઓળખાય છે જ્યારે પુનઃઉત્પાદક શબ્દભંડોળ કથન અથવા લેખન પ્રતિસાદો દ્વારા ઓળખી શકાય છે. વ્યક્તિમાં સ્વીકાર પ્રાપ્ત શબ્દભંડોળનું પ્રમાણ પુનઃઉત્પાદક શબ્દભંડોળ કરતાં ખૂબજ વધારે હોય છે.

**(iii) લેખન, વાંચન, કથન અને કાર્યક્ષમ શબ્દભંડોળ**

ઉપરના શબ્દો પોતેજ શબ્દભંડોળને વર્ગીકૃત કરવાના માપદંડો ખુલ્લા કરે છે. અહીં ભાષા કૌશલ્યનો ઉપયોગ શબ્દભંડોળના વર્ગીકરણ માટે માપદંડ તરીકે થાય છે.

લેખન શબ્દભંડોળ એટલે એવા બધાજ શબ્દો જેનો વ્યક્તિ લખવામાં ઉપયોગ કરતો હોય છે. ઉપયોગ કરવા સક્ષમ હોય. વાંચન શબ્દભંડોળ એટલે એવા બધાજ શબ્દો જેનો વ્યક્તિ વાંચવામાં ઉપયોગ કરતો હોય છે. કથન શબ્દભંડોળ વાચન શબ્દભંડોળથી ખૂબજ અલગ છે. તે વધુ અનૌપચારિક લાક્ષણિકતા ધરાવે છે. તેમાં એવા ઘણા શબ્દોનો સમાવેશ થાય છે જે લખાણમાં કે વાંચન સાહિત્યમાં વારંવાર જોવા મળતા નથી.કાર્યક્ષમ શબ્દભંડોળ એ છે જેને શબ્દ સાથે સંબંધ છે જે તેના સ્વરૂપ કે સંદર્ભ સાથે સંબધિત નથી.

**(iv) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક શબ્દભંડોળ**

શબ્દભંડોળ જે અનૌપચારિક રીતે પ્રાપ્ત થાય છે અને જેને શીખવામાં કોઇ ખાસ મુશ્કેલી પડતી નથી તેને બિનશૈક્ષણિક શબ્દભંડોળ કહેવાય છે. શબ્દભંડોળ જે ઔપચારિક છે. લેખન અને કથનમાં વધુ વપરાય છે, જે વિજ્ઞાન અને માનવશાસ્ત્ર અને અન્ય ઔપચારિક અધ્યયન સાથે જોડાયેલ છે તેને શૈક્ષણિક શબ્દભંડોળ કહેવાય છે.

## (v) સ્વરૂપ અને સંદર્ભ શબ્દભંડોળ

શબ્દભંડોળ વર્ગીકૃત કરવા માટે ભાષાના બધાજ માપદંડોને બાજુમાં મૂકીને માઇકલ વેસ્ટ ભાષા સંરચનાને શબ્દભંડોળ વર્ગીકૃત કરવા માટે મહત્વનો માપદંડ તરીકે પસંદ કરે છે. તે શબ્દોને મોટે ભાગે બે મુખ્ય પ્રકારોમાં વંહેંચે છે.

**અ. સ્વરૂપ શબ્દો**

- જરૂરી શબ્દો
- સામાન્ય શબ્દો

**બ. વિષયવસ્તુ શબ્દો**

- સામાન્ય પર્યાવરણીય શબ્દો
- વિશિષ્ટ શબ્દો

### અ સ્વરૂપ શબ્દો

આ પ્રકારના શબ્દો એવા શબ્દો છે જે આપણે બોલીએ છીએ અને કોઈપણ વિષયના વાર્તાલાપમાં ઉપયોગ કરવા પાત્ર છે. તે ભાષાની માળખાની રચના કરે છે. વેસ્ટ અનુસાર જરૂરી શબ્દો લગભગ 150 છે જેમાં સર્વનામ, સંયોજક વગેરે છે. સામાન્ય શબ્દો અર્થમાં ઉપયોગમાં વધુ મર્યાદિત છે. અને ઓછા ઉપયોગમાં આવે છે. સામાન્ય શબ્દો સાહિત્યની વિશિષ્ઠ શૈલી વાળા હોય છે.

### બ. વિષયવસ્તુ શબ્દો

વિષયવસ્તુ શબ્દો એવા શબ્દો છે જે વક્તા વસ્તુઓ કે પ્રસંગો વિશે વાત કરવા ઉપયોગમાં લે છે. તેઓ તેમની રજૂ કરેલ વાતના સારાંશના ઘટક રૂપ તત્વો હોય છે જ્યારે સામાન્ય પર્યાવરણ શબ્દો વસ્તુઓ સાથે જોડાણ ધરાવે છે. જે બધાજ મનુષ્યોના પર્યાવરણનો ભાગ છે. વિશિષ્ટ શબ્દો એવા શબ્દો છે જે તેમાંના એક જૂથ માટે વિશિષ્ટ છે.

વેસ્ટ વિષયવસ્તુ શબ્દોની ઓળખ આપે છે કે મોટા ભાગના સંદર્ભ શબ્દો રચનામાં સાદા હોય છે. તેઓ ફક્ત એક અથવા ખૂબ ઓછા સંબંધિત અર્થો ધરાવે છે. તેઓની સંખ્યા નિશ્ચિત કરી શકાતી નથી. તેઓની આગાહી થઇ શકતી નથી. દા.ત. એક શબ્દ છે. 'Say' જેનો સામાન્ય અર્થ reply, ask, declare વગેરે છે. પરંતુ 'food' અને 'eat' જેવા શબ્દો સામાન્ય પર્યાવરણ શબ્દો છે. 'chalk', 'pencil' વગેરે વિશિષ્ટ શબ્દો છે.

(vi) **મૂર્ત અને અમૂર્ત શબ્દભંડોળ**

મૂર્ત શબ્દભંડોળ મૂર્ત વસ્તુની રજૂઆત કરે છે. જેનો ઇન્દ્રિયો દ્વારા બોધ થઇ શકે છે. તે વસ્તુ કે પ્રસંગના સ્વરૂપમાં હોઇ શકે છે. જ્યારે પ્રેમ, આત્મા, ભય જેવી બાબતો રજૂ કરનાર શબ્દોને અમૂર્ત શબ્દભંડોળ કહેવામાં આવે છે. તે શારીરીક રીતે સરળતાથી ઇન્દ્રિય બોધ થઇ શકતી નથી પણ માનસિક રીતે કલ્પના થઇ શકે છે. તે મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા છે અને શારીરીક વસ્તુઓ નથી.

(vii) **પાયાનું શબ્દભંડોળ**

આ પ્રકારનો શબ્દભંડોળ વાત કરવા માટે અન્ય કોઇપણ શબ્દભંડોળ કરતાં વધુ વ્યાપક રીતે વપરાય છે. પાયાના શબ્દભંડોળને ભાષાની સમગ્ર શબ્દભંડોળનું હાર્દ માનવામાં આવે છે. કારણકે તે વકતાના તે ભાષાના સંદર્ભે કથન, વાંચન, લેખન અને શ્રવણ માટે ઉપયોગમાં દરરોજ વપરાશના શબ્દભંડોળનો સમાવેશ કરે છે. તે એવા બધાજ શબ્દભંડોળને દૂર રાખે છે જે ભાષાના દરરોજના ઉપયોગમાં જરૂરી ન હોય. તે સાધિત શબ્દો નહિ પણ ફક્ત મૂળ શબ્દોનો સમાવેશ કરે છે. પાયાના શબ્દભંડોળના સંશોધનોમાં એક સંશોધક ખાસ શબ્દભંડોળને પાયાના શબ્દભંડોળ તરીકે ગણે છે. જ્યારે બીજો સંશોધક એજ શબ્દોને પાયાના ન હોય તેવા શબ્દભંડોળ તરીકે ન પણ ગણે. પાયાના શબ્દભંડોળની સંકલ્પનાને અર્થના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરી શકાય આ પ્રતિમાન આધારે પાયાના શબ્દભંડોળની યાદી તૈયાર કરવામાં આવી છે. જે all, at, on જેવા જેવા 200 શબ્દોનો સમાવેશ કરેલ છે.

(viii) **શ્રેણીકૃત શબ્દભંડોળ**

શ્રેણીકૃત શબ્દભંડોળ એ છે જે શાળાના વિદ્યાર્થીઓની ઉંમર અથવા ધોરણ અનુસાર હોય. શક્ય હોય ત્યારે શ્રેણીકૃત શબ્દભંડોળ આ બંને ચલો વચ્ચે મેળ સાધવા, પરસ્પર વિલીન કરવા અને ભાષાના શબ્દભંડોળને વર્ગીકૃત કરવા અંગે માપદંડ રચવા પ્રયાસ કરે છે.

આ પ્રકારના શબ્દભંડોળના વર્ગીકરણમાં ખૂબ શૈક્ષણિક ફલશ્રુતિ અને લાભ હોય છે. એવી અપેક્ષાઓ રાખવામાં આવે છે કે શાળા કક્ષાના બાળકોએ અધ્યયન, અધ્યાપન અને વાંચન સામગ્રી ની તેમના ખાસ ધોરણ અને ઉંમર માટે તૈયાર કરી હોય તેવી જ શોધવાને સ્થાન હોવું જોઇએ. આ શબ્દભંડોળ અભિયોગ્યતા કસોટીઓ અને શાબ્દિક બુધ્ધિના માપન માટે તૈયાર કરાયેલ શબ્દભંડોળ કસોટીઓમાં પણ ઉપયોગ થાય છે. એ પણ હકીકત છે કે આવી શ્રેણીબધ્ધતામાં તફાવત જોવા મળે જ્યારે બે સંશોધકોએ સમાન માપદંડનો ઉપયોગ કરેલ હોય.

**(ix) પુનઃયાદ કરવા શબ્દભંડોળ**

યાદ કરવા માટે શબ્દભંડોળની સંકલ્પના ત્યારેજ શૈક્ષણિક હેતુ પાર પાડી શકે જ્યારે યાદ કરવાની વિષયવસ્તુ એ સંદર્ભના પાયા પર નકકી કરવામાં કે વ્યાખ્યાયિત કરવામાં આવે, જેમાં યાદ કરવાના શબ્દભંડોળનો ઉપયોગ થાય. જો કે શબ્દો જે યાદ કરવાના શબ્દભંડોળમાં હોય તે અન્ય વિભાગો સાથે જુદા પડતા હોઇ શકે.

**(x) સામાન્ય શબ્દભંડોળ**

જ્યારે આપણે બે કે વધુ ભાષાઓના શબ્દભંડોળને ધ્યાનમાં લઇએ જે સામાન્ય રીતે સબંધિત હોય ત્યારે કેટલાક કારણોસર શબ્દભંડોળના શબ્દો તેઓમાં સામાન્ય હોય તો આ પરિસ્થિતિમાં આપણે સામાન્ય શબ્દભંડોળની વાત કરતા હોઇએ છીએ.

જ્યારે ભાષાઓ એકબીજા સાથે સંબંધિત હોય તેઓ શબ્દભંડોળ વહેંચતા હોય છે. ભાષા અ અને બ ને એક બીજા સાથે પ્રત્યક્ષ સંબંધ ન હોય પણ તેમના ત્રીજી ભાષા ક સાથેના સંબંધને લીધે તેઓ શબ્દભંડોળ વહેંચતા હોય.

બે કે બેથી વધુ ભાષાનો શબ્દભંડોળ અથવા સામાન્યપણા નાં નિર્ણય કરવા વાપરતા માપદંડ બંને ભાષાઓમાં શબ્દોના આકાર અને અર્થ સંબંધે સમાનતા અને અસમાનતાનો સમાવેશ કરે છે. બે કે વધુ ભાષાઓના સામાન્ય શબ્દભંડોળનો અભ્યાસ કરતી વખતે તેમને તેના આકાર અને અર્થના સંદર્ભમાં સમાનતા અને વિષમતાના આધારે થોડાક જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.બે કે બે થી વધુ ભાષાના શબ્દભંડોળમાં રહેલી સામાન્યતા અધ્યાપનમાં વધુમાં વધુ ઉપયોગમાં આવે છે.

**(xi) સગોત્રી શબ્દભંડોળ**

જ્યારે આપણે કોઈ મૂળ માંથી ઉતરી આવેલ ભાષાની વાત કરતા હોઈએ ત્યારે આપણે સગોત્રી શબ્દભંડોળની વાત કરીએ છીએ. એ સાહજિક છે કે સમાન ઉત્પત્તિ ધરાવતી ભાષાઓમાં આકાર અને અર્થમાં સમાનતા અને અસમાનતા ધરાવતો વિશાળ શબ્દભંડોળ હોય છે. આ સગોત્રી શબ્દભંડોળને અધ્યાપન કે શૈક્ષણિક સામગ્રી તૈયાર કરતી વખતે અન્ય ભાષાના શબ્દભંડોળને ધ્યાનમાં લેવામાં આવે છે. આ એ પ્રકારનો શબ્દભંડોળ છે જે બે કે વધુ ઉત્પત્તિની રીતે સમાન ભાષામાં સામાન્ય છે. તે ઉત્પત્તિની સમાનતાના કારણે નહિ પણ સમાન સ્રોતથી શબ્દભંડોળ લેવાને કારણે હોય છે.આ ત્રીજા સ્રોતમાંથી બે કે વધુ વ્યુત્પત્તિની રીતે સમાન ભાષાઓમાં લેવામાં આવેલ શબ્દભંડોળ પણ અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયામાં પણ ઉપયોગી છે.

**(xii) વિશિષ્ઠ ભાષા શબ્દભંડોળ**

કોઈ ખાસ સામાજિક - આર્થિક જૂથના ભાષા બોલનાર અથવા કોઈ વિશિષ્ઠ ભૌગોલિક વિસ્તારના બોલનાર દ્વારા ઓળખાયેલી ભાષાના શભ્દભંડોળને વિશિષ્ઠ ભાષા શબ્દભંડોળ

કહેવાય છે. અને આ શબ્દો સામાન્ય રીતે પ્રમાણિત ભાષામાં હોતા નથી. આ ખાસ વર્ગ કે પ્રદેશોના લેખકો દ્વારા લખાયેલ પ્રાદેશિક સાહિત્યમાં જોવા મળી શકે છે. વિશિષ્ઠ ભાષાના અધ્યયન અધ્યાપનમાં આવા વિશિષ્ઠ શબ્દભંડોળના સ્થાન અને ઉપયોગને માતૃભાષા તરીકે કે બીજી ભાષા તરીકે લેવો તે રજુ સ્પષ્ટ નથી.

**(xiii) પ્રાચીન શબ્દભંડોળ**

ભાષાકીય અને બિન ભાષાકીય કારણોને લીધે વર્તમાન બોલાતી અને લખાતી ભાષામાંથી કેટલાક શબ્દભંડોળને પડતો મૂકવામાં આવે છે. આવા શબ્દભંડોળ જે બિન ઉપયોગી થયો હોય તેને પ્રાચીન શબ્દભંડોળ કહે છે. આવો શબ્દભંડોળ પ્રાચીન સાહિત્ય અને લોક સાહિત્યમાં જોવા મળે છે. એવી પણ શક્યતા હોય છે કે ખૂબ ઓછી જાણીતી ભાષામાં પ્રાચીન શબ્દભંડોળના શબ્દો વધુ જોવા મળે. જ્યારે ભાષાનો ઉપયોગ નવીન પરિસ્થિતિઓમાં કરવાનો થાય, તે ભાષામાં પ્રાચીન શબ્દભંડોળમાંથી કે તેવી જ ભાષાના પ્રાચીન સાહિત્યમાંથી શબ્દભંડોળ લેવામાં આવે છે.

**(xiv) તકનીકી શબ્દભંડોળ**

તકનીકી શબ્દભંડોળ એક ખાસ શબ્દભંડોળ છે. અહીં શબ્દ અને શબ્દના પોતાના દ્વારા રજૂ કરેલ સંકલ્પના વચ્ચે ગાઢ સંબંધ હોય છે. તકનીકી સંદર્ભમાં તકનીકી શબ્દભંડોળ તે જ શબ્દોને સમાન લક્ષણોના વિશિષ્ઠ અર્થનો નિર્દેશ કરે છે. પરંતુ અન્ય તકનીકી વિષય કે તકનીકી સંદર્ભમાં તે જુદી રીતે વિશિષ્ઠ અર્થનો નિર્દેશ કરે છે. મોટા ભાગની ભાષામાં તકનીકી શબ્દભંડોળ તકનીકી શોધો સાથે કાં તો મૂળ ભાષામાંથી લઇને કે અનુવાદ કરીને સર્જવામાં આવે છે.

**⊙ ભાષાનો વ્યાવહારૂ ઉપયોગ**

આપણે વિદેશી ભાષામાં શીખવવામાં આવતા શબ્દોને શબ્દભંડોળ તરીકે વ્યાખ્યાયિત કરીએ છીએ. જો કે શબ્દભંડોળમાં નવો શબ્દ એક માત્ર શબ્દથી કંઇક વધુ હોય છે. દા.ત.

પોસ્ટ ઓફિસ અને મધર ઈન લો વગેરે. જે બે કે ત્રણ શબ્દોથી બન્યા હોવા છતાંય એક વિચાર કે અર્થ રજૂ કરે છે. 'Call it a day' જેવા શબ્દ સમૂહો પણ છે જ્યાં શબ્દ ઘટકોના પૃથ્થકકરણ દ્વારા શબ્દ સમૂહનો અર્થ સમજાવી શકાતો નથી. શબ્દભંડોળને વ્યાવહારૂ રીતે ત્રણ તબક્કામાં વર્ગીકૃત કરી શકાય

- વિષયોને લગતો
- ભાષાને લગતો
- વ્યાકરણને લગતો

વિષયોને લગતા શબ્દભંડોળના વિભાગમાં આપણે કેટલાક વ્યવહારૂ, વિષયવસ્તુ આધારિત અને સાંસ્કૃતિક શબ્દભંડોળ મૂકી શકીએ. જેમ કે આપણે ક્રિસ્ટમસ, દિવાળી વગેરે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. તે તહેવારો ઉજવવાના આધાર પર હોય છે.

ભાષાકિય સ્વરૂપમાં આપણે તાત્વિક ક્રમ અને ભાષા વિજ્ઞાન અનુસાર શબ્દો મૂકી શકીએ. જેમકે કેટલાક શબ્દોના ઉચ્ચાર સમાન હોય પરંતુ તે જુદી રીતે લખાતા હોય છે. દા. ત. bad - bed, caught - cot, વગેરે આ સાદા ઉદાહરણો છે પરંતુ ભાષામાં સંપૂર્ણ શબ્દો હોય છે.

અને છેવટે વ્યાકરણીય સ્વરૂપનો શબ્દભંડોળમાં શબ્દોને વક્તવ્યના વિભાગો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. દા.ત. boy, chair, go, good, smoothly વગેરે શબ્દોને સંજ્ઞા, ક્રિયાપદ, સંબોધન અને વિશેષણમાં સમાવેશ કરી શકાય. બીજી બાજુએ કેટલાક શબ્દો જેવા કે the, an, in, on વગેરેનો સમાવેશ આર્ટીકલ, નામયોગી, દર્શક અને સંયોજકમાં સમાવેશ થાય છે. આમ શબ્દભંડોળનો વ્યાવહારૂ ઉપયોગ એક વિશાળ વિસ્તારમાં મૂકી શકાય અને વિસ્તારથી ચર્ચા કરી શકાય.

### ⊙ શબ્દભંડોળ માપનના ઘટકો

શબ્દભંડોળ વિવિધ પાસાંના ઘટકોનો બનેલ હોય છે. તેને ઘણા ઘટકો હોય છે. પરંતુ સંશોધકે પ્રસ્તુત અભ્યાસમાં તેમાના કેટલાકનો ઉપયોગ કરેલ છે.

**અર્થ**

ભાષા શિક્ષકો દ્વારા એવું ખોટી રીતે ધારી લેવામાં આવે છે કે શબ્દભંડોળ શિક્ષણ એટલે બે શબ્દોના અર્થનું અથવા વાક્યમાં તે શબ્દના સંદર્ભના અક અર્થનું શિક્ષણ. પરંતુ અર્થને ઘણા પરિમાણો હોય છે. અને લક્ષણો જેવા કે સમાન અર્થમાં પાસાં, વિવિધ ચિત્રો અને વિરોધી અર્થ હોય છે.

**⦿ સમાનાર્થી અને વિરોધાર્થી**

સમાનાર્થી એટલે તે શબ્દનો સમાન શબ્દ કે તેવો જ શબ્દ અને વિરોધાર્થી એટલે તે શબ્દનો વિરોધી શબ્દ કે વિરોધી અર્થવાળો શબ્દ.

જ્યારે શિક્ષક જોડીમાં એક શબ્દનો સમાન કે વિરોધી શબ્દ વિદ્યાર્થીને આપે છે. અને વિદ્યાર્થીને તે શબ્દનો સરખો અર્થ કે વિરોધી શબ્દ શોધી આપવાનું કહે છે. ત્યારે તે વિકલ્પમાં શબ્દો આપે છે. તેના માટે સમજ વિકસાવવા અને મૂળ શબ્દ, ઉપસર્ગ અને પ્રત્યયના મહાવરા માટે કેટલાક સ્વાધ્યાય વિદ્યાર્થીને આપે છે.  આ માટે એક બાબત સ્વીકાર્ય છે કે બધી જ ભાષામાં સરખા પ્રમાણમાં સમાનાર્થી કે વિરોધી શબ્દો હોતા નથી.

**⦿ શબ્દોનું અનુવાદ**

ભારતમાં અંગ્રેજી બીજી ભાષા છે અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે તે અનુવાદ પધ્ધતિથી શીખવવામાં આવે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને દ્વિતીય ભાષા સંપૂર્ણ રીતે અંગ્રેજીમાં ભણાવવાની હોતી નથી પરંતુ પ્રાદેશીક વિદ્યાર્થીઓની સમજ માટે તેનો અનુવાદ કરવાનો હોય છે. કેટલાક શબ્દો વર્ગખંડમાં સીધાજ શીખવી શકાતા નથી પરંતુ તે બે ભાષાઓના ઉપયોગ દ્વારા શીખવી શકાય છે. તે પ્રાયોગિક રીતે શીખવી શકાય છે. દા.ત. જો શિક્ષક ‘a vender’ શબ્દને ઓળખાવવા માગે છે જેનો અર્થ થાય છે. કોઇ ચીજવસ્તુ વેચનાર વ્યક્તિ. પરંતુ આ માટે શબ્દને નજરમાં સ્પષ્ટ કરવો પડે અને એ જ રીતે રજૂ કરવો જોઇએ જાણે તે દરરોજ શીખવતો હોય.

### ⦿ શબ્દની રચના

શબ્દ તેના પદ દ્વારા રચાય છે. અપૂર્ણ અક્ષરો શબ્દ વિશે જાણવામાં ગેરસમજ ઉભી કરે છે. શબ્દ પૂર્ણ ત્યારે બને જ્યારે તેની સાચી રીતે જોડણી લખાય. તેના વગર શબ્દનો અર્થ નથી. ઘટકોમાં ના કેટલાક ભાષા વિજ્ઞાન પર આધારિત હોય છે.

આ પ્રકારના શબ્દભંડોળના ઘટકમાં વિદ્યાર્થીએ સંપૂર્ણ અર્થસભર જોડણી કરવી જોઈએ અને પૂર્ણ કરવા માટે સાચો અક્ષર મૂકવો જોઈએ. જો અર્થની ચાવી વિદ્યાર્થીઓને આપવામાં આવી હોય તો શબ્દ ઓળખવામાં અને ખાલી જગ્યામાં સાચી જોડણી માટે અક્ષર મુકવો સરળ પડે છે.

### ⦿ શબ્દની ઓળખ

વિદેશી ભાષા શીખનાર વિદ્યાર્થીઓ માટે શબ્દ તેની પોતાની સમજ દ્વારા ઓળખી શકાય છે. આ પ્રકારનો ઘટક તેઓને શબ્દ માટે ચાવી આપવા વપરાય છે. તેઓને વિકલ્પો પૂરા પાડવામાં આવે છે. અને પછી તેઓએ શબ્દનો વાક્ય બનાવવા ઉપયોગ કરવાનો હોય છે. તેથી વિદ્યાર્થીઓ તેઓની સમજ અને લાગુ પાડવા ઉપયોગ કરે છે.

## 2.4.0 પૂર્વે થયેલાં સંશોધનોનો સારાંશ

અભ્યાસકે પોતાના અભ્યાસના હેતુઓ અને અભ્યાસના શીર્ષકના અનુસંધાને વિદેશમાં થયેલ સંશોધનો, ભારતમાં થયેલ સંશોધનો અને ગુજરાત રાજયના સંશોધનોનો અભ્યાસ કરી સારાંશ સ્વરૂપે રજૂ કરેલ છે.

### વિદેશમાં થયેલાં સંશોધનો

**○ અભ્યાસ** : 1

**શીર્ષક** : **શહેરથી ગામડાની શાળાઓમાં જતાં અમેરીકન વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને શૈક્ષણિક સ્વખ્યાલનો અભ્યાસ**[19]

**સંશોધક** : **લા શાન કેટરીસ બેકન**

**વર્ષ** : **2011**

**પદવી** : **પીએચ.ડી.**

**યુનિવર્સિટી** : **યુનિવર્સિટી ઓફ લોવા**

**○ હેતુઓ**

(1) વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને સ્વખ્યાલ વચ્ચેનો સંબંધ નક્કી કરવો.

(2) વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સલાહકારો પર હકારાત્મક અને નકારાત્મક અસરોનો અભ્યાસ કરવો.

(3) શૈક્ષણિક સ્વખ્યાલ માટે પ્રોત્સાહન આપવું અને અસરકારક કાર્યક્રમ નિર્માણ કરવો.

**○ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ-6 થી ધોરણ-8ના આફ્રિકન અમેરીકન વિદ્યાર્થીઓનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

**○ નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં આફ્રિકન અમેરીકન મિડલ અને જુનિયર શાળાઓના કુલ 101 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**○ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**○ સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં લિકર્ટ આધારીત પ્રતિચાર માપદંડની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત અભિયોગ્યતા કસોટી તૈયાર કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગ કરેલ સંશોધન ઉપકરણની યથાર્થતા અને વિશ્વસનીયતા નકકી કરવામાં આવી હતી.

**○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, પ્રમાણ વિચલન,ટી-મૂલ્ય અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી.

**○ તારણો**

1. શૈક્ષણિક સ્વખ્યાલ અને વિદ્યાર્થીઓનું ઉત્તરોત્તર વધતું જતુ જીપીએ વચ્ચે નોંધપાત્ર સંબંધ જોવા મળ્યો હતો.

2. આઈટીબીએસના પ્રાપ્તાંકો પર શૈક્ષણિક સ્વખ્યાલનો પ્રભાવ જોવા મળ્યો ન હતો.
3. વિદ્યાર્થીઓના પ્રવેશના સમયગાળોએ શૈક્ષણિક સ્વખ્યાલ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે કોઇ ફેરફાર જોવા મળ્યો ન હતો.
4. વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો પર જાતિગત ભેદભાવો જોવા મળ્યા હતા.
5. શૈક્ષણિક સિદ્ધિ, સ્વખ્યાલો અને અભિપ્રેરણાની અસર જોવા મળી હતી.
6. વિદ્યાર્થીઓના શાળાઓ તરફનું વલણ અને તેમને મળતા પ્રોત્સાહન વચ્ચે વિવિધ ચલોની પરસ્પર અસર જોવા મળી હતી.

**● અભ્યાસ : 2**

**શીર્ષક : યુનાઇટેડ અરબ અમિરાતના ધોરણ-12મા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના સામાન્ય અને શૈક્ષણિક સ્વસંકલ્પનાનો શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક-આર્થિક દરજ્જો, બુદ્ધિ અને જાતિના સંદર્ભમાં અભ્યાસ[20]**

**સંશોધક : અબ્દુલકાદર અલ-હુસેન**

**વર્ષ : 2009**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : યુનિવર્સિટી ઓફ હોલ, ઇગ્લેન્ડ**

**● હેતુઓ**

(1) સ્વસંકલ્પના અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેનો સંબંધ તપાસવો.

(2) સ્વસંકલ્પના અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.

(3) વિદ્યાર્થીઓની સિદ્ધિ પર વિવિધ ચલો પૈકી કયા ચલો અસર કરે તે શોધવું.

(4) સામાજિક-આર્થિક સ્થિતિનું માપન કરવા માટે સંશોધન ઉપકરણ તૈયાર કરવું.

(5) સ્વસંકલ્પનાના માપન માટે સંશોધન ઉપકરણ તૈયાર કરવું.

## ○ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં યુનાઈટેડ અરબ અમિરાત દેશના ધોરણ-12માં અભ્યાસ કરતાં શૈક્ષણિક વર્ષ 1979-90ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ○ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં કુલ 334 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. તમામા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાંથી પસંદ કરવામાં આવ્યા હતાં. જેમાં 157 છોકરાઓ અને 177 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં  નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. હર્બટ માર્શ દ્વારા રચિત હતાશા પ્રશ્નાવલિ.
2. શૈક્ષણિક ક્ષમતા માપદંડ.
3. કુપર સ્મિથ સ્વસંકલ્પના સંશોધનિકા.
4. સમાજિક આર્થિક સ્થિતિ ઈન્ડેક્ષ.
5. સ્વરચિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, પ્રમાણ વિચલન, શૂન્ય- પરસ્પર સહસંબંધ, ટી-મૂલ્ય અને એફ-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

(1) છોકરાઓ કરતાં છોકરીઓની શારીરિક શક્તિનો સ્વખ્યાલ વધુ ઉચ્ચ કક્ષાનો જોવો મળ્યો હતો.

(2) છોકરાઓ કરતાં છોકરીઓની સામાન્ય શૈક્ષણિક શક્તિ, ગણિત, કેમેસ્ટ્રી અને શારીરિક દેખાવનો સ્વખ્યાલ નોધપાત્ર રીતે ઊંચો જોવા મળ્યો હતો.

(3) અરેબિક ભાષા, વાલી સંબંધ, પરિચિત સંબંધ અને સમાન્ય સ્વખ્યાલ વચ્ચે જાતિની અસર જોવા મળી ન હતી.

(4) બુદ્ધિ અને ગણિતના સ્વખ્યાલો, સમાન્ય શૈક્ષણિક શક્તિ અને સંપૂર્ણ જૂથ માટેનો સામાન્ય સ્વખ્યાલ વચ્ચે હકારાત્મક સહસંબંધ જોવા મળ્યો હતો.

(5) બુદ્ધિ અને પરિચિત જૂથના ખ્યાલો, શારીરિક દેખાવો અને શક્તિ માટે છોકરાઓ નહિં પરંતુ છોકરીઓમાં નોંધનીય સંબંધો જોવા મળ્યાં હતાં.

(6) શૈક્ષણિક શક્તિના સ્વખ્યાલો અને સામાન્ય સ્વખ્યાલો વચ્ચે નોંધપાત્ર સહસંબંધ જોવા મળ્યો હતો.

(7) વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વ્યક્તિના સામાન્ય સ્વખ્યાલની અસર જોવા મળી નથી પરંતુ બુદ્ધિ પર સિદ્ધિની અસર જોવા મળી હતી.

**○ અભ્યાસ : 3**

**શીર્ષક : કોલેજની પ્રવૃતિઓમાં ભાગ લેતાં અને ભાગ ન લેતાં વિદ્યાર્થીઓમાં સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસનો અભ્યાસ**[21]

**સંશોધક : પ્રપાસ પાજીયાંગ**

**વર્ષ : 2009**

**પદવી : પીએચ.ડી.**

**જર્નલ : કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, મલેશિયા**

**○ હેતુઓ**

કોલેજની પ્રવૃત્તિમાં ભાગ લેતાં અને ભાગ ન લેતા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસ વચ્ચેનો સંબંધ ચકાસવો અને તેના પરીબળોને તપાસવા, અને સિદ્ધિ, અનુકૂલન અને આત્મવિશ્વાસ વધારવા માટે મોડલ તૈયાર કરવું.

## ○ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં મલેશિયાના ઉટારા વિસ્તારની કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

## ○ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શમાં 431 વિદ્યાર્થીઓ હતા કે જેઓ કોલેજમાં વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા અને 339 વિદ્યાર્થીઓ કે જેઓ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા ન હતા તેઓને યાદચ્છિક નિદર્શ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યાં હતાં.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. સિદ્ધિપ્રેરણા માટે ડીઓ મોહન પ્રોજેક્ટીવ કસોટી.
2. અનુકૂલન કસોટી.
3. આત્મવિશ્વાસ સંશોધનિકા.
4. મુલાકાત.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, પ્રમાણ વિચલન,ટી-મૂલ્ય અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

1. જે વિદ્યાર્થીઓ કોલેજ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેમનામાં સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસનું સ્તર ભાગ નહી લેનારા વિદ્યાર્થીઓ કરતાં ઊંચુ હતું.
2. છોકરાઓ અને છોકરીઓ કે જેઓ ભાગ લેતા હતા કે ભાગ લેતા ન હોય તેમનામાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી.

3. જુદી-જુદી વિદ્યાશાખાના ભાગ લેનારા વિદ્યાર્થીઓમાં સફળતાની સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસમાં તફાવત જોવા મળ્યો હતો.

4. પ્રવૃત્તિમાં ભાગ લેનારમાં અનુકૂલન અને આત્મવિશ્વાસમાં તફાવત જોવા મળ્યો હતો.

5. ભાગ લેનારાઓમાં ભાગ નહીં લેનારાઓ કરતાં સિદ્ધિપ્રેરણા એન્જીનિયરીંગ વિદ્યાશાખા કરતાં વધુ ઊંચી હતી.

6. સાયન્સ અને ટેક્નોલોજી વિભાગમાં અનુકૂલન વધુ ઉચ્ચ કક્ષાની જોવા મળી હતી.

## ભારતમાં થયેલાં સંશોધનો

**● અભ્યાસ** : **4**

**શીર્ષક** : **હરિયાણાની સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની બુદ્ધિ, શૈક્ષણિક ચિંતા અને રસનો વિજ્ઞાન વિષયની સિદ્ધિનાં સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ**[22]

**સંશોધક** : **જિતેન્દ્ર ધુલ**

**વર્ષ** : **2012**

**પદવી** : **પીએચ.ડી.**

**યુનિવર્સિટી** : **મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી, રોહતક**

**● હેતુઓ**

(1) સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ચિંતાની તુલના કરવી.

(2) સરકારી શાળાઓમાં ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાની તુલના કરવી.

(3) ખાનગી શાળાઓમાં ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાની તુલના કરવી.

(4) સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાની તુલના કરવી.

(5) સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાની તુલના કરવી.

(6) ખાનગી અને સરકારી શાળાઓના ધોરણ-10ના વિદ્યાર્થીઓની બુદ્ધિની તુલના કરવી.

(7) સરકારી શાળાઓના ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓ અને પુરુષ વિદ્યાર્થીઓની બુદ્ધિની તુલના કરવી.

(8) ખાનગી શાળાઓના ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓ અને પુરુષ વિદ્યાર્થીઓની બુદ્ધિની તુલના કરવી.

(9) સરકારી અને ખાનગી શાળાઓના ધોરણ-10ના પુરુષ વિદ્યાર્થીઓની બુદ્ધિની તુલના કરવી.

(10) સરકારી અને ખાનગી શાળાઓના ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓની બુદ્ધિની તુલના કરવી.

(11) સરકારી અને ખાનગી શાળાઓના ધોરણ-10ના વિદ્યાર્થીઓની વાંચનરૂચિની તુલના કરવી.

(12) સરકારી શાળાઓના ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વાંચનરૂચિની તુલના કરવી.

(13) ખાનગી શાળાઓના ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વાંચનરૂચિની તુલના કરવી.

(14) સરકારી શાળાઓના ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વાંચનરૂચિની તુલના કરવી.

(15) સરકારી અને ખાનગી શાળાઓના ધોરણ-10ના પુરુષ વિદ્યાર્થીઓની વાંચનરૂચિનો અભ્યાસ કરવો.

(16) સરકારી અને ખાનગી શાળાઓના ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓની વાંચનરૂચિનો અભ્યાસ કરવો.

(17) સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10માં વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયની સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

(18) સરકારી શાળાઓમાં ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની સાયન્સમાં સિદ્ધિની તુલના કરવી.

(19) ખાનગી શાળાઓમાં ધોરણ-10ના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયમાં સિદ્ધિની તુલના કરવી.

(20) ધોરણ-10ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયમાં શૈક્ષણિક સિદ્ધિ અને શૈક્ષણિક ચિંતા વચ્ચેનો સંબંધ ચકાસવો.

(21) ધોરણ-10ના વિદ્યાર્થીઓની બુદ્ધિ અને વિજ્ઞાન વિષયની શૈક્ષણિક ચિંતા વચ્ચેનો સંબંધ ચકાસવો.

(22) ધોરણ-10ના વિદ્યાર્થીઓમાં વાંચનરૂચિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સંબંધ ચકાસવો.

(23) સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના સ્ત્રી વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયની સિદ્ધિની તુલના કરવી.

## ● વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં રોહતક અને સોનીપતના ધોરણ-10ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ⭘ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં સરકારી શાળાઓમાંથી કુલ 200 વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાઓમાંથી 200 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવેલ હતાં. આમ, કુલ 400 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## ⭘ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ⭘ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. ડૉ. એ.કે.પી સિંહા અને ડૉ. આઇ. એન. કે. સિંહા રચિત શૈક્ષણિક ચિંતા માપદંડ
2. ડૉ. એસ. એમ. મોહસિન દ્વારા રચિત સામાન્ય બુદ્ધિ કસોટી.
3. સ્વરચિત વિજ્ઞાન વિષયની સિદ્ધિ કસોટી.
4. સ્વરચિત વાંચનરૂચિ સંશોધનિકા

## ⭘ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં આવૃતિ વિતરણ, મધ્યક, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી જ્યારે સંબંધ જાણવા માટે સહસંબંધની ગણતરી કરવામાં આવી હતી.

## ⭘ તારણો

(1) સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ વધુ શૈક્ષણિક ચિંતા ધરાવતાં હતાં.

(2) સરકારી શાળાના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.આમ, સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓ કરતાં સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતા ઓછી હતી.

(3) ખાનગી શાળાના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.આમ, ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓ કરતાં ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતા ઓછી હતી.

(4) સરકારી અને ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતા ઓછી હતી.

(5) સરકારી અને ખાનગી શાળાઓની સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. ખાનગી શાળાઓની સ્ત્રી વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચિંતા ઓછી જોવા મળી હતી

(6) સરકારી શાળા અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓની બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવતાં હતાં.

(7) સરકારી શાળા અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની વાંચનરૂચિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.આમ, ખાનગી શાળાઓના

વિદ્યાર્થીઓની સરખામાણીમાં સરકારી શાળાઓના વિદ્યાર્થીઓની વાંચનરૂચિ ઓછી હતી.

(8) સરકારી શાળાઓના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વાચનરૂચિના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. આમ, સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓ ઓછી વાંચનરૂચિ ધરાવતા હતાં.

(9) ખાનગી શાળાઓના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની વાચનરૂચિના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. આમ, ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની સરખામણીમાં ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓ ઓછી વાંચનરૂચિ ધરાવતા હતાં.

(10) સરકારી અને ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની વાંચનરૂચિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.આમ, ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓ ઓછી વાંચનરૂચિ ધરાવતાં હતાં.

(11) સરકારી અને ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની વાંચનરૂચિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.આમ, ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની સરખામણીમાં સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓ ઓછી વાંચનરૂચિ ધરાવતાં હતાં.

(12) સરકારી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની તુલનામાં સરકારી શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઓછી જોવા મળી હતી.

(13) સરકારી શાળાઓના પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની તુલનાએ સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઓછી જોવા મળી હતી.

(14) ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તેમના પુરુષની સરખામણીમાં વધુ જોવા મળી હતી.

(15) સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, સરકારી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિ ખાનગી શાળાઓના પુરુષ વિદ્યાર્થીઓની તુલનામાં ઓછી જોવા મળી હતી.

(16) સરકારી અને ખાનગી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, સરકારી શાળાઓના સ્ત્રી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની તુલનામાં ઓછી જોવા મળી હતી.

(17) માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વિજ્ઞાન વિષયમાં શૈક્ષણિક ચિંતા અને શૈક્ષણિક સિદ્ધિ એકબીજા સાથે હકારાત્મક સંબંધ ધરાવતાં હતાં.

(18) માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વિજ્ઞાન વિષયમાં બુદ્ધિ અને શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધ ધરાવતાં હતાં.

(19) માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વિજ્ઞાન વિષયમાં વાચનરૂચિ અને શૈક્ષણિક સિદ્ધિ બંને પારસ્પરીક હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો.

**○ અભ્યાસ : 5**

**શીર્ષક : શૈક્ષણિક સિદ્ધિ, બુદ્ધિ અને આર્ટસની પર્સનાલિટીના સંદર્ભમાં બ્લડ ગૃપોનો તુલનાત્મક અભ્યાસ[23]**

**સંશોધક : રાકેશકુમાર શર્મા**

**વર્ષ : 2012**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ચરણસિંહ યુનિવર્સિટી, મેરઠ**

**○ હેતુઓ**

(1) એ, બી, એબી અને ઓ બ્લડ ગૃપના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ગણિત વિષયમાં શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી.

(2) એ, બી, એબી અને ઓ બ્લડ ગૃપના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વિજ્ઞાન વિષયમાં શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી.

(3) એ, બી, એબી અને ઓ બ્લડ ગૃપના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયમાં શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી.

(4) એ, બી, એબી અને ઓ બ્લડ ગૃપના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બુદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

(5) એ, બી, એબી અને ઓ બ્લડ ગૃપના માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**○ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાની માધ્યમિક શાળાઓ અને સીબીએસઇ, નવી દિલ્હી સાથે જોડાણ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં  યાદચ્છિક રીતે 10 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. મોટાભાગની શાળાઓ મેરઠ શહેર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલ હતી. નિદર્શમાં કુલ 1014 વિદ્યાર્થીઓનું સરળ યાદચ્છિક પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતાં.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં  નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. વિદ્યાર્થીઓનું બ્લડ ગૃપની માહિતી મેળવવા માટે સામાન્ય માહિતી માળખાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
2. ડૉ. જી. સી. આહુજા દ્વારા રચિત અને પ્રમાણિત સામુહિક બુદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં આવૃતિ વિતરણ, સહવિચરણ પૃથક્કરણ, અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.

## તારણો

(1) માધ્યમિક શાળાઓના બી.બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગણિતમાં 'એ' ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(2) માધ્યમિક શાળાઓના 'એ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગણિતમાં 'એબી' ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(3) માધ્યમિક શાળાઓના 'ઓ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગણિતમાં 'એ' ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(4) માધ્યમિક શાળાઓના ‘બી’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગણિતમાં ‘એબી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(5) માધ્યમિક શાળાઓના ‘ઓ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં ગણિતમાં ‘બી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(6) માધ્યમિક શાળાઓના બી બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં ‘એ’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(7) માધ્યમિક શાળાઓના ‘એ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં ‘એબી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(8) માધ્યમિક શાળાઓના ‘ઓ’ અને ‘એ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઆ વિજ્ઞાન વિષયમાં લગભગ સમાનકક્ષાની સિદ્ધિ ધરાવે છે.

(9) માધ્યમિક શાળાઓના ‘બી’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં ‘એબી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(10) માધ્યમિક શાળાઓના ‘ઓ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં ‘બી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(11) માધ્યમિક શાળાઓના બી બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં ‘એ’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(12) માધ્યમિક શાળાઓના ‘એ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં અંગ્રેજી વિષયમાં ‘એબી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(13) માધ્યમિક શાળાઓના ‘ઓ’ અને ‘એ’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં લગભગ સમાનકક્ષાની સિદ્ધિ ધરાવે છે.

(14) માધ્યમિક શાળાઓના ‘બી’ અને ‘એબી’ બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં અંગ્રેજી વિષયમાં ‘એબી’ ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(15) માધ્યમિક શાળાઓના 'ઓ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓની સરખામણીમાં વિજ્ઞાન વિષયમાં 'બી' ગ્રૃપના વિદ્યાર્થીઓ વધારે સારી સિદ્ધિ ધરાવે છે.

(16) 'બી' ગ્રૃપના વિદ્યાર્થીઓ કરતાં 'એ' ગૃપના વિદ્યાર્થીઓ વધુ સારી બુદ્ધિકક્ષા ધરાવતાં હતાં.

(17) 'એબી' ગ્રૃપના વિદ્યાર્થીઓ કરતાં 'એ' ગૃપના વિદ્યાર્થીઓ વધારે સારી બુદ્ધિ ધરાવતાં હતાં.

(18) 'એબી' બ્લડ ગ્રૃપ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં 'બી' બ્લડ ગૃપ ધરાવતાં વિદ્યાર્થીઓ વધુ સારી બુદ્ધિ કક્ષા ધરાવે છે.

(19) 'એબી અને 'ઓ' બ્લડ ગૃપ ધરાવતાં વિદ્યાર્થીઓ સમાન કક્ષાની બુદ્ધિ ધરાવતા હતાં.

(20) 'એ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિત્વ લાક્ષણિક્તારૂપી એક્ટીવીટી-પેસીવીટીના સંદર્ભમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ કે જે 'બી' બ્લડ ગ્રૃપ ધરાવતા હતા તેમના જેટલા જ એક્ટીવ હતાં.

(21) 'એ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિત્વ લાક્ષણિક્તારૂપી એક્ટીવીટી-પેસીવીટીના સંદર્ભમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ કે જે 'એબી' બ્લડ ગૃપ ધરાવતા હતા તેમના જેટલા જ એક્ટીવ હતાં.

(22) માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ કે જેમનું બ્લડ ગ્રૃપ 'એ' હતું તેઓ તેમના વ્યક્તિત્વના ઉત્સાહી અને બિનઉત્સાહીની બાબતમાં 'બી' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓ કરતાં વધારે ઉત્સાહી હતાં.

(23) માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ કે જેમનું બ્લડ ગૃપ 'એબી' હતું તેઓ તેમના વ્યક્તિત્વના ઉત્સાહી અને બિનઉત્સાહીની બાબતમાં 'એ' બ્લડ ગૃપના વિદ્યાર્થીઓ કરતાં વધારે ઉત્સાહી હતાં.

**○ અભ્યાસ : 6**

**શીર્ષક : ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં બાયોલોજીમાં શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિ પ્રેરણાના પસંદગીના એકબીજા સાથે સંકળાયેલા ઘટકોની અસર**[24]

**સંશોધક : શિવપ્રસાદ કે.**

**વર્ષ : 2012**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કેરાલા**

**○ હેતુઓ**

(1) નિદર્શ અને પેટા નિદર્શ માટે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે બાયોલોજીમાં સિદ્ધિ અને સિદ્ધિ પ્રેરણાના પસંદગીના પારસ્પરીક ઘટકોની કક્ષા નક્કી કરવી.

(2) કુલ નિદર્શ અને સંબંધિત પેટા નિદર્શ માટે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે બાયોલોજીમાં સિદ્ધિ અને સિદ્ધિપ્રેરણાના પસંદગીના પારસ્પરિક ઘટકો વચ્ચેનો સંબંધ શોધવો.

(3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બાયોલોજીમાં સિદ્ધિ અને સિદ્ધિપ્રેરણાના પસંદગીના પારસ્પરિક ઘટકોની અસર શોધવી.

**○ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં કોલમ, પઠાણમઠિતા, અલાપુઝા, કોટાયમ, ઇડુકી અને ઈરનાકુલમ જિલ્લાઓના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**○ નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં 740 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામા આવ્યો હતો. જે પૈકી 282 છોકરાઓ અને 485 છોકરીઓ હતી. 277 શહેરી વિસ્તારમાંથી જ્યારે 463 ગ્રામ્ય

વિસ્તારના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જ્યારે શાળાઓના પ્રકાર અનુસાર, 297 સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ અને 165 ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં  નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. પરીક્ષા ચિંતા માપન માપદંડ.
2. અભ્યાસટેવ સંશોધનિકા.
3. સ્વસંકલ્પના માપદંડ.
4. સ્વ અધ્યયન વાતાવરણ સંશોધનિકા.
5. બાયોલોજી વિષયમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ સિદ્ધિ/ગુણ.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં આવૃતિ વિતરણ, સહવિચરણ પૃથક્કરણ, મધ્યસ્થ, બહુલક, કકૂદતા, સરાસરીની પ્રમાણભૂલ, સરાસરી,પ્રમાણિત વિચલન અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

(1) પરીક્ષાની કક્ષાએ બાયોલોજીની સિદ્ધિ પર નોંધપાત્ર અસર જોવા મળી હતી જે દર્શાવે છે કે  બાયોલોજીમાં ઉંચી, મધ્યમ અને ઓછી સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓની પરીક્ષા ચિંતામાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(2) સહવિચરણ પૃથક્કરણ પરથી માલૂમ પડે છે કે અભ્યાસટેવોની અસર બાયોલોજી વિષયની સિદ્ધિ પર જોવા મળી હતી. બાયોલોજીમાં ઉંચી, મધ્યમ અને ઓછી સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓની અભ્યાસટેવોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(3) સહવિચરણ પૃથક્કરણ પરથી માલૂમ પડે છે કે સ્વઅધ્યયન વાતાવરણની અસર બાયોલોજી વિષયની સિદ્ધિ પર જોવા મળી હતી. બાયોલોજીમાં ઉચી, મધ્યમ અને ઓછી સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓની સિદ્ધિ પરણ અભ્યાસનું વાતાવરણ સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**o અભ્યાસ :** 7

**શીર્ષક :** **શાળાઓના બાળકોની પરિક્ષા ચિંતાનો બુદ્ધિ, વ્યક્તિત્વ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ**[25]

**સંશોધક :** **હીરા સિંઘ**

**વર્ષ :** 2012

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિવર્સિટી :** **પંજાબ વિશ્વવિદ્યાલય, પટીયાલા**

**o હેતુઓ**

(1) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના તણાવની કક્ષાનો અભ્યાસ કરવો.

(2) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(3) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર બુદ્ધિની અસરનો અભ્યાસ કરવો.

(4) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર વ્યક્તિત્વની અસરનો અભ્યાસ કરવો.

(5) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર સિદ્ધિપ્રેરણાની અસરનો અભ્યાસ કરવો.

(6) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર વ્યક્તિત્વ અને બુદ્ધિની આંતરક્રિયાનો અભ્યાસ કરવો.

(7) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર વ્યક્તિત્વ અને સિદ્ધિપ્રેરણાની આંતરક્રિયાનો અભ્યાસ કરવો.

(8) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર બુદ્ધિ અને સિદ્ધિપ્રેરણાની આંતરક્રિયાનો અભ્યાસ કરવો.

(9) શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના પરિક્ષાલક્ષી તણાવ પર બુદ્ધિ, વ્યક્તિત્વ અને સિદ્ધિપ્રેરણાની આંતરક્રિયાનો અભ્યાસ કરવો.

- **વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં પટીયાલા અને ફરીદાબાદ જિલ્લાના ધોરણ-10ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

- **નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં પંજાબ રાજ્યના બે જિલ્લાઓ પટીયાલા અને ફરિદકોટને યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી. પટીયાલા જિલ્લાના ચાર સબ ડીવિઝન અને ફરીદકોટ જિલ્લાના બે સબ ડીવિઝનોને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતાં કુલ 400 શાળાઓનો અને તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

- **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**○ સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. કેટલનો સાંસ્કૃતિક મુક્ત બુદ્ધિ માપદંડ (કેટલ 1973).
2. એસ.એસ. શ્રીવાસ્તવ દ્વારા રચિત વ્યક્તિત્વ કસોટી.
3. ઉમા ચૌધરી રચિત સિદ્ધિ પ્રેરણા માપન ઉપકરણ.
4. સ્વરચિત પરીક્ષાચિંતા માપદંડ.

**○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસમાં આવૃતિ વિતરણ, મધ્યક, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. જ્યારે આંતરક્રિયાની ચકાસણી કરવા માટે સહવિચરણ પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**○ તારણો**

(1) વિદ્યાર્થીઓની સરાસરી વિદ્યાર્થીનિઓની સરાસરી કરતાં ઓછી હતી એટલે કે વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનિઓ વધુ પરીક્ષાચિંતા ધરાવતી હતી.

(2) બુદ્ધિ કે વ્યક્તિત્વને કારણે પરીક્ષાલક્ષી ચિંતામાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(3) સિદ્ધિપ્રેરણા અને બુદ્ધિ વચ્ચે સાર્થક અસર જોવા મળી નથી.

(4) વ્યક્તિત્વ, બુદ્ધિ અને સિદ્ધિપ્રેરણાની પરીક્ષાચિંતા પર આંતરક્રિયા જોવા મળી હતી.

**○ અભ્યાસ : 8**

**શીર્ષક :** **ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ, સામાજિક આર્થિક દરજ્જો અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ**[26]

**સંશોધક :** **પી. એસ. કેશવાન**

**વર્ષ :** **2009**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિવર્સિટી :** **પેરીયાર યુનિવર્સિટી, તમિલનાડું**

**○ હેતુઓ**

(1) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ કરવો.

(2) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિનો અભ્યાસ કરવો.

(3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને બહુવિધ બુદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

(4) પસંદગીના પરિવર્તશીલ ઘટકો આધારીત પેટા નમૂનાઓ વચ્ચે સાંવેગિક બુદ્ધિ વચ્ચેનો સાર્થક તફાવત ચકાસવો.

**○ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં નામકકાલ જિલ્લામાં જુદા જુદા મેનેજમેન્ટ નીચેની શાળાઓના ધોરણ-11ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**○ નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં તામિલનાડુંના નામકકાલ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-11માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી સ્તરીકૃત યાદ્દચ્છિક રીતે 1300 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**○ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**○ સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. સ્વરચિત સાંવેગિ બુદ્ધિ સંશોધનિકા.
2. થોમસ આર્મસ્ટ્રોગ દ્વારા રચિત બહુવિધ બુદ્ધિ સંશોધનિકા.
3. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માટે ટકાવારી
4. ડૉ. એસ. એમ. મોહસિન દ્વારા રચિત સામાન્ય બુદ્ધિ કસોટી.
5. સ્વરચિત વિજ્ઞાન વિષયની સિદ્ધિ કસોટી.
6. સ્વરચિત વાંચનરૂચિ સંશોધનિકા

## ● માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં ટી-મૂલ્ય,સહવિચરણ પૃથકકરણ, કાઇ-વર્ગ, સહસંબંધ અને બહુચલિય સહસંબંધની ગણતરી કરવામાં આવી હતી.

## ● તારણો

(1) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે તેમના વાલી અને શાળાઓ વચ્ચેના સંબંધો વચ્ચે કોઇ સાર્થક તફાવત જોવા મળ્યો નથી. પરંતુ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે પરેન્ટીગ, વાલી અને તેમની શિક્ષણમાં સામેલગીરી અને કૌશલ્ય વિકાસ પર પ્રભાવ વિશે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો.

(2) તમિલ માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે વાલીઓ અને બહુવિધ કૌશલ્ય વિકાસ વિશેના ખ્યાલમાં કોઇ સાર્થક તફાવત જોવા મળ્યો નથી. પરંતુ તમિલ માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે વાલીઓની સામેલગીરી બાબતે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો.

(3) ગ્રામ્ય અને શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચે પરેન્ટીગ, પેરેન્ટ અને શાળાઓ વચ્ચેનો સંબંધ તથા શૈક્ષણિક સામેલગીરી, પેરેન્ટ અને બહુવિધ કૌશલ્ય વિકાસ અને સર્વગ્રાહી પેરેન્ટલ પ્રભાવ બાબતના ખ્યાલમાં કોઇ નોધપાત્ર તફાવત જોવા મળ્યો નથી.

(4) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન, વાણિજ્ય અને વ્યવસાયિક જૂથના વિદ્યાર્થીઓના વિવિધ બાબતોના ખ્યાલો વચ્ચે કોઇ તફાવત જોવા મ્ળ્યા નથી.

**○ અભ્યાસ :** **9**

**શીર્ષક :** **ચિંતા, હતાશા, અપેક્ષાની કક્ષા અને બુદ્ધિની શૈક્ષણિક સિદ્ધિ પર અસરનો અભ્યાસ**[27]

**સંશોધક :** **વિભા તલવાર**

**વર્ષ :** **2009**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિવર્સિટી :** **બુંદેલખંડ યુનિવર્સિટી, ઝાંસી**

**○ હેતુઓ**

(1) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બુદ્ધિનો જાતિ અને વિદ્યાશાખાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(2) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક અપેક્ષાનો જાતિ અને વિદ્યાશાખાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ચિંતાનો જાતિ અને વિદ્યાશાખાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(4) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની હતાશાનો જાતિ અને વિદ્યાશાખાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(5) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો જાતિ અને વિદ્યાશાખાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(6) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર બુદ્ધિ, શૈક્ષણિક અપેક્ષાઓ, ચિંતા અને હતાશાની અસરનો અભ્યાસ.

**O વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ઝાંસી જિલ્લાની અલગ અલગ કોલેજના ઇન્ટરમિડીએટમાં અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**O નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં સ્તરીકૃત યાદૃચ્છિક દ્વારા કુલ 600 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જે પૈકી 300 છોકરાઓ અને 300 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**O સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**O સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. શ્રી મોહનચદ્ર જોષી દ્વારા રચેલ માનસિક શક્તિ જૂથ કસોટી.
2. ગોવિંદ તિવારી અને રોમા પાલ દ્વારા તૈયાર કરેલ ચિંતા માપદંડ
3. ડૉ. એન.એસ. ચૌહાણ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતાશા કસોટી.
4. અભ્યાસક દ્વારા રચિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી

**O માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ટી-મૂલ્ય,સહવિચરણ પૃથકકરણની ગણતરી કરવામાં આવી હતી.

**O તારણો**

**બુદ્ધિને લગતાં તારણો :**

(1) અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધારે સારી બુદ્ધિ ધરાવતા હતાં.

(2) ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં અર્ધશહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવતાં હતાં.

(3) વિનયન વિદ્યાશાખાના શહેરી છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(4) વિજ્ઞાન વિદ્યાશાખાના શહેરી છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(5) વિનયન વિદ્યાશાખાના અર્ધશહેરી છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(6) વિજ્ઞાન વિદ્યાશાખાના અર્ધશહેરી છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(7) વિનયન વિદ્યાશાખાના ગ્રામ્ય છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(8) વિજ્ઞાન વિદ્યાશાખાના ગ્રામ્ય છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**ચિંતાને લગતાં તારણો :**

(9) અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ ચિંતા ધરાવતા હતાં.

(10) ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં અર્ધ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ ચિંતા ધરાવતાં હતાં.

(11) શહેરી વિનયન શાખાના છોકરાઓ અને છોકરીઓમા સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(12) શહેરી વિજ્ઞાન શાખાના છોકરાઓ અને છોકરીઓમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(13) અર્ધશહેરી વિનિયન શાખાના છોકરાઓ અને છોકરીઓમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(14) અર્ધશહરી વિજ્ઞાન શાખાના છોકરાઓ અને છોકરીઓમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(15) ગ્રામ્ય વિનિયન શાખાના છોકરાઓ અને છોકરીઓમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(16) શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારના નિદર્શના પાત્રો વચ્ચેનું સહ વિચરણ પૃથક્કરણમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો.

(17) શૈક્ષણિક સિદ્ધિ અને ચિંતા વચ્ચેનો સહસંબંધાંક મૂલ્ય 0.25 જોવા મળ્યું હતું.

**શૈક્ષણિક અપેક્ષાને લગતાં તારણો :**

(18) અર્ધશહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધારે ચઢિયાતા જોવા મળ્યા હતાં.

(19) ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં અર્ધ શહેરી વિદ્યાર્થીઓ વધુ આગળ જોવા મળ્યા હતાં.

(20) શહેરી વિનિયન શાખાના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(21) શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(22) ગ્રામ્ય વિનિયનના શાખાના છોકરાઓ અને છોકરીઓના પ્રાપ્તાંકો વચ્ચે તફાવત જોવા મળ્યો હતો.

(23) શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારના નિદર્શના વિદ્યાર્થીઓના એફ-મૂલ્યમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

(24) શૈક્ષણિક સિદ્ધિ અને શૈક્ષણિક અપેક્ષા વચ્ચેના સહસંબંધાકનું મૂલ્ય 0.39 જોવા મળ્યું હતું.

## ગુજરાતમાં થયેલાં સંશોધનો

**○ અભ્યાસ :** **10**

**શીર્ષક :** **માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક સ્તરના સંદર્ભમાં અભ્યાસ** [28]

**સંશોધક :** **અંજલી એ. બાઇત**

**વર્ષ :** **2016**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિવર્સિટી :** **ગુજરાત યુનિવર્સિટી**

**○ હેતુઓ**

1. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ મનોભારની કક્ષા નક્કી કરવી.
2. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમની જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમના શૈક્ષણિક સિદ્ધિની કક્ષાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમના સામાજિક આર્થિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

**○ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં મધ્ય ગુજરાતની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ-2013-14માં  માધ્યમિક શાળાઓના ધોરણ-9માં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ○ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં સ્તરીકૃત યાદચ્છિક નિદર્શ પદ્ધતિ અને ઝૂમખાં નિદર્શ અનુસાર કુલ 1815 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યાં હતાં જેમા  કુલ 926 છોકરાઓ જેમાં 468 છોકરાઓ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને 458 છોકરાઓ નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં અને 889 છોકરીઓ જેમાં 436 ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને 452 નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી હતી કુલ 1815 વિદ્યાર્થીઓ પૈકી 624 ઉચ્ચ સામાજિક આર્થિક સ્તર, 580 મધ્યમ સામાજિક આર્થિક સ્તર અને 611 નિમ્ન સામાજિક આર્થિક સ્તરના વિદ્યાર્થીઓ હતાં.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ અને દસ્તાવેજી સર્વેક્ષણપદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓના મનોભારનો સામાજિક-આર્થિક સ્તર અને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હેતુ હતો. તેથી પ્રસ્તુત અભ્યાસમાં નીચેના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

1. **મનોભાર માપન માટે :**

   હિમાંશુ પી. સાવંત (2011) દ્વારા રચિત **માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટેનો મનોભાર માપદંડ**.

2. **સામાજિક આર્થિક સ્તર માપન માટે :**

   આર.એસ. પટેલ દ્વારા રચિત પ્રમાણિત **સામાજિક આર્થિક સ્તર માપદંડ**

3. શૈક્ષણિક સિદ્ધિ માટે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા છેલ્લા વર્ષના ગુણોની ટકાવારી.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

અભ્યાસકે પસંદ કરેલ જુદા-જુદા ચલોના સંદર્ભમાં વર્ગીકરણ કરેલ માહિતીના પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂત અને શૂન્ય ઉત્કલ્પનાને ચકાસવા માટે

ક્રાંતિક ગુણોત્તર અને ચતુર્થક વિચલન અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં સમગ્ર ગણતરીઓ કમ્પ્યુટરમાં માઇક્રોસોફ્ટ એક્સેલ પ્રોગ્રામના માધ્યમની મદદથી કરવામાં આવી હતી.

## ○ તારણો

1. સમગ્ર નિદર્શના વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાનો મનોભાર ધરાવે છે.
2. ધોરણ -9ના વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળે છે. તેથી છોકરીઓ કરતાં છોકરાઓમાં મનોભાર વધુ છે.
3. ધોરણ -9ના વિદ્યાર્થીઓના મનોભાર પર શૈક્ષણિક સિદ્ધિની અસર જોવા મળે છે. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓ કરતાં નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓમાં મનોભાર વધુ છે.
4. ધોરણ -9ના વિદ્યાર્થીઓના મનોભાર પર સામાજિક આર્થિક સ્થિતિની અસર જોવા મળે છે. ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં વિદ્યાર્થીઓ કરતાં મધ્યમ સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં વિદ્યાર્થીઓમાં મનોભાર વધુ છે.
5. ધોરણ-9ના વિદ્યાર્થીઓના મનોભાર પર સામાજિક આર્થિક સ્થિતિની અસર જોવા મળે છે. ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં વિદ્યાર્થીઓ કરતાં નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં વિદ્યાર્થીઓમાં મનોભાર વધુ છે.
6. મધ્યમ સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં વિદ્યાર્થીઓમાં મનોભાર સમાન જોવા મળ્યો હતો.
7. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળે છે. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં છોકરાઓ કરતાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓમાં મનોભાર વધુ છે.

8. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળતી નથી. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં છોકરાઓ અને છોકરીઓમાં સમાન પ્રમાણમાં મનોભાર જોવા મળે છે.

9. ઉચ્ચ સામાજિક આર્થિક સ્તર ધરાવતાં વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળતી નથી. ઉચ્ચ સામાજિક આર્થિક સ્તર ધરાવતાં છોકરાઓ અને છોકરીઓમાં સમાન પ્રમાણમાં મનોભાર જોવા મળે છે.

10. મધ્યમ સામાજિક આર્થિક સ્તર ધરાવતાં વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળે છે. મધ્યમ સામાજિક આર્થિક સ્તર ધરાવતાં છોકરાઓ કરતાં છોકરીઓમાં મનોભાર વધુ જોવા મળે છે.

11. નિમ્ન સામાજિક આર્થિક સ્તર ધરાવતાં વિદ્યાર્થીઓના મનોભાર પર જાતિની અસર જોવા મળે છે. નિમ્ન સામાજિક આર્થિક સ્તર ધરાવતાં છોકરાઓ કરતાં છોકરીઓમાં મનોભાર વધુ જોવા મળે છે. બંને જૂથ વચ્ચે સાર્થક તફાવત છે.

**○ અભ્યાસ : 11**

**શીર્ષક : ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો તેમની બુદ્ધિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ**[29]

**સંશોધક : સુહાગકુમાર એમ. પટેલ**

**વર્ષ : 2015**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**

**○ હેતુઓ**

1. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના અને પ્રમાણીકરણ કરવું.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની કક્ષા નક્કી કરવી.

3. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બુદ્ધિની કક્ષા નક્કી કરવી.
4. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.
5. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ.
6. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ.
7. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો બુદ્ધિઆંકના સંદર્ભમાં અભ્યાસ.
8. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ.

- **વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળઓના વાણિજ્ય વિદ્યાશાખામાં અભ્યાસ કરતા શૈક્ષણિક વર્ષ 2013-14ના ધોરણ-11ના વિદ્યાર્થીઓનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

- **નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં મધ્ય ગુજરાતની ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો જેમાંથી સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિ દ્વારા 2366 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતાં.

- **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

- **સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. સ્વરચિત અને પ્રમાણિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી.
2. દેસાઇ શાબ્દિક અશાબ્દિક બુદ્ધિ કસોટી.
3. સંગીતા વાઘેલા રચિત સિદ્ધિપ્રેરણા કસોટી.

**○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, પ્રમાણ વિચલન,ચતુર્થક વિચલન, ટી-મૂલ્ય અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી.

**○ તારણો**

1. મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં.
2. મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની બુદ્ધિ ધરાવતાં હતાં.
3. મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની સિદ્ધિ પ્રેરણાધરાવતાં હતાં.
4. છોકરાઓ કરતાં છોકરીઓ ઉચ્ચકક્ષાની  શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં આમ,જાતિએ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતું પરીબળ છે.
5. શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઉચ્ચકક્ષાની  શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં આમ,વિસ્તારએ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતું પરીબળ છે.
6. નિમ્ન બુદ્ધિકક્ષા ધરાવતાં વિદ્યાર્થીઓ કરતાં ઉચ્ચ બુદ્ધિકક્ષા ધરાવતાં વિદ્યાર્થીઓ વધુ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં આમ,બુદ્ધિઆંકએ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતું પરીબળ છે.
7. નિમ્ન સિદ્ધિપ્રેરણા ધરાવતાં વિદ્યાર્થીઓ કરતાં ઉચ્ચ સિદ્ધિપ્રેરણા ધરાવતાં વિદ્યાર્થીઓ વધુ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં આમ,બુદ્ધિઆંકએ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતું પરીબળ છે.

**○ અભ્યાસ :** **12**

**શીર્ષક :** **માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો તેમના બુદ્ધિઆંક અને સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ** [30]

**સંશોધક :** **વનરાજસિંહ બિહોલા**

**વર્ષ :** **2015**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિવર્સિટી :** **ગુજરાત યુનિવર્સિટી**

**○ હેતુઓ**

1. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના બુદ્ધિઆંકનો અભ્યાસ કરવો અને તેની કક્ષા નક્કી કરવી.
3. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની કક્ષા નક્કી કરવી.
4. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો તેમનો બુદ્ધિઆંકની કક્ષાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
5. ઉચ્ચ અને નિમ્ન કક્ષાનો બુદ્ધિઆંક ધરવાતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
6. ઉચ્ચ અને નિમ્ન કક્ષાનો બુદ્ધિઆંક ધરવાતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો ધોરણના સંદર્ભમાં અભ્યાસ કરવો.
7. ઉચ્ચ અને નિમ્ન કક્ષાનો બુદ્ધિઆંક ધરવાતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
8. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો તેમનો શૈક્ષણિક સિદ્ધિની કક્ષાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

9. ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

10. ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો ધોરણના સંદર્ભમાં અભ્યાસ કરવો.

11. ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્કશક્તિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**● વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં 2013-14ના શૈક્ષણિક વર્ષ દરમિયાન મધ્ય ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 અને ધોરણ-10માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઆનો વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

**● નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ પસંદગી સ્તરીકૃત યાદચ્છિક નિદર્શ પસંદગીની રીતે કરવામાં આવ્યા હતા. જેમા મધ્ય ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળાઓને બે વિભાગમાં વહેંચવામાં આવતી હતી (1) ગ્રામ્ય વિસ્તાર અને (2) શહેરી વિસ્તારની શાળાઓ અને શાળાના પ્રકાર અનુસાર વિદ્યાર્થીઓને જાતિ અનુસાર વિભાજિત કરવામાં આવ્યા હતાં . પ્રસ્તુત અભ્યાસમાં કુલ 3212 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યાં હતાં.

**● સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**● સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :

1. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વિદ્યાર્થીઓએ પ્રથમ સત્રાંત કસોટીમાં મેળવેલ ગુણ જેમાં 50.00% કે તેથી ઓછી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓનો નિમ્ન શૈક્ષણિક સિદ્ધિમાં જ્યારે 51.00% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
2. ડૉ. કે.જી.દેસાઇ રચિત પ્રમાણિત શાબ્દિક-અશાબ્દિક સમુહ બુદ્ધિ કસોટી
3. ડૉ. હરેશકુમાર બી. વાઢેલ રચિત પ્રમાણિત અવકાશીય તર્કશક્તિ કસોટી

**● માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :**

અભ્યાસમાં સમાવિષ્ટ ચલો જાતિ, વિસ્તાર, અને ધોરણ પ્રમાણે તેમના સારણીઓ તૈયાર કરવામાં આવ્યા હતાં. પ્રાપ્ત કરેલ માહિતીના આધારે અભ્યાસની ઉત્કલ્પનાઓના આધારે અને અર્થઘટન માટે કમ્પ્યુટરના માઇક્રોસોફ્ટ એકસેલ(Microsoft Excel) પ્રોગ્રામની મદદથી ટકાવારી,ઉચ્ચ અને નિમ્ન બુદ્ધિ આંક નક્કી કરવા માટે ચતુર્થક વિચલન, સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરીની પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.

**● તારણો**

1. અવકાશીય તર્કશક્તિ પર બુદ્ધિની અસર જોવા મળી હતી. ઉચ્ચ બુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓ નિમ્ન બુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની સરખામણીમાં અવકાશીય તર્ક શક્તિની બાબતમાં ચડિયાતા જોવા મળ્યા હતાં.
2. ઉચ્ચ બુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની અવકાશીય તર્ક શક્તિ પર જાતિની અસર જોવા મળી નથી. ઉચ્ચ બુદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓ સમાન કક્ષાની અવકાશીય તર્ક શક્તિ ધરાવતા હતાં.

3. નિમ્ન બુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઆની અવકાશીય તર્ક શક્તિ પર જાતિની અસર જોવા મળી નથી. નિમ્ન બુદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓ સમાન કક્ષાની અવકાશીય તર્ક શક્તિ ધરાવતા હતાં.

4. છોકરાઓની અવકાશીય તર્ક શક્તિ પર બુદ્ધિની અસર જોવા મળી હતી.

5. છોકરીઓની અવકાશીય તર્ક શક્તિ પર બુદ્ધિની અસર જોવા મળી હતી.

6. સમગ્ર નિદર્શના વિદ્યાર્થીઓની અવકાશીય તર્ક શક્તિ પર વિસ્તારની અસર જોવા મળી હતી.

**● અભ્યાસ : 13**

**શીર્ષક : ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ**[31]

**સંશોધક : તેજલ ડી. પંડિત**

**વર્ષ : 2008**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી**

**● હેતુઓ**

(1) ધોરણ-8, 9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા માટેની શબ્દભંડોળ કસોટીની રચના કરવી.

(2) ધોરણ-8, 9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા માટેની શબ્દભંડોળ કસોટીની કલમોનું પૃથક્કરણ કરવું.

(3) ધોરણ-8, 9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા માટેની શબ્દભંડોળ કસોટીની વિશ્વસનીયતા નક્કી કરવી.

(4) ધોરણ-8, 9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા માટેની શબ્દભંડોળ કસોટીની યથાર્થતા નક્કી કરવી.

(5) ધોરણ-8, 9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા માટેની શબ્દભંડોળ કસોટીના માનાંકો નક્કી કરવી.

(6) શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકો પર વિસ્તારની અસર ચકાસવી

(7) શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકો પર જાતિની અસર ચકાસવી

**● વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ પૈકી 16 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો આમ, ગુજરાતના 16 જિલ્લાઓની માધ્યમિક શાળાઓના ધોરણ-8, ધોરણ-9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બન્યા હતાં.

**● નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શમાં વ્યાપવિશ્વમાંથી 32 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી જેમા 16 જિલ્લા કક્ષા અને 16 તાલુકા કક્ષાની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે પૈકી 2329 છોકરાઓ અને 2293 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**● સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**● સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત અને પ્રમાણિત અંગ્રેજી ભાષાની શબ્દભંડોળ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં કકૂદતા, વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ ગણતરી કરવામાં આવી હતી જ્યારે માનાંકો નક્કી કરવા માટે ટી-સ્કોર અને પ્રતિશત પ્રાપ્તાંકોની ગણતરી કરવામાં આવી હતી.

- **તારણો**

1. શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં છોકરાઓ અંગ્રેજી ભાષાના શબ્દભંડોળમાં ચડિયાતા જોવા મળ્યા હતાં. ધોરણ-8, ધોરણ-9 અને ધારણ-10ના વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષાના શબ્દભંડોળ પર જાતિની અસર જોવા મળી હતી.
2. અર્ધશહેરી વિસ્તારની છોકરીઓ કરતાં છોકરાઓ અંગ્રેજી ભાષાના શબ્દભંડોળમાં ચડિયાતા જોવા મળ્યા હતાં. ધોરણ-8, ધોરણ-9 અને ધારણ-10ના વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષાના શબ્દભંડોળ પર જાતિની અસર જોવા મળી હતી.
3. શહેરી વિસ્તારના ધોરણ-8ના વિદ્યાર્થીઓ કરતાં ધોરણ-9ના વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વધુ જોવા મળ્યું હતું. બંને વચ્ચેની ટી –મૂલ્ય 2.58 કરતાં વધુ જોવા મળ્યું હતું આ ઉપરથી એમ કહી શકાય કે તફાવત 0.01 કક્ષાએ જોવા મ્ળ્યો હતો.
4. શહેરી વિસ્તારના ધોરણ-8ના વિદ્યાર્થીઓ કરતાં ધોરણ-10ના વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વધુ જોવા મળ્યું હતું. બંને વચ્ચેની ટી –મૂલ્ય 2.58 કરતાં વધુ જોવા મળ્યું હતું આ ઉપરથી એમ કહી શકાય કે તફાવત 0.01 કક્ષાએ જોવા મ્ળ્યો હતો.

**અભ્યાસ : 14**

**શીર્ષક : ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ**[32]

**સંશોધક : દેવયાની ડી. પટેલ**

**વર્ષ : 2008**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી**

## ○ હેતુઓ

(1) માધ્યમિક શાળાના ધોરણ-8 થી 10ના બાળકો માટે સંસ્કૃત શબ્દભંડોળ કસોટીની રચના કરવી.

(2) સંસ્કૃત શબ્દભંડોળ કસોટીનું પ્રમાણીકરણ કરવું.

(3) વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની સિદ્ધિ કક્ષા નક્કી કરવી.

(4) વિદ્યાર્થીઓની સંસ્કૃત શબ્દભંડોળની કક્ષાએ જુદા જુદા ચલોના સંદર્ભમાં મૂલવવી.

## ○ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસિકાએ શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ માટે ગુજરાત રાજ્યમાં આવેલ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો એટલે કે ગુજરાત રાજ્યમાં આવેલ પ્રત્યેક જિલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બન્યા હતાં.

## ○ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાંથી માધ્યમિક શાળાઓ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી. પસંદ થયેલ શાળાઓમાંથી ધોરણ-8, ધોરણ-9 અને ધોરણ-10મા એક એક વર્ગની પસંદગી ઝૂમખા પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી  આમ, સમગ્ર ગુજરાત રાજ્યમાંથી 4000 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં  સ્વરચિત અને પ્રમાણિત શબ્દભંડોળ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં કાઈવર્ગ, આસંગ સહસંબંધ, કકૂદતા, વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ ગણતરી કરવામાં આવી હતી જ્યારે માનાંકો નક્કી કરવા માટે ટી-સ્કોર અને પ્રતિશત પ્રાપ્તાંકોની ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

1. ધોરણ-8ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની શાબ્દિક ભંડોળમાં ફેરફાર જોવા મળતો નથી એટલે કે ધોરણ-8ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ શાબ્દિક શબ્દભંડોળમાં સમાનતા ધરાવે છે.
2. ધોરણ-9ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની શાબ્દિક શબ્દભંડોળમાં ફેરફાર જોવા મળે છે ધોરણ-09ના શહેરી વિસ્તારના છોકરાઓ કરતાં છોકરીઓ શબ્દભંડોળ બાબતે ચડિયાતી છે.
3. ધોરણ-10ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની શાબ્દિક શબ્દભંડોળમાં ફેરફાર જોવા મળે છે અહી ધોરણ-10ના છોકરાઓ છોકરીઓ કરતાં શાબ્દિક શબ્દભંડોળમાં ચડિયાતા માલૂમ પડયા હતાં. એટલે જાતિભેદ જોવા મળ્યો હતો.
4. શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની શાબ્દિક શબ્દભંડોળમાં ફેરફાર જોવા મળતો નથી એટલે કે શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ શાબ્દિક શબ્દભંડોળ સમાનતા ધરાવે છે.
5. ધોરણ-8ના અર્ધશહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની શાબ્દિક શબ્દભંડોળમાં ફેરફાર જોવા મળે છે આમ, જાતિગત ભેદ જોવા મળે છે.

**અભ્યાસ - 15**

**શીર્ષક : ગુજરાતી ભાષામાં શબ્દભંડોળના વિકાસ માટેની વિવિધ અધ્યાપન યોજનાઓની અસરકારકતા** [33]

**અભ્યાસકનું નામ : કુંડલ ડી.બી.**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**વર્ષ : 2005**

**● હેતુઓ**

1. સંદર્ભ વર્ગ નિશ્ચિયન અને દાર્શનિક રજૂઆત આધારિત યોજના વડે શબ્દભંડોળ વિકાસ માટેના કાર્યક્રમની રચના કરવી.
2. વિદ્યાર્થીઓના શબ્દભંડોળ માપન માટે ઉપકરણની રચના કરવી.
3. વિવિધ અભિગમોથી શબ્દભંડોળ વિકસાવવા માટેનું વિષયવસ્તુ તૈયાર કરવું.
4. કુમારો અને કન્યાઓના ગુજરાતી અને સમાજવિદ્યા શબ્દભંડોળના સંદર્ભમાં શબ્દભંડોળ વિકાસની વિવિધ અધ્યાપન યોજનાઓની અસરકારકતા તપાસવી.

**● વ્યાપ વિશ્વ અને નમૂનો**

રાજકોટ શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ધોરણ- 6 માં વર્ષ 2003-2004 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વ તરીકે સ્વીકાર કરેલો હતો. કુલ 4 શાળાઓના 116 કુમારો અને 100 કન્યાઓ એમ કુલ 216 પાત્રોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**● સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત શબ્દભંડોળ કસોટીની રચના કરવામાં આવી હતી.

**● સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**◯ પૃથક્કરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં વિચરણ પૃથક્કરણ વડે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**◯તારણો**

1. સંદર્ભ આધારિત અધ્યાપન યોજના, વર્ગનિશિયન આધારિત અધ્યાપન યોજના તથા દાર્શનિક રજૂઆત આધારિત અધ્યાપન યોજના દ્વારા કુમારો અને કન્યાઓના ગુજરાતી વિષયના શબ્દો આધારિત શબ્દભંડોળમાં વૃદ્ધિ થઈ હતી.
2. કુમારોના ગુજરાતી વિષયના શબ્દો આધારિત શબ્દભંડોળની વૃદ્ધિ અંગે સંદર્ભ આધારિત અધ્યાપન યોજના સૌથી વધારે અસરકારક રહી હતી.
3. સમાજવિદ્યા વિષયના શબ્દો આધારિત શબ્દભંડોળના વિકાસની બાબતમાં કુમારો અને કન્યાઓ પર સંદર્ભ આધારિત અધ્યાપનયોજના તથા વર્ગનિશ્ચયન આધારિત અધ્યાપન - યોજના દ્વારા અપાયેલ કાર્યક્રમો સમાન રીતે અસરકારક રહ્યા હતા.
4. ગુજરાતી તથા સમાજવિદ્યા વિષયના શબ્દ આધારિત શબ્દભંડોળના વિકાસની બાબતમાં કુમારો અને કન્યાઓ પર સંદર્ભ આધારિત અધ્યાપનયોજના, વર્ગનિશ્ચયન આધારિત અધ્યાપનયોજના તથા દાર્શનિક રજુઆત આધારિત અધ્યાપન યોજનાની અર્થપૂર્ણ અસર થઈ હતી.
5. કુમારો અને કન્યાઓના ગુજરાતી તથા સમાજવિદ્યા વિષયના સામાન્ય શબ્દો આધારિત શબ્દભંડોળ વિકાસની બાબતમાં ત્રણે આધારિત યોજનાઓની અસરકારકતા સમાન હતી.

6. સંદર્ભ આધારિત અધ્યાપનયોજના, વર્ગનિશ્ચયન આધારિત અધ્યાપન યોજના તથા દાર્શનિક રજૂઆત આધારિત અધ્યાપન યોજના વડે કુમારોના સમગ્ર શબ્દભંડોળની વૃદ્ધિ થઈ હતી.

7. સમગ્ર શબ્દભંડોળની વૃદ્ધિ અંગે કુમારો પર દાર્શનિક રજૂઆત આધારિત અધ્યાપન યોજના રહી હતી.

8. ગુજરાતી વિષયના શબ્દો આધારિત શબ્દભંડોળના વિકાસની બાબતમાં કન્યાઓ પર ત્રણે અધ્યાપન યોજનાઓ સમાન રીતે અસરકારક રહી હતી.

9. સમગ્ર શબ્દભંડોળના વિકાસની બાબતમાં કન્યાઓ પર સંદર્ભ આધારિત અધ્યાપનયોજના, વર્ગનિશ્ચયન આધારિત અધ્યાપન યોજના તથા દાર્શનિક, રજૂઆત સમાન રહી હતી.

**○ અભ્યાસ : 16**

**શીર્ષક : ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટેની ગુજરાતી વિષયની શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ**[34]

**સંશોધક : પ્રા. આશાબેન પંડિત**

**વર્ષ : 2002**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી**

**○ હેતુઓ**

(1) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે કસોટીની રચના કરવી

(2) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીની કલમોનું વિશ્વલેષણ કરવું.

(3) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીની કલમોનું વિશ્વસનીયતા નક્કી કરવી.

(4) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીની કલમોનું યથાર્થતા નક્કી કરવી.

(5) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીના પ્રાપ્તાંકોના જાતિભેદ તપાસવા.

(6) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીના પ્રાપ્તાંકોના વિસ્તારભેદ તપાસવા.

(7) ધોરણ-9ના ગુજરાતી માતૃભાષાના વિદ્યાર્થીઓ માટે શબ્દભંડાળ કસોટીના પ્રાપ્તાંકોના સામાજિક-આર્થિક સ્તરનું વિભેદન તપાસવું.

### ● વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં શબ્દભંડોળ કસોટીનાં પ્રમાણિકરણ માટે અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો એટલે આ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના ધોરણ-9માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બન્યા હતાં.

### ● નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શમાં વ્યાપવિશ્વમાંથી ધોરણ-9ના કુલ 800 વિદ્યાર્થીની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક નિદર્શ પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી.

### ● સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં ધોરણાત્મલ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

### ● સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત અને પ્રમાણિત ગુજરાતી ભાષાની શબ્દભંડોળ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો યથાર્થતા નક્કી કરવા માટે કે.જી.દેસાઇ સમૂહ બુદ્ધિ ક્સોટી અને જે.એચ. શાહ લઘુબુદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ ગણતરી કરવામાં આવી હતી જ્યારે માનાંકો નક્કી કરવા માટે ટી-સ્કોર અને પ્રતિશત પ્રાપ્તાંકોની ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

1. ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની શબ્દભંડોળ કસોટીની રચના કરવામાં આવી. આ રચનામાં કસોટીનું કલમ પૃથક્કરણ કરી કલમોની પસંદગી કરવામાં આવી. કસોટીમાં માનાંકો વિસ્તાર પ્રમાણે અને જાતિ પ્રમાણે પ્રમાણભૂત પ્રાપ્તાંક સ્વરૂપે અને પ્રતિશત ક્રમાંક સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યાં હતાં.
2. કસોટીની વિશ્વસનીયતા અને યથાર્થતા વિવિધ પદ્ધતિ દ્વારા નકકી કરવામાં આવી હતી.
3. શબ્દભંડોળ કસોટીમાં શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓમાં છોકરાઓના પ્રાપ્તાંકોમાં કોઇ સાર્થક તફાવત જોવા મળ્યો નથી.
4. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે શબ્દભંડોળ કસોટીમાં કોઇ સાર્થક તફાવત નથી.
5. શહેરી વિસ્તારની છોકરીઓ અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓનાં પ્રાપ્તાંકમાં કોઇ સાર્થક તફાવત નથી.
6. શહેરી વિસ્તારની છોકરાઓ અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓનાં પ્રાપ્તાંકમાં કોઇ સાર્થક તફાવત નથી.
7. ગ્રામ્ય વિસ્તારનાં છોકરાઓ અને ગ્રામ્ય છોકરીઓ અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓના પ્રાપ્તાંકમાં કોઇ સાર્થક તફાવત નથી. આમ, ધોરણ-9ની શબ્દભંડોળ કસોટીમાં જાતિગત તફાવત તેમજ વિસ્તારગત તફાવત જોવા મળતા નથી.
8. શબ્દભંડોળ કસોટીની વિશ્વસનીયતા અને સુસિદ્ધતા સારી જોવા મળી હતી.

**○ અભ્યાસ - 17**

**શીર્ષક : અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ કસોટીની રચના તથા અજમાયશ**[35]

**અભ્યાસકનું નામ : કોમલ એમ. વ્યાસ**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**

**પદવી : પીએચ.ડી.**

**વર્ષ : 1995**

**○ હેતુઓ**

1. પ્રાથમિક શાળાના ધોરણ-5 અને ધોરણ-6 ના અંગ્રેજી પાઠ્યપુસ્તકના શબ્દભંડોળના આધારે ધોરણ-7 ના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ તપાસવા માટે તૈયાર કરવાની શબ્દકસોટી માટે શબ્દોની યાદી તૈયાર કરવી.
2. તૈયાર કરેલ શબ્દભંડોળને આધારે કસોટીપત્ર તૈયાર કરવું.
3. તૈયાર કરેલ કસોટીપત્રને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની અંગ્રેજી શબ્દભંડોળ પ્રાપ્તિનું પ્રમાણ જાણવું.
4. તૈયાર કરેલ કસોટીપત્રને મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી શબ્દભંડોળ પ્રાપ્તિનું પ્રમાણ જાણવું.
5. ખાનગી શાળાના શિક્ષિકાઓની અંગ્રેજી શબ્દભંડોળ પ્રાપ્તિ પર તેમની જાતિની અસર તપાસવી.
6. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિદ્યાર્થીઓની અંગ્રેજી શબ્દભંડોળ પ્રાપ્તિ પર તેમની જાતિની અસપ તપાસવી.

**○ નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં સમય મર્યાદાને ધ્યાનમાં રાખી, વ્યાપવિશ્વ અમદાવાદ શહેર પુરતું સીમિત રાખવામાં આવ્યું છે. વ્યાપવિશ્વ તરીકે અમદાવાદ શહેરની ગુજરાતી માધ્યમવાળી

શાળાઓ લેવામાં આવી જેમાંથી ધોરણ-7 ના વિદ્યાર્થીઓને પ્રસ્તુત અજમાયશના પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**○ સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સિદ્ધિના માપન માટે અભ્યાસિકાએ સ્વરચિત શબ્દભંડોળ કસોટીની રચના કરી તેનો ઉપયોગ કરેલો છે.

**○ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**○ તારણો**

1. ખાનગી શાળાના ધોરણ-7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની શબ્દભંડોળ પ્રાપ્તિમાં તફાવત જોવા મળતો નથી.
2. કોર્પોરેશનની શાળાના ધોરણ-7 માંઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની શબ્દભંડોળ પ્રાપ્તિમાં તફાવત જોવા મળતો થી.
3. ખાનગી શાળાના અને કોર્પોરેશનની શાળાના ધોરણ-7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શબ્દભંડોળ પ્રાપ્તિમાં તફાવત જોવા મળે છે.
4. ખાનગી શાળાની અને કોર્પોરેશનની શાળાની ધોરણ-7માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની શબ્દભંડોળ પ્રાપ્તિમાં તફાવત જોવા મળે છે.

**○ અભ્યાસ : 18**

**શીર્ષક : ગુજરાત રાજ્યના નર્સિંગ શિક્ષકોના શૈક્ષણિક પ્રદર્શન અને કાર્યસિદ્ધિના સંબંધનો અભ્યાસ[36]**

**સંશોધક : લીલાબેન કે પટેલ**

**વર્ષ : 1993**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી**

## ○ હેતુઓ

(1) શૈક્ષણિક પ્રદર્શન અને વ્યાવસાય શૈક્ષણિક પ્રદર્શન વચ્ચેના સ'બંધનો અભ્યાસ કરવો.

(2) શૈક્ષણિક પ્રદર્શન અને કાર્યસિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

(3) વ્યાવસાય શૈક્ષણિક પ્રદર્શન અને કાર્યસિદ્ધિ વચ્ચેના સ'બંધનો અભ્યાસ કરવો.

## ○ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ વિસ્તારના નર્સિંગ શિક્ષકોનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

## ○ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં 101 નર્સિંગ શિક્ષકોની પસંદગી અમદાવાદના નર્સિંગ શિક્ષકોની પસંદગી જે પૈકી 14 આચાર્યનો સમાવેશ કરવામાં આવી હતી.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં ધોરણાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ○ સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં પંચબિંદુ આધારીત માપદંડની તૈયાર કરવામાં આવ્યો હતો, નર્સિંગ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પંચબિંદુ ક્રમ માપદંડ અને નર્સિંગ કોલેજોમાંથી વિવિધ પરીક્ષાને લગતા ગુણ મેળવવામાં આવ્યા હતાં અને દરેક ઉપકરણની યથાર્થતા અને વિશ્વસનીયતા નકકી કરવામાં આવી હતી.

## ○ માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સહસંબંધ, સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય ગણતરી કરવામાં આવી હતી.

## ○ તારણો

1. શૈક્ષણિક પ્રદર્શન અને મૂળભૂત વ્યવસાયિક પ્રદર્શન વચ્ચે હકારાત્મક સહસંબંધ જોવા મળ્યો હતો પરંતુ કોઈપણ જૂથ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.
2. બી.એસસી.ના નર્સિંગ શિક્ષકોના શૈક્ષણિક પ્રદર્શન અને મૂળભૂત વ્યવસાયિક પ્રદર્શન વચ્ચે 0.05 કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
3. શૈક્ષણિક પ્રદર્શન અને વ્યવસાયિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
4. વ્યવસાસિક પ્રદર્શન અને વ્યવસાયિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.
5. શિક્ષણના સંદર્ભમાં દ્રશ્ય શ્રાવ્ય સાધનો બાબતે કચાશ જોવા મળી હતી.

**○ અભ્યાસ : 19**

**શીર્ષક : માધ્યમિક શાળાઓના એસ.સી. અને બિન પછાત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક મોભા વચ્ચેના સંબંધનો મનોવૈજ્ઞાનિક પરિવર્ત્યોના સંદર્ભમાં અભ્યાસ**[37]

**સંશોધક : પ્રાણજીવન સી. શાહ**

**વર્ષ : 1993**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ગુજરાત યુનિવર્સિટી**

## ○ હેતુઓ

(1) ધોરણ8,9 અને 10ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

(2) ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ પર મનોવૈજ્ઞાનિક પરિર્વત્યોની અસર જાણવી.

(3) શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક-આર્થિક મોભાના સંબંધનો અભ્યાસ કરવો.

(4) છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિ પર નિમ્ન લિખિત મનોવૈજ્ઞાનિક પરિર્વત્યોની અસર તપાસવી

(૧) બુદ્ધિ (2) સિદ્ધિપ્રેરણા (3)સ્વખ્યાલો

(5) પછાત વર્ગ અને બિન પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને પસંદ કરેલા મનોવૈજ્ઞાનિક પરિર્વત્યોનો અભ્યાસ કરવો.

(6) વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર મનોવૈજ્ઞાનિક પરિર્વત્યો (બુદ્ધિ, સિદ્ધિપ્રેરણા, સ્વખ્યાલો)ની કોઇ અર્થસૂચક અસર નથી.

(7) સામાજિક-આર્થિક મોભા પર મનો વૈજ્ઞાનિક પરિર્વત્યોના સ્તરોની અસર સમાન હશે.

(8) પછાત વર્ગ અને બિન પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને મનોવૈજ્ઞાનિક પરિર્વત્યો વચ્ચે અર્થસૂચક ભેદ નહી હોય.

(9) શૈક્ષણિક સિદ્ધિ પર ધોરણ અને મનોવૈજ્ઞાનિક પરિર્વત્યો વચ્ચે આંતરક્રિયા નથી.

(10) શૈક્ષણિક સિદ્ધિ પર સ્વતંત્ર ચલોની કોઇ અર્થસૂચક આંતરક્રિયાત્મક અસર નથી.

(11) સામાજિક-આર્થિક મોભા પર સ્વતંત્ર ચલોની કોઇ અર્થસૂચક આંતરક્રિયાત્મક અસર નથી.

## ● વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ● નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શમાં વ્યાપવિશ્વમાંથી પછાત અને બિન પછાત વર્ગના 1010 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ● સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં ધોરણાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

## ● સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વાર્ષિક પરીક્ષાના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યાં હતા, સામાજિક આર્થિક સ્થિતિ જાણવા માટે પટેલ અને વોરા રચિત સામાજિક-આર્થિક માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, બુદ્ધિ જાણવા માટે દેસાઇ ભટ શાબ્દિક અશાબ્દિક સમૂહ કસોટી, સિદ્ધિ પ્રેરણા જાણવા માટે મહેતા રચિત સિદ્ધિપ્રેરણા કસોટી, સ્વખ્યાલોના માપન માટે જે.એચ.શાહ રચિત સ્વસંકલ્પના કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ● માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સહસંબંધ, સરાસરી, પ્રમાણ વિચલન, ટી-મૂલ્ય અને એફ મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી.

## ● તારણો

1. ધોરણ-8 અને ધોરણ-9ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક ભેદ જોવા મળે છે. જ્યારે ધોરણ-9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે કોઇ સાર્થક ભેદ જોવા મળ્યો નથી.
2. ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિવાળા વિદ્યાર્થીઓના બુદ્ધિઆંકમાં વચ્ચે અર્થસૂચક ભેદ જાણવા મળે છે.
3. ઉચ્ચ અને મધ્યમ શૈક્ષણિક સિદ્ધિનાં વિદ્યાર્થીઓના સ્વખ્યાલોના સરાસરી પ્રાપ્તાંકો સાર્થક ભેદ ધરાવે છે. જ્યારે મધ્યમ અને નિમ્ન વચ્ચેના જૂથોની શૈક્ષણિક સિદ્ધિવાળા વિદ્યાર્થીઓની સ્વસંકલ્પના વચ્ચે અર્થસૂચક ભેદ જોવા મળતો નથી. તેમજ ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિવાળા વિદ્યાર્થીઓમાં સ્વખ્યાલોના સરાસરી પ્રાપ્તાકો વચ્ચે સાર્થક ભેદ છે.
4. ઉચ્ચ અને મધ્યમ સિદ્ધિના વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણા આંક વચ્ચે સાર્થક ભેદ નથી પણ મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિના વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણા આંક વચ્ચે સાર્થક ભેદ

જાણવા મળે છે જ્યારે ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિના વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણા આંક વચ્ચે સાર્થક ભેદ નથી.

5. સિદ્ધિપ્રેરણાના અગિયાર ઘટકો પૈકી ઇચ્છાનું સરાસ્રી મૂલ્ય અન્ય ઘટકો કરતાં ઊંચું છે.
6. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિયતાની સાર્થક અસર જોવા મળે છે. આજ પરતંત્ર ચલ પર બુદ્ધિઆંકની સાર્થક અસર જોવા મળે છે, તેમજ જાતિયતા અને બુદ્ધિઆંકની આંતરક્રિયાત્મક અસર શૈક્ષણિક સિદ્ધિ સાર્થક અસર ધરાવે છે.
7. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિપ્રેરણા સાર્થક અસર ધરાવે છે. તેમજ શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિપ્રેરણા અને જાતિયતાની આતરક્રિયાત્મક અસર અર્થસૂચક છે.
8. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સ્વખ્યાલો અર્થસૂચક અસર ધરાવે છે. તેમજ જાતિયતા અને સ્વખ્યાલોની આંતરક્રિયાત્મક અસર શૈક્ષણિક સિદ્ધિ સાર્થક અસર ધરાવે છે.
9. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સામાજિક આર્થિક અસર સાર્થક નથી. પણ શૈક્ષણિક સિદ્ધિ પર જાતિની સાર્થક અસર છે, જાતિ અને સામાજિક આર્થિક સ્તરની આંતરક્રિયાત્મક અસર શૈક્ષણિક સિદ્ધિ પર સાર્થક અસર ધરાવે છે.
10. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિની સાર્થક અસર જોવા મળતી નથી. તેમજ શૈક્ષણિક સિદ્ધિ પર જાતિ અને સિદ્ધિપ્રેરણાની આંતરક્રિયાત્મક અસર છે જે અર્થસૂચકતા ધરાવે છે અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિપ્રેરણાની સાર્થક અસર જોવા મળે છે.
11. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર બુદ્ધિઆંકની સાર્થક અસર છે, તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિ અને બુદ્ધિઆંકની આંતરક્રિયાત્મક અસર અર્થસૂચક નથી.
12. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સ્વખ્યાલની સાર્થક અસર છે.

13. વિદ્યાર્થીઓના સામાજિક આર્થિક મોભા પર બુદ્ધિઆંકની સાર્થક અસર જોવા મળી હતી.

14. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર ધોરણ અને સ્વખ્યાલોની આંતરક્રિયાત્મક અસર અર્થસૂચક નથી.

15. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિપ્રેરણા અને સ્વખ્યાલોની આંતરક્રિયાત્મક અસર અર્થસૂચક નથી.

16. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર ધોરણ અને સ્વખ્યાલોની આંતરક્રિયાત્મક અસર અર્થસૂચક નથી.

**● અભ્યાસ 20**

**શીર્ષક : ભાવનગર શહેરના ધોરણ-૬ ના બાળકોના ભાલ શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકો પર અસર કરતા બિનબૌદ્ધિક પરિબળોની અસર તપાસવી [38]**

**અભ્યાસકનું નામ : શારદાબેન એમ. ચૌહાણ**

**પદવી : પીએચ.ડી.**

**યુનિવર્સિટી : ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.**

**વર્ષ :** □□□□

**● હેતુઓ**

1. બાળકના શબ્દભંડોળ પર શાળાકીય પરિબળોની અસર જાણવી.
2. બાળકના શબ્દભંડોળ પર કૌટુંબિક પરિબળોની અસર તપાસવી.
3. બાળકના શબ્દભંડોળ પર વૈયક્તિક પરિબળોની અસર જાણવી.
4. બાળકના શબ્દભંડોળ પર ધંધાકીય પરિબળોની અસર જાણવી.
5. બાળકના શબ્દભંડોળ પર વાતાવરણની અસર જાણવી.
6. બાળકના શબ્દભંડોળ પર માતૃભાષા સિવાયની અન્ય ભાષાની અસર જાણવી.

## ○ વ્યાપ વિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં ભાવનગર શહેરની પ્રાથમિક શાળાનાં ધોરણ-6 માં અભ્યાસ કરતાં બધા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વ્યાપવિશ્વમાં કુલ સંખ્યા 4110 જેટલી જોવા મળી.

નમૂનામાં ભાવનગર શહેરની પ્રાથમિક શાળાઓને મ્યુનિસિપાલીટી અને ખાનગી મંડળ સંચાલિત એમ બે વિભાગમાં વહેંચી દરેક વિભાગની શાળાઓને જે તે વિસ્તારના પ્રકાર પ્રમાણે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વિભાગોમાં વહેંચી નાંખવામાં આવી. ત્યારબાદ કુમાર, કન્યા અને મિશ્ર શાળાઓમાંથી 12 શાળાઓની પસંદગી કરવામાં આવી. વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરે તે માટે 10 % પાત્રો નમૂનામાં લેવામાં આવ્યાં. કુલ 412 પાત્રો સ્તરીકૃત ઝૂમખાં પદ્ધતિએ પસંદ કરવામાં આવ્યાં.

## ○સંશોધન ઉપકરણ

સંશોધનના સાધન તરીકે ભાલ શબ્દભંડોળ કસોટી શ્રેણી 6 નાં બાળકો માટેનો ઉપયોગ કરેલો છે. જે. ડી. ભાલે તેમના Ph.D. ના ભાગરૂપે શ્રેણી 6નાં બાળકો માટે એક શબ્દભંડોળ કસોટીની રચના કરી હતી. જેમાં 100 કલમો હતી. સૌરાષ્ટ્ર વિસ્તારનાં 2020 પાત્રો પર તેની અજમાયશ કરવામાં આવી હતી. આ ઉપરાંત સંશોધકે બિનબૌદ્ધિક પરિબળો જાણવા માટે એક સ્વતંત્ર માહિતીપત્રકની રચના કરી હતી. જે દ્વારા વિદ્યાર્થીઓનાં વાલી પાસેથી જરૂરી માહિતી મેળવી શકાય.

## ○ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ○ વિશ્લેષણની રીત

મેળવેલ માહિતીનું પૃથક્કરણ કરવા માટે સરાસરી, પ્રમાણવિચલન, કટોકટી ગુણોત્તર, તફાવતની સાર્થકતા, કાઈ વર્ગ તથા આલેખીય રજૂઆત માટે સંગ્રહિત આવૃત્તિની

ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્તાંકોનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે પ્રાપ્તાંકોનાં અલગ અલગ ચલો પ્રમાણે આવૃત્તિ વિતરણો તૈયાર કરવામાં આવ્યા. ત્યારબાદ સરાસરી, પ્રમાણવિચલન અને કટોકટી ગુણોત્તર વગેરેની ગણતરીઓ કરવામાં આવી.

**o તારણો**

1. બાળકોના શબ્દભંડોળ પર ખાનગી શાળાઓ અને શરકારી શાળાઓની કોઈ અસર જોવા મળી ન હતી.
2. બાળકોના શબ્દભંડોળ પર જાતિગત અસર માલૂમ પડી નહીં.
3. ભાઈ-બહેનોની સંખ્યા બાળકોના શબ્દભંડોળ પર અસર કરતી જણાઈ હતી.
4. બાળકના જન્મનો ક્રમ તેના શબ્દભંડોળ પર અસર કરતો નથી.
5. બળકોની તંદુરસ્તીનું પરિબળ પણ તેના શબ્દભંડોળ પર અસર કરતું નથી.
6. બાળકને બોલવાની તકલીફ એક પરિબળ તરીકે બાળકનાં શબ્દભંડોળ પર અસર કરતી નથી.
7. વાલીઓનો અભ્યાસ જેમ વધુ તેમ તેમનાં બાળકોનું શબ્દભંડોળ વધુ જોવા મળ્યું.
8. વાલીના ધંધાનો પ્રકાર બાળકના શબ્દભંડોળ પર અસર કરતું પરિબળ નથી.
9. જેમ વાલીની માસિક આવક વધુ તેમ તેનાં બાળકના શબ્ધભંડોળ વધુ જોવા મળ્યું.
10. બાળકના જન્મ વખતની વાલીની ઉંમર એક પરિબળ તરીકે અસર કરતું નથી.
11. માતૃભાષા સિવાયની ઘરમાં બોલાતી ભાષા એક પરિબળ તરીકે અસરકારક નથી.
12. બાળકનો આજુબાજુનો વિસ્તાર એક પરિબળ તરીકે અસરકારક નથી.

## 2.□.0 પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

અભ્યાસકે પોતાના સંશોધન કાર્યને લગતાં પૂર્વે થયેલા સંશોધનોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસકે કુલ 20 સંશોધનોનો અભ્યાસ કર્યો હતો જે પૈકી 03 સંશોધનો વિદેશ અને 17 સંશોધનો ભારત દેશમાં થયેલ સંશોધનો હતાં. પૂર્વે થયેલાં સંશોધનોની તુલનાત્મક રજૂઆત સારણી-2.1માં રજૂ કરેલ છે.

## સારણી-2.1
## પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જર્નલ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| **વિદેશમાં થયેલાં સંશોધનો** | | | | | | | |
| 1 | લા શાન કેટરીસ બેકન | શહેરથી ગામડાની શાળાઓમાં જતાં અમેરીકન વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને શૈક્ષણિક સ્વખ્યાલનો અભ્યાસ | Ph.D. 2011 | યુનિવર્સિટી ઓફ લોવા | સર્વેક્ષણ | લિકર્ટ આધારીત પ્રતિચાર માપદંડ અને અભિયોગ્યતા કસોટી | સરાસરી, પ્રમાણ વિચલન,ટી-મૂલ્ય અને ટકાવારી |
| 2 | અબ્દુલકાદર અલ-હુસેન | યુનાઈટેડ અરબ અમિરાતના ધોરણ-12મા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના સામાન્ય અને શૈક્ષણિક સ્વસંકલ્પનાનો શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક-આર્થિક દરજ્જો, બુદ્ધિ અને જાતિના સંદર્ભમાં અભ્યાસ | Ph.D. 2009 | યુનિવર્સિટી ઓફ હોલ, ઈગ્લેન્ડ | સર્વેક્ષણ | હર્બટ માર્શ દ્વારા રચિત સ્વ હતાશા પ્રશ્નાવલિ, શૈક્ષણિક ક્ષમતા માપદંડ, કુપર સ્મિથ સ્વસંકલ્પના સંશોધનિકા, સમાજિક આર્થિક સ્થિતિ ઈન્ડેક્ષ<br>સ્વરચિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી | સરાસરી, પ્રમાણ વિચલન, શૂન્ય-પરસ્પર સહસંબંધ, ટી-મૂલ્ય અને એફ-મૂલ્ય |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જન્લર્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 3 | પ્રપાસ પાજીયાંગ | કોલેજની પ્રવૃતિઓમાં ભાગ લેતાં અને ભાગ ન લેતાં વિદ્યાર્થીઓમાં સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસનો અભ્યાસ | Ph.D. 2009 | કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, મલેશિયા | સર્વેક્ષણ | સિદ્ધિપ્રેરણા માટે ડીઓ મોહન પ્રોજેક્ટીવ કસોટી, અનુકૂલન કસોટી, આત્મવિશ્વાસ સંશોધનિકા મુલાકાત | સરાસરી, પ્રમાણ વિચલન,ટી-મૂલ્ય અને ટકાવારી |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| **ભારતમાં થયેલ સંશોધનો** | | | | | | | |
| 4 | જિતેન્દ્ર ધુલ | હરિયાણાની સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના વિદ્યાર્થીઓની બુદ્ધિ, શૈક્ષણિક ચિંતા અને રસનો વિજ્ઞાન વિષયની સિદ્ધિનાં સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ | Ph.D. 2012 | મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી, રોહતક | સર્વેક્ષણ પદ્ધતિ | ડૉ. એ.કે.પી સિંહા અને ડૉ. આઇ. એન. કે. સિંહા રચિત શૈક્ષણિક ચિંતા માપદંડ<br>ડૉ. એસ. એમ. મોહસિન દ્વારા રચિત સામાન્ય બુદ્ધિ કસોટી.<br>સ્વરચિત વિજ્ઞાન વિષયની સિદ્ધિ કસોટી.<br>સ્વરચિત વાંચનરૂચિ સંશોધનિકા | આવૃતિ વિતરણ, મધ્યક, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર સહસંબંધ |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 5 | રાકેશકુમાર શર્મા | શૈક્ષણિક સિદ્ધિ, બુદ્ધિ અને આર્ટસની પર્સનાલિટીના સંદર્ભમાં બ્લડ ગ્રૂપોનો તુલનાત્મક અભ્યાસ | Ph.D. 2012 | ચરણસિંહ યુનિવર્સિટી, મેરઠ | સર્વેક્ષણ પદ્ધતિ | વિદ્યાર્થીઓનું બ્લડ ગ્રૂપની માહિતી મેળવવા માટે સામાન્ય માહિતી માળખા, હતો, ડૉ. જી. સી. આહુજા દ્વારા રચિત અને પ્રમાણિત સામુહિક બુદ્ધિ કસોટી | આવૃતિ વિતરણ, સહવિચરણ પૃથક્કરણ, અને ક્રાંતિક ગુણોત્તર |
| 6 | શિવપ્રસાદ કે. | ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં બાયોલોજીમાં શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિ પ્રેરણાના પસંદગીના એકબીજા સાથે સંકળાયેલા ઘટકોની અસર | Ph.D. 2012 | મહાત્મા ગાંધી યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | પરીક્ષા ચિંતા માપન માપદંડ, અભ્યાસટેવ સંશોધનિકા, સ્વસંકલ્પના માપદંડ, સ્વ અધ્યયન વાતાવરણ સંશોધનિકા બાયોલોજી વિષયમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ સિદ્ધિ/ગુણ | સહવિચરણ પૃથક્કરણ, મધ્યસ્થ, બહુલક, કકૂદતા, સરાસરીની પ્રમાણભૂલ, સરાસરી,પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 7 | હીરા સિંઘ | શાળાઓના બાળકોની પરિક્ષા ચિંતાનો બુદ્ધિ, વ્યક્તિત્વ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ | Ph.D. 2012 | પંજાબ વિશ્વવિદ્યાલય | સર્વેક્ષણ પદ્ધતિ | કેટલનો સાંસ્કૃતિક મુક્ત બુદ્ધિ માપદંડ (કેટલ 1973) એસ.એસ. શ્રીવાસ્તવ દ્વારા રચિત વ્યક્તિત્વ કસોટી ઉમા ચૌધરી રચિત સિદ્ધિ પ્રેરણા માપન ઉપકરણ સ્વરચિત પરીક્ષાચિંતા માપદંડ | આવૃતિ વિતરણ, મધ્યક, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર સહવિચરણ પૃથક્કરણ |
| 8 | પી. એસ. કેશવાન | ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ, સામાજિક આર્થિક દરજ્જો અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ | **Ph.D.** 2009 | પરીયાર યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત સાંવેગિ બુદ્ધિ સંશોધનિકા, થોમસ આર્મસ્ટ્રોગરચિત બહુવિધ બુદ્ધિ સંશોધનિકા, શૈક્ષણિક સિદ્ધિ માટે ટકાવારી, ડૉ. એસ. એમ. મોહસિન દ્વારા રચિત સામાન્ય બુદ્ધિ કસોટી, સ્વરચિત વિજ્ઞાન વિષયની સિદ્ધિ કસોટી, સ્વરચિત વાંચનરૂચિ સંશોધનિકા | ટી-મૂલ્ય,સહવિચરણ પૃથકકરણ, કાઇ-વર્ગ, સહસંબંધ અને બહુચલિય સહસંબંધ |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 9 | વિભા તલવાર | ચિંતા, હતાશા, અપેક્ષાની કક્ષા અને બુદ્ધિની શૈક્ષણિક સિદ્ધિ પર અસરનો અભ્યાસ | **Ph.D.** 2009 | બુંદેલખંડ યુનિવર્સિટી, | સર્વેક્ષણ પદ્ધતિ | શ્રી મોહનચદ્ર જોષી દ્વારા રચેલ માનસિક શક્તિ જૂથ કસોટી, ગોવિંદ તિવારી અને રોમા પાલ દ્વારા તૈયાર કરેલ ચિંતા માપદંડ, ડૉ. એન.એસ. ચૌહાણ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતાશા કસોટી, અભ્યાસક દ્વારા રચિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી | ટી-મૂલ્ય,સહવિચરણ પૃથકકરણ |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 10 | અંજલી એ. બાઈત | માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક સ્તરના સંદર્ભમાં અભ્યાસ | Ph.D. 2016 | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ | મનોભાર માપદંડ, આર.એસ. પટેલ દ્વારા રચિત પ્રમાણિત સામાજિક આર્થિક સ્તર માપદંડ, શૈક્ષણિક સિદ્ધિ માટે છેલ્લા વર્ષના ગુણોની ટકાવારી. | સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂત અને શૂન્ય ઉત્કલ્પનાને ચકાસવા માટે ક્રાંતિક ગુણોત્તર અને ચતુર્થક વિચલન અને ટકાવારી |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 11 | સુહાગકુમાર એમ. પટેલ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો તેમની બુદ્ધિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ | Ph.D. 2015 | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત અને પ્રમાણિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી,દેસાઇ શાબ્દિક અશાબ્દિક બુદ્ધિ કસોટી, સંગીતા વાઘેલા રચિત સિદ્ધિપ્રેરણા કસોટી | સરાસરી, પ્રમાણ વિચલન,ચતુર્થક વિચલન, ટી-મૂલ્ય અને ટકાવારી |
| 12 | વનરાજસિંહ બિહોલા | માધ્યમિક શાળાઓના વિદ્યાથીઓની અવકાશીય તર્કશક્તિનો તેમના બુદ્ધિઆંક અને સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ | Ph.D. 2015 | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વિદ્યાર્થીઓએ પ્રથમ સત્રાંત કસોટીમાં મેળવેલ ટકાવારી, કે.જી.દેસાઇ રચિત પ્રમાણિત શાબ્દિક-અશાબ્દિક સમુહ બુદ્ધિ કસોટી, ડૉ. હરેશકુમાર બી. વાઢેલ રચિત પ્રમાણિત અવકાશીય તર્કશક્તિ કસોટી | ચતુર્થક વિચલન, સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરીની પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 13 | તેજલ ડી. પંડિત | ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ | **Ph.D. 2008** | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત અંગ્રેજી વિષયની શબ્દભંડોળ કસોટી | કકૂદતા, વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ માનાંકો ટી-સ્કોર અને પ્રતિશત પ્રાપ્તાંકો |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 14 | દેવયાની ડી. પટેલ | ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ | **Ph.D. 2008** | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત અને પ્રમાણિત શબ્દભંડોળ કસોટી | કાઈવર્ગ, આસંગ સહસંબંધ, કકૂદતા, વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ ગણતરી કરવામાં આવી હતી માનાંકો નક્કી કરવા માટે ટી-સ્કોર અને પ્રતિશત પ્રાપ્તાંકો |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 15 | કુંડલ ડી.બી. | ગુજરાતી ભાષામાં શબ્દભંડોળના વિકાસ માટેની વિવિધ અધ્યાપન યોજનાઓની અસરકારકતા | **Ph.D. 2005** | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત અને પ્રમાણિત શબ્દભંડોળ કસોટી | વિચરણ પૃથક્કરણ |
| 16 | પ્રા. આશાબેન પંડિત | ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની ગુજરાતી વિષયની શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ | **Ph.D. 2002** | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સ્વરચિત અને પ્રમાણિત ગુજરાતી ભાષાની શબ્દભંડોળ કસોટી | સરાસરી, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, ચતુર્થક વિચલન અને શતાંસ્થ ગણતરી કરવામાં આવી હતી  માનાંકો નક્કી કરવા માટે ટી-સ્કોર |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 17 | કોમલ એમ. વ્યાસ | અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ કસોટીની રચના તથા અજમાયશ | **Ph.D. 1995** | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | સિદ્ધિના માપન માટે સ્વરચિત શબ્દભંડોળ કસોટી | ટી-મૂલ્ય, |
| 18 | લીલાબેન કે પટેલ | ગુજરાત રાજ્યના નર્સિંગ શિક્ષકોના શૈક્ષણિક પ્રદર્શન અને કાર્યસિદ્ધિના સંબંધનો અભ્યાસ | **Ph.D. 1993** | ગુજરાત યુનિવર્સિટી | સર્વેક્ષણ પદ્ધતિ | , નર્સિંગ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે પંચબિંદુ ક્રમ માપદંડ અને નર્સિંગ કોલેજોમાંથી વિવિધ પરીક્ષાને લગતા ગુણ | સહસંબંધ, સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 19 | પ્રાણજીવન સી. યાહ | માધ્યમિક શાળાઓના એસ.સી. અને બિન પછાત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક મોભા વચ્ચેના સંબંધનો મનોવૈજ્ઞાનિક પરિવર્ત્યોના સંદર્ભમાં અભ્યાસ | **Ph.D. 1993** | ગુજરાત યુનિવર્સિટી | ધોરણાત્મક સર્વેક્ષણ પદ્ધતિ | શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વાર્ષિક પરીક્ષાના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યાં હતા, સામાજિક આર્થિક સ્થિતિ જાણવા માટે પટેલ અને વોરા રચિત સામાજિક-આર્થિક માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, બુદ્ધિ જાણવા માટે દેસાઇ ભટ શાબ્દિક અશાબ્દિક સમૂહ કસોટી, સિદ્ધિ પ્રેરણા જાણવા માટે મહેતા રચિત સિદ્ધિપ્રેરણા કસોટી, સ્વખ્યાલોના માપન માટે જે.એચ.શાહ રચિત સ્વસંકલ્પના કસોટી | સહસંબંધ, સરાસરી, પ્રમાણ વિચલન, ટી-મૂલ્ય અને એફ મૂલ્ય |

| ક્રમ નંબર | અભ્યાસક | શીર્ષક | પદવી અને વર્ષ | યુનિવર્સિટી/ જનર્લ્સ | સંશોધન પદ્ધતિ | સંશોધન ઉપકરણ | માહિતીનું પૃથક્કરણ |
|---|---|---|---|---|---|---|---|
| 20 | શારદાબેન એમ. ચૌહાણ | ભાવનગર શહેરના ધોરણ-૬ ના બાળકોના ભાલ શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકો પર અસર કરતા બિનબૌદ્ધિક પરિબળોની અસર તપાસવી | **Ph.D. 1978** | ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. | સંબંધાત્મક સર્વેક્ષણ | ભાલ શબ્દભંડોળ કસોટી શ્રેણી ૬ નાં બાળકો માટેનો ઉપયોગ કરેલો છે. જે. ડી. ભાલે તેમના Ph.D. ના ભાગરૂપે શ્રેણી ૬નાં બાળકો માટે એક શબ્દભંડોળ કસોટીની રચના કરી હતી. જેમાં ૧૦૦ કલમો હતી | સરાસરી, પ્રમાણવિચલન, કટોકટી ગુણોત્તર, તફાવતની સાર્થકતા, કાઈ વર્ગ |

આમ, સારણી-2.1માં  દર્શાવ્યા અનુસાર પૂર્વે થયેલાં સંશોધનો પૈકી,

- ત્રણ (03) સંશોધનો વિદેશમાં હાથ ધરવામાં આવ્યા હતાં જેમાં એક અભ્યાસ યુનિવર્સિટી ઓફ લોવા, એક અભ્યાસ યુનિવર્સિટી ઓફ હોલ, ઈંગ્લેન્ડ અને એક અભ્યાસ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, મલેશિયામાં હાથ ધરવામાં આવ્યો હતો.
- કુલ 20 સંશોધનો પૈકી 06 સંશોધનો ભારતમાં ગુજરાત સિવાયનાં રાજ્યોમાં હાથ ધરવામાં આવ્યાં હતાં જે સંશોધનો મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી, રોહતક, ચરણસિંહ યુનિવર્સિટી, મેરઠ, મહાત્મા ગાંધી યુનિવર્સિટી, પંજાબ વિશ્વવિદ્યાલય, પરીયાર યુનિવર્સિટી અને  બુંદેલખંડ યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવ્યાં હતાં.
- જ્યારે 11 સંશોધનો ગુજરાત રાજ્યમાં હાથ ધરવામાં આવ્યાં હતાં જે પૈકી 10 પીએચ.ડી. કક્ષાએ હાથ ધરવામાં આવ્યાં હતાં અને એક સંશોધન એમ.એડ્. કક્ષાએ હાથ ધરવામાં આવ્યાં હતાં. ગુજરાત રાજ્યનાં કુલ 11 સંશોધનો પૈકી 09 સંશોધનો ગુજરાત યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવ્યાં હતાં જ્યારે 01 સંશોધન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને 01 સંશોધન ભાવનગર યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવ્યું હતું.
- પૂર્વે થયેલાં સંશોધનોમાં એક સંશોધન પ્રાયોગિક પદ્ધતિ દ્વારા જ્યારે બાકીના  તમામ સંશોધનો સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતાં
- પૂર્વે થયેલા સંશોધનો વર્ષ 2016 થી વર્ષ 1978 સુધીના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવ્યા હતાં.

## 2.□.□ પ્રસ્તુત અભ્યાસનું ઔચિત્ય

સંશોધકે સંશોધન કાર્યની સજજતા માટે પૂર્વે થયેલાં સંશોધનોના અભ્યાસને આધારે સંશોધકને પોતાનું સંશોધન કાર્ય નીચેની બાબતમાં વિશિષ્ટ જણાયું હતુ.

- ❖ પૂર્વે થયેલાં સંશોધનોમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની વિદ્યાર્થીઓની અંગ્રેજીવિષયની સિદ્ધિ, શબ્દભંડોળ અને અભ્યાસટેવોના સંબંધના સંદર્ભમાં એક પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો નથી તેથી પ્રસ્તુત અભ્યાસ પૂર્વે થયેલાં સંશોધન કરતાં અલગ પડે છે જે પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા છે.
- ❖ પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ જાણવા માટે પ્રમાણિત સંશોધન ઉપકરણોનો ઉપયોગ કરે છે જે પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા છે.
- ❖ મધ્ય ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પર આ પ્રકારનું સંશોધન પૂર્વે થયેલ નથી જેથી પ્રસ્તુત અભ્યાસ પૂર્વે થયેલાં અભ્યાસ કરતા અલગ છે.
- ❖ આમ, પ્રસ્તુત અભ્યાસ વિસ્તાર,ચલ, ઉપકરણ અને સમયની દૃષ્ટિએ પૂર્વે થયેલાં અભ્યાસો કરતાં અલગ પડે છે જે પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા છે.

## 2.□.□ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસને લગતી સૈદ્ધાંતિક માહિતીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસ સાથે સંબંધિત સૈદ્ધાંતિક વિગતો, સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળનો અર્થ, સંકલ્પના અને સૈદ્ધાંતિક માહિતી વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોની સમીક્ષા અંગેની રજૂઆત કરવામાં આવેલ છે.

# અંત્યનોંધ


1. S. P. Sukhia and Others (1974). ***Elements of Educational Research. (third Revised Edition).*** New Delhi; Allied Publishers Pvt. Ltd., P.101.
2. હરિશંકર સિંઘ અને જીજ્ઞા પી. પુરાણી (2012). ***માર્ગદર્શન અને સલાહ(પ્રથમ આવૃત્તિ),*** અગ્રવાલ પ્રકાશન : આગ્રા, પાનાં નંબર 244.
3. એજન, પાનાં નંબર 244.
4. Jiri Karmasky (1969). ***The Word as a Linuistic Unit.*** The Hugue : Mouton P.03.
5. Niti Paul Maheta (1971).***Hindustan Times,*** New Delhi Edition, P.03.
6. Jhon Lyons (1977). ***Semantics Vol. I and II.*** London : CUP P.79.
7. Jhon Lyons (1968). ***Introduction to Theoritical Linguistics.*** Great Britain : CUP, P.168.
8. N. G. Komaldev (1976)Components of the Constant Structure of words**,** The Hangue Mouton, P.89.
9. Longman (1985). ***Longman Dictionary of the English Language,*** England : Longman Group Ltd. P.1002.
10. David B. Garalnik (1968). ***Webster's New Word Dictionary (Second Edition),***New York : World Publishing, P.1590.
11. H. W. Fowler and F. G. Fowler (1969). ***The Concise Oxford Dictionary,*** Oxford : The Clarendon Press P.1457.
12. Spring Field Massachasetts (1986). ***Webster's Third New International Dictionary,*** Unbridged : USA merrian – Webster Inc. P.2560.
13. Harder Bahri (1985). ***Definational Dictionary of Linguistic Terms,*** New Delhi : National Publishing House P.220.
14. Merio Pei and Frank Gaynor (1954). ***Dictionary of Linguistics,*** New York : Philosophical Library P.228.
15. Henry Cecil Wyld (1989). ***The Universal Dictionary of the English Language,*** Hert Fordshire : Eric Partirdge Wordsworth Publication P.1367.

16. Elizabeth B. Hurlock (1972). ***Child Development,*** Tokyo : MacGrahill Kogakasha Ltd. P.89.
17. D Child (1973). ***Psychology and Teacher,*** London : Holt Rinehard Winston P.119.
18. D. Macarthy (1968). ***Language Develpoment in Children in Manual of Child Psuchology,*** New Delhi : Wiley Estern Private Ltd. P.492-630.
19. લા શાન કેટરીસ બેકન (**2011**). **શહેરથી ગામડાની શાળાઓમાં જતાં અમેરીકન વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને શૈક્ષણિક સ્વખ્યાલનો અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ, યુનિવર્સિટી ઓફ લોવા : યુનાઈટેડ સ્ટેટ.
20. અબ્દુલકાદર અલ-હુસેન (**2009**). **યુનાઈટેડ અરબ અમિરાતના ધોરણ-12મા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના સામાન્ય અને શૈક્ષણિક સ્વસંકલ્પનાનો શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક-આર્થિક દરજ્જો, બુદ્ધિ અને જાતિના સંદર્ભમાં અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ, યુનિવર્સિટી ઓફ હોલ : ઈગ્લેન્ડ.
21. પ્રપાસ પાજીયાંગ (**2009**). **કોલેજની પ્રવૃતિઓમાં ભાગ લેતાં અને ભાગ ન લેતાં વિદ્યાર્થીઓમાં સિદ્ધિપ્રેરણા, અનુકૂલન અને આત્મવિશ્વાસનો અભ્યાસ,**(અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ યુનિવર્સિટી : મલેશિયા.
22. જિતેન્દ્ર ધુલ (**2012**).**હરિયાણાની સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ-10ના વિદ્યાર્થીઓની બુદ્ધિ, શૈક્ષણિક ચિંતા અને રસનો વિજ્ઞાન વિષયની સિદ્ધિનાં સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી : રોહતક.
23. રાકેશકુમાર શર્મા (**2012**). **શૈક્ષણિક સિદ્ધિ, બુદ્ધિ અને આર્ટસની પર્સનાલિટીના સંદર્ભમાં બ્લડ ગ્રૂપોનો તુલનાત્મક અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ચરણસિંહ યુનિવર્સિટી : મેરઠ.

24.શિવપ્રસાદ કે. (2012). **ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં બાયોલોજીમાં શૈક્ષણિક સિદ્ધિ પર સિદ્ધિ પ્રેરણાના પસંદગીના એકબીજા સાથે સંકળાયેલા ઘટકોની અસર,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), મહાત્મા ગાંધી યુનિવર્સિટી : કેરાલા.

25.હીરા સિંઘ (2012). **શાળાઓના બાળકોની પરિક્ષા ચિંતાનો બુદ્ધિ, વ્યક્તિત્વ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), પંજાબ વિશ્વવિદ્યાલય : પટીયાલા.

26.પી. એસ. કેશવાન (2009). **ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ, સામાજિક આર્થિક દરજ્જો અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), પેરીયાર યુનિવર્સિટી : તમિલનાડું

27.વિભા તલવાર (2009). **ચિંતા, હતાશા, અપેક્ષાની કક્ષા અને બુદ્ધિની શૈક્ષણિક સિદ્ધિ પર અસરનો અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), બુંદેલખંડ યુનિવર્સિટી : ઝાંસી

28.અંજલી એ. બાઈત (2016). **માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના મનોભારનો તેમની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક સ્તરના સંદર્ભમાં અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

29.સુહાગકુમાર એમ. પટેલ (2015). **ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો તેમની બુદ્ધિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

30.વનરાજસિંહ બિહોલા (2015). **માધ્યમિક શાળાઓના વિદ્યાથીઓની અવકાશીય તર્કશક્તિનો તેમના બુદ્ધિઆંક અને સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

31.તેજલ ડી. પંડીત (**2008**). **ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

32.દેવયાની ડી. પટેલ (**2008**). **ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

33.આશાબેન પંડિત (**2002**). **ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટેની ગુજરાતી વિષયની શબ્દભંડોળ કસોટીની રચના અને પ્રમાણીકરણ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

34.કુંડલ ડી. બી., (2005) ; **ગુજરાતી ભાષામાં શબ્દભંડોળના વિકાસ માટેની વિવિધ અધ્યાપન યોજનાઓની અસરકારકતા,** (રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - અપ્રકાશિત પીએચ.ડી., શોધ નિબંધ).

35.કોમલ એમ. વ્યાસ (1995); **અમદાવાદ શહેરની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ કસોટીની રચના તથા અજમાયશ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી.

36.લીલાબેન કે. પટેલ (**1993**). **ગુજરાત રાજ્યના નર્સિંગ શિક્ષકોના શૈક્ષણિક પ્રદર્શન અને કાર્યસિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

37.પ્રાણજીવન સી. શાહ (**1993**). **માધ્યમિક શાળાઓના એસ.સી. અને બિનપછાત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અને સામાજિક આર્થિક મોભા વચ્ચેના સંબંધનો અભ્યાસ** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ગુજરાત યુનિવર્સિટી : અમદાવાદ.

38.શારદાબેન એમ.ચૌહાણ (1978); **ભાવનગર શહેરના ધોરણ-6 ના બાળકોના ભાલ શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકો પર અસર કરતા બિનબૌદ્ધિક પરિબળોની અસર તપાસવી,** (અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ), ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી .